

નિશાન : (અન્વરઅલી હેમાણી)
હરીફાઈમાં પહેલું ઈનામ જીતનાર ચિત્ર



કુમાર

સંસ્થાપક રવિશંકર રાવળ · તંત્રી બચુભાઈ રાવત

૨૬૮ આવતી કાલનાં નાગરિકો ઘડતું આજનાં ઘરોનું માનીતું માસિક · વર્ષ ૨૩મું · અંક ૪થો · એપ્રિલ ૧૯૪૬



રેતીનાં દહેરાં

ચિત્રકાર : રસિકલાલ પરીખ

કુમાર

એપ્રિલ ૧૯૪૬

અંક ૨૬૮

ગ્રાહકોને

કોઈ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે નિયમિત બહાર પડે છે. એટલે તે અરસામાં અંક ન મળે તો તરત એકાદ અઠવાડિયામાં તેની ફરિયાદ કરવી. બધા અંકો બે વખત ચેક કરીને ખૂબ તકેદારીપૂર્વક પોસ્ટ કરવામાં આવે છે; છતાં અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે હમેશાં પ્રયત્ન કરીએ છીએ. પરંતુ એવા ગુમ થએલા કોઈ પણ અંકો ભરપાઇ કરી આપવાનું કાયદેસરનું કશું બંધન અમારે માથે રહેતું નથી તેની ગ્રાહકોએ કૃપા કરી નોંધ લેવી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત, મુદ્રણ-પ્રકાશનસ્થાન કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર અમદાવાદ. વાર્ષિક લવાજમ રૂ. ૬; પરદેશમાં રૂ. ૭ ૮-૦ અથવા ૧૨ શિલિંગ. છુટક નકલના દસ આના. પાછલા વર્ષના અંકો અપ્રાપ્ય છે. જે કાંઈ દુષ્પ્રાપ્ય અંકો મળે છે તે દરેકની કિં. ૧-૪-૦.

જાહેર ખબરના સોલ એજન્ટ: મેસર્સ સાયન્ટિફિક પબ્લિસિટિ બ્યૂરો, મહેતા બિલ્ડિંગ, મેડોઝ સ્ટ્રીટ, મુંબાઇ-૧; અમદાવાદમાં મૉડેલ ટૉકીઝ સામે, ગાંધીરોડ.



આપણી ગરીબાઇ: માણસની પ્રાથમિક જરૂરિયાત બે : ખોરાક અને કાપડ, પણ એ બંનેમાં આપણે ત્યાં કેટલી તંગી છે તે ઉપરના આલેખમાં દર્શાવ્યું છે. કાપડની માણસ દીઠ સામાન્ય જરૂરિયાત ૩૦ વારની હોય છે, જ્યારે આપણા દેશમાં જણ દીઠ ૧૬ વાર જ ભાગે આવે છે. એનો અર્થ એ થયો કે આપણે પૂરતું કાપડ વાપરવાનો વિચાર કરીએ તો દર બીજો માણસ કાપડ વિનાનો રહે. નીચેના આલેખમાં ખોરાકના ચાર પ્રકાર દર્શાવીને, તે તે પ્રકારનો ખોરાક ઉત્પન્ન કરવા જણ દીઠ કેટલા એકર જમીન જોઇએ તેના જથ્થા દર્શાવ્યા છે. તે મુજબ હલકામાં હલકું પોષણ આપતો ગરીબ ખોરાક પણ જો દરેક માણસ ને પહોંચાડવો હોય તો જણ દીઠ ૧.૨ એકર જમીન જોઇએ, જ્યારે આપણે ત્યાં જણ દીઠ ૦.૭૨ એકર ફાળે આવે છે. આ હિસાબે જોતાં, આપણે ઉત્તમ ખોરાક ખાતા હોઇએ છીએ ત્યારે આપણા કોઇક ભાઈઓ ભૂખે મરતા હોય છે. (ચી. ન. વિદ્યાવિહારના સૌજન્યથી)

મુમતાઝ

· પૃથ્વી ·


મુખે દિવસરાત એક તુજ નામ, મુમતાઝ હે!
હવે મગજમાં ન યાદ પણ કાંઈ બીજી રહે.
જુવાની ગઇ ક્યારની ય, વસમા બુઢાપા ઢળ્યા;
હતાં સ્વજન, એક એક કરતાં બધાં યે પળ્યાં;
ન તખ્ત રહ્યું, બાદશાહ અહીં બંદિખાને પડ્યો.
મને ફકત આશરો તુજનું નામ. સ્વપ્ને મઢ્યો
પણે દિવસરાત તાજ મુજ દોસ્ત ધીરે કહેઃ
'અહીં તુજનું સર્વ!' સત્ય મુમતાઝ, મુમતાઝ હે!

અહો મુજનું સર્વ તું હતી, હતી જ દિલખેલતી.
ઢળી નુરજહાંની સાંજ, તહીં પૂર્ણિમા તું હતી.
હતી અમૃતહોજ, મૂઠ સમશેરની તું હતી
લડાઇમયદાનમાં; સિંહણ શી રહી સ્હેલતી
સદાય મુજ સંગ, ને શિબિરમાં જ ક્યાં આખરે
મને બદનફૂલ ભેટ તુજ અર્પવામાં અરે,
થયો ઉજડ બાગ ખૂદ! દમ જીવ આ શે લહે?
કરી ઉજડ જિન્દગી ચલી ગઇ જ મુમતાઝ હે!

કરી ઉજડ જિન્દગી? પછીથી લ ગવાની હતી
–બચી ગઈ તું દેખવાથી–અહ આગ પ્રજવાળતી
તિમૂરવડલાની ભવ્ય વડવાઇ એકેક હા!
સપૂત તુજ ચારમાંહીં ખુનરેજી જાગી મહા.
શહીદ રુહધર્મનો અદલ એક દારા થયો,
શુજા વનમહીં શમ્યો ક્યહીં મુરાદ માર્યો ગયો!
ન આલમગિરે રહે સુખથી આ કલેજૂં દહે
પસારી બદબૂ સમા જુલમ ઘોર, મુમતાઝ હે!

જરી ય બદબૂ અરે ચમનફૂલ તારાં થકી
કહે મુલક કે જહાંમહીં શી રીત ફેલી શકી?
અજોડ મુજ બાગ તું, હું ય અજોડ માળી હતો!
ગુલો પ્રગટિયાં, થઇ પ્રગટ કેમ ખુશ્બૂ ન તો?
જહાંગિર પિતા થકી જરીક બેવફા હું થયો,
મળ્યો જ બદલો,–ભલે વખત કેદખાને ગયો;
તવારિખ વિષે અધન્ય પળ્ ભાઇ ભાઈ ગ્રહે
પરસ્પરની જાન! જાય સહ્યું કેમ મુમતાઝ હે!
સહ્યું બહુ ય ને રહ્યું કંઈક તે ય લેશું સહી,
હવે બદનસીબ જિન્દગી હશે ન ઝાઝી રહી.
બિચારી અરધી થઈ ગઈ જહાનઆરા ય તે,
કરે જ ઉઠવેઠ; એક બસ ધૂનઃ રૂડી ગતે
મળે કબર સાદગીભર જમીનની ઘાસ ને
ફુલો પણ ઉછેરતી. મુજની તો પ્રિયા તું કને
જગા નિરમી છે જ તે ચિઘત તાજ બોલી રહેઃ
'અહીં જ તકદીર તારૂં!' મુમતાઝ, મુમતાઝ હે!

મહાન તકદીર! બેય તહીં જોડમાં પોઢશું,
અને કબર સંગમર્મરની બેય શાં ઓઢશું!
કયામતદિને હશે પણ મનેતને ભાર એ
ઇમારતતણો, ફગાવી શકશું જ આથાર એ



અરે કયમ કરી ? પરાઈ, પ્રિય, રૂપની ચાદર
લઈ જ અપનાવી આપણુ સૂશું, ખુદાનો ડર
ન રાખી જરી ! મેં કર્યું ખરચ દ્રવ્ય, રે એ સહે
ઢળ્યું ન દિલ મારૂં, કોકનું ઢળ્યું જ મુમતાઝ હે !

ઢળ્યું દિલ, શિલાશિલા મહીં; મહાલ ચણનારનું.
થયું પ્રગટ સ્વપ્ન એ હૃમદ–મહાનમેમારનું.
કશું સ્વપન! આત્મસૌરભભર્યું શિલાપુષ્પ આ!
થિજયું મરણશૈત્યમાં વિધુરું પ્રીતિનું બાષ્પ આ!
ઝમ્યું અમર મૃત્યુગીત, નયનો થકી શ્રાવ્ય આ!
સુહાગી યમુનાતટે હૃદયનું મહાકાવ્ય આ !
શિલાકવિનું સર્વ એ, નૃપનું લોક છોને લહે;
હતું હૃદય એનું, સાધન જ મારૂં, મુમતાઝ હે !

પુરાઇ પ્રિય ! અન્યની હૃદયલક્ષ્મીનાં તું પડે !
અરે મુજનું મોતી તે અવરને પડયું દાબડે ?
શિલાકવિ કરી ગયો નિજનું સ્વપ્ન અસ્પૃશ્ય ને
સલામત, થયું જ પાક તુજ પોઢવાથી; અને
ભલે વચન પાળ્યું, મેં ન તુજ કાજ કાંઇ કર્યું.
અરે બદન તારૂં રૂપભર બંદિખાને ઠર્યું !
કયામત લગી ભલે વસશું અન્ય-હૈયાગૃહે,
રટી રટી રચીશ તાજ, મુમતાઝ ! મુમતાઝ હે !

ઉમાશંકર જોષી

શ્રમમહિમા

થાઓ નષ્ટ નસીબ, લુપ્ત સઘળા થાઓ અકસ્માત, ને
સીમાઓ દૃઢ થાવ ના નિયત સૌ ઉત્કર્ષની, પ્રાપ્તિઓ
સિદ્ધિઓ શ્રમથી જ હો પરિણુતા, આયુ શ્રમે સુંદર,
ને આનંદ હજો બધા શ્રમીણને સંધ્યા પરિક્લાન્તિમાં.

ઉશનસ્

પ્રવાસ–મંજરી (અનુસંધાન આગળ પાન ૮૮થી)

યોજના ઘડાતાં હતાં. પરંતુ જ્યારે કેટલાકે ધ્યાન ખેંચ્યું કે આ પરિષદમાં આવેલા પ્રતિનિધિઓ ખાસ આમંત્રણથી આવેલા વ્યક્તિગત પ્રતિનિધિત્વવાળા હતા એટલે પ્રાંતીય જવાબદારી કે પ્રાંતીય પ્રતિનિધિત્વવાળી આ પરિષદ ગણાય નહિ, ત્યારે પછી એવો ઠરાવ કરવામાં આવ્યો કે નવી યોજનાઓ સંબંધે પૂરી માહિતી પ્રાંતોની સંસ્થાઓને મોકલવી, અને તેઓ પોતાના પ્રતિનિધિઓ મોકલે તેમની પરિષદમાં તે ઠરાવો મંજૂર કરાવ્યા બાદ અખિલ ભારતીય કલા સંસ્થા તરીકે દિલ્હીનું મંડળ રૂપાંતર પામે.


પરિષદમાં કેટલીક નામાંકિત વ્યક્તિઓ જેમ હતી, તેમ કેટલીક વ્યક્તિઓની ગેરહાજરી પણ ઊણપ બતાવતી હતી. યુક્ત પ્રાંતોના પ્રતિનિધિઓ બહુ જૂજ હતા. મુંબાઈનું નામ સાચવવા શ્રી કેળકર અને શ્રી મનુભાઈ ઠાકર આવેલા હતા. બેચાર પ્રતિનિધિઓ લાહોરના હતા. તેમણે પરિષદના કાર્યમાં ઠીક રસ લીધો હતો, અને છેવટે આવતા વર્ષ માટે પરિષદને લાહોર માટે આમંત્રણ પણ આપ્યું (ચાલુ)

પહેલાં કોઇને બીજે ગામ જવાનું હોય ત્યારે [illegible]ક પ્રકારનો ઉલ્લાસ ને નવી તાઝગીની આશા ઉભરાતી; પણ આજકાલ રેલ્વેને પ્રવાસ એક અનિવાર્ય આફત લાગે છે. સ્ટેશને પહોચવું, ટિકિટ મેળવવી, મજૂર સાથે સમ ધાની રાખવી અને ડબામાં પેસવાની પેરવી સફળ ઉતારવી. એટલાથી પાર આવતો હોત તો નિરાંત; પણ પછી ઊતરવાનું સ્ટેશન આવે ત્યાં સુધી બેસવાનું સદ્ભાગ્ય મળે તો હાશ કહેતા જઇએ, અને છેવટે, મુકામના સ્ટેશને પહોંચી ડબામાંથી બહાર નીકળતી વખતે ગાડી ઊપડયા પહેલાં સામાનનાં પોટલાં દાગીના ગણત્રીબંધ સલામત કાઢી શકીએ એ પણ સદ્ભાગ્ય. એ બધી પરંપરા જીવને વલોવી નાખે એવી હોય છે. અજાણ્યા સ્ટેશને ઊતરતાં જો કોઈ જાણીતું સામે આવ્યું હોય તો ઠીક, નહિ તો બીજા પ્રાંતમાં મજૂરો ને ટાંગાવાળાની માથાકૂટ તથા રસ્તાની પૂછપરછ કરતાં મુકામ પર પહોંચતાં બુદ્ધિ, ધીરજ, ઠાવકાઈ અને અને શાંતિને ખુરદો થઇ ચક્કર આવવા લાગે. સાથે ખિસ્સું પણ ખૂબ હળવું થ[illegible]લું લાગે !

કળાપરિષદનું નોતરૂં

આવા સંજોગામાં દિલ્હીની 'આર્ટ્સ ઍન્ડ ક્રાફ્ટ્સ સોસાયટી'એ 'આંતરરાષ્ટ્રીય પ્રદર્શન' અને 'સમસ્ત ભારત કલાકાર પરિષદ' ભરવાને ઠરાવ કરી પ્રાંતપ્રાંતના ગણત્રીબંધ કલાકારોને ચિત્રો મોકલવા અને પરિષદમાં આવવા નોતરાં મોકલ્યાં. એ આમંત્રણમાં ગર્ભિત સૂચન એ પણ જણાતું હતું કે 'અખિલ હિંદ કલાકેન્દ્ર' સ્થાપવાની પણ કોઈ તૈયારી થઇ રહી છે. અને દિલ્હીના ઉપર્યુક્ત કલામંડળે પાટનગરમાં મળતા રાજવીઓ અને અમલદારોનું પીઠબળ મેળવીને તે માટે મોટી રકમ પણ ભેગી કરી હતી.

દિલ્હી ખાતેના ગુજરાતના દિક્પાળ જેવા ભાઈ યશવંત પંડ્યા અનેક વર્ષોથી ત્યાં ગુજરાતનો ધ્વજ સાચવી રહ્યા છે; અને ઉપર્યુક્ત મંડળની કારોબારી સભામાં રહી ગુજરાતના બેત્રણ કલાકારોને તેમણે આમંત્રણો લખાવ્યાં તેમાં મારૂં નામ પણ હતું. સાથે તેમણે મને ભલામણ લખી હતી કે આ પ્રસંગે જાતે જરૂર આવવું; કેમકે નવી હીલચાલમાં પ્રથમથી માહિતી અને સહકાર રાખવાની જરૂર છે. તુરતાતુરત નીકળવાની યોજના કરી અને મુસાફરીની વિટંબણાઓ પાર કરીને પણ ગુજરાતનો અંકડો મુકાવવા તૈયારી કરી. સાથે કુટુંબનાં બે માણસો પણ તૈયાર થઈ ગયાં. એ જ વખતે ભાઈ પંડ્યા પણ ગુજરાતમાં આવેલા, એટલે તેમના જ સાથમાં દિલ્હી તરફ પ્રયાણ કર્યું. મહેસાણાથી ભાઈ સોમાલાલ શાહ તથા તેમની સાથેના યુવાન કલાકાર કનુભ ઈ જેડાઈ ગયા. ભાવનગર રાજ્યે તેમને રાજ્યના પ્રતિનિધિ ઠરાવી મોકલ્યા હતા. આથી રાજ્ય કલા કે કલાકાર માટે કંઇક વિચારે છે એમ માનવું ! દિલ્હી ગયા પછી ખબર પડી કે નામ૦ વાઈસરૉયના એક સ્વજન જેવા ગૃહસ્થ આ અવસરમાં ભાગ લઈ રહ્યા છે તેથી જ આટલા બધા રાજાઓ, દીવાનો ને અમલદારો કળાનો સમુદ્ધાર (!) કરવા પ્રેરાયા જણાય છે.



પ્રમુખ સાહેબ
પ્રદર્શન વખતે

પ્રદર્શનનું ઉદ્ઘાટન

માર્ચની પહેલી તારીખની સાંજે અનેક રસ્તા વટાવતા ન્યૂ દિલ્હીના લશ્કરી લત્તામાં આવેલા એક મકાન આગળ પહોંચ્યા. ના. વાઈસરૉય પધારવાના હોવાથી કેવો યે ઠાઠમાઠ જામ્યો હશે એવી કલ્પના હતી. પણ એ

પ્રવાસ-મંજરી

એક વધુ સંસ્કારયાત્રા


લેખક · રવિશંકર રાવળ



લલિતમોહન સેન (લખનૌ)

ખાલી ગઈ. પ્રદર્શનહૉલની પાછળની ખાલી જગ્યામાં એક શમિયાનો બાંધેલો હતો. ખુરશીઓ કે મુખ્ય મંચ કે રૉયલ ચેર કશું જ મૂકેલું નહોતું. લાઇટ પણ એક જ હતી.

અમે પહોંચ્યા ત્યારે યુરોપી પોષાકમાં કેટલાક કલાકારો અને અમલદારો ફરતા હતા. જૂજ ને નજરે તરી આવે એટલા જ જણ પોતાના પ્રાંતીય પોષાકમાં હતા. અહીં ઘણા જૂના મિત્રોનાં વર્ષો પછી દર્શન થયાં. પરિષદના થનાર પ્રમુખ શ્રી દેવીપ્રસાદ રાયચૌધરી સાફો બાંધી દિલ્હીશાહી અચકન સુરવાલ સાથે પોતાના પહેલવાની શરીરથી એકદમ નજરે ઝડપાયા. પરસ્પર ઓળખ્યા. ત્યાં પાસે જ કલકત્તા કલાશાળાના નિવૃત્ત વાઈસ પ્રિન્સિપલ શ્રી જે. પી. ગાંગુલીને ૭૦ વર્ષે પણ ગુલાબી તંદુરસ્તીમાં જોયા. લખનૌ કલાશાળાના પ્રિન્સિપલ લલિતમોહન સેન સાવ સાદા મુસાફર જેવા, ગળામાં કૅમેરા લઈ ફરતા હતા. લાહોરના મિ. સન્યાલ, મુંબાઇથી આવેલા મનુભાઈ ઠાકર ને દક્ષિણ ભારતના શ્રી વ્યંકટચલમ્ મળ્યા. તેમનાં મિત્રમંડળોમાં પરિચય થયો, અને છ વાગતાં સુધીમાં શમિયાનો ભરાઈ ગયો. એટલામાં પ્રવેશમાર્ગની ગલીમાંથી વાઇસરૉયના હાઉસ સુપરિન્ટેન્ડેન્ટ મિ. ઍન્ટરસન, બીજા એ. ડી. સી. અને દિલ્હી કલામંડળના પ્રમુખ, ઉપપ્રમુખ વગેરે નાઠ વાઇસરૉયની પ છળ ચાલતા શમિયાના વચ્ચે વચ આવી ઊભા રહ્યા, એટલે ઓવાંઓમાં જ મંત્રીએ સ્વાગત વાક્યો વાંચ્યાં અને તેમાં એક કલાકેન્દ્ર અને ચિત્રાલયની



માગણી મૂકી. વાઈસરૉયનો જવાબ ટૂંકો જ હતો. સરકારી તંત્ર મારફત કંઇ યોજના થવાની છે, તે માટે હિંદના બધા પ્રાંતના કલાકારો ભેગા થાય અને આ પ્રસંગ સફળ થાય, એવું કહીને પ્રદર્શન ખુલ્લું જાહેર કરી અંદરના ખંડો જોવા ગયા. આગંતુકો પણ સગવડ મળી તેમ જોવા લાગ્યા. એમાં કોઇ ઠેકાણે વાઇસરૉયની નજીક જવાને કે તે ખંડમાં જવાને પહેરો કે રોકાણ નહોતું. આપણા દેશમાં કોઇ રાજા કે અમલદાર આવી ક્રિયા કરતા હોય તો બહાર રોકાણ થાય ને ભીંસ ભીંસ રહે. આ પ્રસંગે મને વડોદરાના ગયા સાહિત્ય સંમેલનના પ્રદર્શન સમયના બનાવો સહેજે યાદ આવી જાય છે.

પ્રદર્શન કેવું હતું

પ્રદર્શન માટે ચિત્રો માગતું અપેક્ષાપત્ર (પ્રૉસ્પેક્ટસ) જોતાં લાગતું હતું કે આટલાં ઇનામો, અને બીજી ઘણી પ્રચારક્રિયાઓને કારણે આ પ્રદર્શન કંઇક નવીન આકર્ષણ ધારણ કરશે, દેશની સમકાલીન કળાકૃતિઓ પ્રત્યક્ષ જોવાની આ પહેલી તકનો લાભ લેવા ઘણા કલાકારો ત્યાં ઊતરી પડશે અને તેમના સંપર્કનો ને અનુભવોનો લાભ પામી શકાશે. વળી સાંભળેલું કે આવેલાં ૨૦૦૦ જેટલાં ચિત્રોમાંથી માત્ર ૩૫૦ જેટલાં ચિત્રો જ પ્રદર્શન માટે પસંદ કરવામાં આવ્યાં છે, ત્યારે તો રજૂ



સ્વ. આલેખન

થએલી કૃતિઓ જરૂર ચુનંદા પ્રકારની હશે એમ કલ્પના થઇ. પણ જ્યારે પ્રદર્શનના મુખ્ય મોટા ખંડ પર નજર કરવાની તક આવી ત્યારે એવી મુગ્ધ કરનારી કોઈ અદ્વિતીય કલાકૃતિ એક ભાવના જ બની ગઇ જોયું તો પરદેશના બહુ જાણીતા કલાકારોમાંથી એકએનાં જ નામ નજર ખેંચતાં હતાં અને તેમની કૃતિઓ પણ બહુ જ સાદા પ્રકારની હતી. દાખલા તરીકે ફ્રૅંક બ્રૅંગ્વિન જે આજના પશ્ચિમી ચિત્રજગતના એક પીઢ કલાકાર નેતા છે તેનાં થોડાં ઇચિંગ (કોતરેલી પ્લેટ પરથી છાપેલાં શાહી ચિત્રો) જ હતાં. અલબત્ત, એ છાપો પણ તેમના નામને જેબ આપે એવી હતી, પરંતુ એનો ખ્યાલ તો અસંખ્ય સામયિકો વગેરેમાં પ્રકટ થતી છાપોથી પણ મળી શકે. એટલે તેમના અને એવા બીજા મહાન કલાકારોના હાથે સીધાં બનેલાં ચિત્રો જોવાનો ઉમંગ મરી ગયો. બીજાં પાંચ સાત નવાં નામો હતાં અને તેમનો પરિચય એક મોટા કૅટલૉગમાં છપાયો હતો. કૅટલૉગ મોટું બતાવવા મોટાં બીબાંથી નામો ને ચિત્રોની યાદી છાપી તેને વિસ્તાર્યું હતું. અંદર એ ચ ૨ પાનાં રંગીન ને કાળાં ચિત્રોનાં હતાં, તેમાં પણ સ્થાનિક પ્રતિનિધિઓનાં ચિત્રો વિશેષ હતાં. આમ, પ્રદર્શન આંતરરાષ્ટ્રીય ચિત્રકળાનું પ્રતિનિધિરૂપ પામી શક્યું નહિ. મોટા ખંડમાં તો યુરોપી ચિત્રો ખૂબ છુટ્ટાં અને થોડાં ગોઠવ્યાં હતાં. પ્રકાશની યોજના પણ તેને માટે સરસ હતી, એટલું કબૂલ કરવું પડશે. પણ પછીના ખંડમાં હિંદી વલણનાં ચિત્રો ભરચક પાગે ગોઠવાઈ ગયાં હતાં. નાના, મોટા, સાદા કે સભર પ્રકાર માટે કોઈ યોજના નહોતી દેખાતી. મુંબઈના મોટા કૅનવાસો એક ૧૦×૧૨ના નાના રૂમમાં જુદે જ ખૂણે હતા, અને કૉમર્શિયલ આર્ટ (વ્યાપારલક્ષી કળા) માટે પણ એટલો જ ખંડ હતો. તેમાંયે મોકલેલી હરીફાઈઓ બહુ જૂજ પ્રમાણમાં હતી. લાગ્યું કે આ કળાનો વિકાસ અને પ્રચાર મુંબાઈ કે કલકત્તામાં છે તેના પ્રમાણમાં દિલ્હીમાં કશું જ રજૂ થયું નથી. ઉદ્યોગકારીગરી ને શિલ્પ (ક્રાફ્ટ્સ ને સ્કલ્પ્ચર) તો બંને એક સાથે જ, એક નાના ઓરડામાં ભેગાં ખડકી દેવામાં આવ્યાં હતાં. શિલ્પના ત્રણચાર નમૂના જેમતેમ માગીને મેળવ્યા હોય એમ લાગતું હતું અને હસ્તકળા તો એક મજાક રૂપ જ બની હતી.



કલાપરિષદના મંત્રીઓ

છતાં, સમગ્ર દૃષ્ટિએ કહેવું જોઈએ કે ખૂણે ખૂણે



એક કલાકાર પ્રદર્શનમાં એક ઘરાકને સમજાવતા હતા : 'આ ચિત્રોની ટેકનીક શીખવ મેં હજારો રૂપિયા ખર્ચી નાખ્યા છે!'

કેટલાક ધ્યાન માત્ર નમૂના આવી ગયા હતા. શ્રી અવનીન્દ્રનાથ ટાગોર, શ્રી નંદલાલ બોઝ વગેરેએ આ સમારંભમાં સીધો ભાગ તો નહોતો લીધો, છતાં તેમના તથા સ્વ. ગગનેન્દ્રનાથ ટાગોર વગેરેના જૂજ નમૂના આવ્યા હતા. હિંદમાં કામ કરતા કેટલાક યુરોપી કલાકારોના નમૂનાની બીલકુલ ગેરહાજરી હતી, અથવા રજૂ થયા નહોતા સર્વત્ર ચિત્ર પરીક્ષકોના ધોરણ ઉપર ચર્ચા થતી હતી, અને બાકી રાખેલાં ચિત્રો જેમણે જોયાં હતાં તેમનું કહેવું હતું કે રજૂ થએલાં કેટલાંક ચિત્રો કરતાં વધારે ચડિયાતાં તેમાં હતાં. પણ એ તો બધે જ બનવાનું કે એક પ્રાંતની રુચિ બીજા પ્રાંતને અનુકૂળ ન જ થાય. છતાં કળાના સર્વમાન્ય ધોરણે જોતાં યે આ પ્રદર્શન મુંબાઈ–કલકત્તાનાં પ્રદર્શનો સાથે ઊભું રહે એવું ન લાગ્યું. તસ્વીરકલા (પોર્ટ્રેટ)માં તો ઇંગ્લંડના નામીકલાકાર ઑગસ્ટસ જ્હૉને કરેલું ના૦ વાઇસરૉયનું લાલ ચાકથી દોરેલું રેખાચિત્ર હતું. ને તે સરસ જ હતું મુઘલકાળમાં દિલ્હી તસ્વીરો (પોર્ટ્રેટ)નું તો એક મોટું કેન્દ્ર હતું. એ જ દિલ્હીમાંથી કોઈ મૂળ ચિત્રકાર આ પ્રદર્શનમાં રજૂ થયો ન હતો. તેમ દિલ્હી, યુક્ત પ્રાંતો કે રાજસ્થાનના કોઈ જાણીતા કલાકારનો પણ ત્યાં પરિચય થયો નહિ ઉપરાંત મુંબાઈના સાતઆઠ સારા કલાકારો દિલ્હીમાં જ વસતા હોવા છતાં તેમને આ પ્રદર્શન કે પરિષદની માહિતી પણ મળી ન હતી એવી ફરિયાદ હતી.

દૃશ્ય ચિત્રો કે વિધાની ચિત્રોમાં ભારતીય જીવન, ઇતિહાસ કે ઊર્મિ દર્શાવતાં ચિત્રો વિરલ હતાં. જાણે આજનો કલાકાર પોતાના કામની જવાબદારીથી પર બની, જીવનથી દૂર ભાગીને કોઈ અગમ્ય નિજાનંદી સ્વરૂપો પાછળ પડ્યો ન હોય ને એમનાં ચિત્રો જાણે માત્ર દીવાનખાનાં કે રાજમહેલ શોભાવવાનાં જ સાધનો ન હોય ! આવા જ ઉદ્ગારો દિલ્હીના 'હિંદુસ્તાન ટાઇમ્સ'ની ચર્ચામાં પણ હતા. બીજાં પત્રોએ પ્રદર્શન વિષે કેવી નોંધો કરી છે તે જાણવાની તક મને રહી નહોતી; પણ પાછળથી ઘણાં પત્રોએ જુદાં જુદાં કારણો પર ટીકા કરેલી જાણવામાં આવી છે. ભાષાનાં પત્રોમાં કંઇક ચર્ચા આવી હશે, પણ ચિત્રપ્રદર્શનમાં લોકરુચિ આકર્ષવાનો કે કેળવવાનો કોઇ પ્રયાસ થયો જણાતો નહોતો, તેથી દિલ્હીની આમ જનતા મોટે ભાગે આ પ્રસંગથી અજાણ ને અલિપ્ત રહી હશે એમ કલ્પી શકું છું.

આવા વિચિત્ર સંજોગોમાં પણ ગુજરાતના કલાકારો માટે સદ્ભાવ અને આદરનાં વચનો હું સાંભળતો હતો. ભાઈ સોમાલાલ શાહને લલિત કલામાં તથા લક્ષ્મીપ્રસાદ સેવકને વ્યાપારલક્ષી કલામાં ઇનામો મળ્યાં છે. એક બે ચિત્રો વેચાયાં પણ છે.

કલાપરિષદ

દિલ્હી સુધી મુસાફરી ખેંચવાનું કારણ મારા માટે તો કલાપરિષદ જ હતી. પ્રદર્શનમાં જાણ્યું કે અગાઉથી જાહેર કરેલા સમયે તે મળી શકશે નહિ, કારણ કે કેટલાક મહેમાનો રેલવેની અનિયમિતતાને લીધે વખતસર પહોંચી શકશે નહિ એવા તાર હતા. એટલે સવારના સાડા દસને બદલે બપોરે ત્રણે પરિષદ શરૂ થઈ. મેં કેટલાક મિત્રોને મળી એવો પ્રસ્તાવ મૂકયો કે કામકાજ શરૂ થાય તે પહેલાં આવેલી વ્યક્તિઓનો પરિચય થઈ જાય તો સારું. લગભગ દરેક જણને આ વાત પસંદ હતી, પરંતુ સ્થાનિક કાર્યકર્તાઓ તથા પ્રમુખને ગળે એ ઊતરી નહિ અને છેવટ સુધી તે રહી જ ગઇ.

આગલે દિવસે જે મંડપમાં ઊભા રહી ના૦ વાઈસરૉયે પ્રદર્શન ખુલ્લું મૂકયું હતું ત્યાં આજે ૬૦–૭૫ જેટલી ખુરશીઓ હતી અને સામેના ભાગે પ્રમુખ તથા મંત્રીઓ વગેરેની ખુરશીઓ હતી. કશી સજાવટ કે ભપકો રાખ્યાં ન હતાં. પણ આખા હિંદુસ્તાનનો કારભાર કરતા દિલ્હી શહેરમાં અખિલહિંદ કલાપરિષદ જેવું સંમેલન શરૂ થયું તેની કંઇ જ વિધિ થયા વિના દિલ્હીના કલામંડળમાં ચુંટાએલા પ્રમુખ શ્રી દેવીપ્રસાદ રાયચૌધરી સીધા પ્રમુખાસને બેસી ગયા ને કાર્યક્રમ જાહેર કર્યો. સભાના વિધિ તરીકે પરિચય, દરખાસ્ત, અનુમોદન વગેરે પ્રકારો પડતા મૂકવામાં આવ્યા. ડૉ. અવનીન્દ્રનાથ ટાગોરનું પ્રારંભિક વ્યાખ્યાન થવાનું જાહેર થયું હતું, પણ નાદુરસ્ત તબિયતના કારણે તે આવી શક્યા ન હતા. તેમને માનાર્ધ્ય આપવાનું કામ શ્રી ઓ. સી. ગાંગુલી કરવાના હતા તે પણ આવી પહોંચ્યા નહોતા એટલે ડૉ. મિસિસ સ્ટેલા ક્રૅમરિશે તદ્દન મૌખિક પણ અતિ સુંદર ને જ્વલંત ભાવાંજલિ આપી બીજા એક ગૃહસ્થ પણ બોલ્યા ને છેવટે પ્રમુખ શ્રી દેવીપ્રસાદ રાયચૌધરીએ જણાવ્યું કે હું આજે જે સ્થિતિમાં છું તે ડૉ. અવનીન્દ્રનાથ ટાગોરને જ આભારી છે.

ત્યાર પછી પ્રમુખશ્રીએ પોતાનું ભાષણ વાંચ્યું. તેમાં તેમણે



પ્રમુખ સાહેબ કલા પરિષદમાં

કેટલાંક જોરદાર વિધાનો કર્યાં છે. પરંપરાની બહુ પરવા ન કરવી જોઇએ, તેમજ નવા ભયંકર કલાપ્રયોગો (dangerous experiments) પણ ન કરવા જોઇએ, એમ કહી તેમણે રુઢિચુસ્ત કલાકારો સામે તેમજ નવી શૈલીઓ પ્રચારનારાઓ સામે ચેતવણીનો સૂર કાઢ્યો હતો. અંગત ચર્ચામાં પણ તે પોતે ઉદ્દામવાદી જણાયા. કોઇએ કહ્યું કે આજે યુરોપિયન કલાના આક્રમણ સામે હિંદી કલા અને કલાકારને રક્ષણ તથા આશ્રય મળવાં જોઇએ, ત્યારે તેમણે એકદમ દૃઢતાથી કહ્યું કે હું એવી દરવાજા બંધ કરવાની નીતિમાં માનતો નથી. કોઈપણ કલાકૃતિ દૂબળી કે ક્ષીણ હોય અને ટકી ન શકે તો તેથી નુકસાન નથી. સબળ અને સશક્તને જ જીવવાનો હક છે. આ બાબતમાં ઘણી ચર્ચા કરી શકાય તેમ હતું; પણ સમયનો અવકાશ ન હતો.


એ પછી બૅંગલોરના શ્રી વ્યંકટઅચલમે કલાપરંપરા પર વિચારો છેડ્યા. ત્યાર બાદ મને કંઇક કહેવાની તક મળી. અંગ્રેજીમાં જ પરિષદનો વ્યવહાર ચાલતો હતો તેથી ઘણા કલાકારોને વિચારો દર્શાવવાની મુશ્કેલી હતી. મને પણ તે જણાઇ હતી, છતાં મારા બોલવા પછી ડૉ. સ્ટેલા ક્રૅમરિશે અંગત પરિચય થતાં અભિવાદન કર્યું તેથી સમાધાન થયું.

પરિષદમાં ઘણાને આશા હતી કે હાલની હિંદી કલાની પરિસ્થિતિની શક્યતાઓ અને પ્રચાર તેમજ શિક્ષણ સંબંધે વિશેષ ચર્ચા થશે. પણ તેમાંનું કંઇ જ બન્યું નહિ. પરિષદના સર્જકોનું ધ્યાન દિલ્હીમાં એક અખિલ ભારતીય કેન્દ્ર કરી તેમાં સરકાર તરફથી મોટી મદદ મેળવી ચિત્રાલય, મ્યૂઝિયમ, ઍકેડેમી વગેરે ઊભાં કરવા તરફ હતું, અને એ રીતે જ ઠરાવો ને (અનુસંધાન પાછળ પાન-૮૬મે)

ગુર્જર રંગભૂમિના સંસ્કરણમાં વિપુલ ને અગ્રણી ફાળો આપનાર

અબોલ અને નિરાડમ્બરી નાટકકાર

મૂળશંકર હરિનંદ મૂળાણી



ગુજરાતની સર્વસામાન્ય જનતામાં રસ અને સંસ્કાર રેડનારાં ૪૦થી ૫૦ની વિપુલ સંખ્યામાં ને ઊંચા સાહિત્યગુણ ધરાવતાં લોકપ્રિય દૃશ્ય નાટકો આપનાર અને ગુજરાતની રંગભૂમિનું સંસ્કરણ કરનાર આ નિરાડમ્બરી અને અબોલ નાટકકાર સાહિત્યજગતમાં બહુ જાણીતા નથી, એનું મુખ્ય કારણ એ છે કે એક 'દેવકન્યા' નાટક સિવાય એમનું એક પણ નાટક છપાએલું નથી.

કાઠિયાવાડમાં ચાવંડ મુકામે પ્રશ્નોરા નાગર (અહિચ્છત્ર) જ્ઞાતિમાં વિ. સં. ૧૯૨૪ના કાર્તિક સુદ પાંચમને દિવસે, મૂળ અમરેલીના વતની હરિનંદ દયારામ મૂળાણીને ત્યાં એમનો જન્મ થયો. એમની દશ પેઢી ઉપર હાથીને હોદ્દે બેસનાર જામનગરના કારભારી મૂળા ભટ્ટના વંશજો મૂળાણી કહેવાયા. એમના પિતા બહુ પવિત્ર ને શ્રદ્ધાળુ પુરુષ હતા. એમનાં માતા માનકુંવર નથ્થુ મહેતા) રોજ સાંજે ફળિયામાં શેરીનાં છોકરાંને ભેગાં કરી વાર્તાઓ કહેતાં. નાનપણમાં પડેલી એ કહાણીઓની છાપે મોટા થતાં ઘણાં નાટકોની વસ્તુ-સંકલનમાં સ્થાન લીધું છે.

પ્રાથમિક શિક્ષણ ઉપરાંત પાંચમે વર્ષે થોડા સંસ્કૃતનું અને પછી કંઇક જ્યોતિષનું જ્ઞાન લીધા બાદ તે જૂનાગઢમાં તેમના ફૂવાને ત્યાં અંગ્રેજી અભ્યાસ માટે ગયા. આ અગાઉ મહાભારત આદિ ધાર્મિક સાહિત્ય તથા કાવ્યદોહન વગેરે ગ્રંથો તો એમણે દસ વરસની ઉંમરે વાંચી નાખેલા. જૂનાગઢમાં તેમણે એક મિત્રમંડળ સ્થાપી કવિતાઓ રચવાની શરૂઆત કરી. પણ ત્યાં છ મહીના રહી પાછા અમરેલી આવ્યા અને ત્યાં અંગ્રેજી ચોથા ધોરણ સુધી અભ્યાસ કર્યા બાદ એમણે આપમેળે વાચન વગેરેથી જ શેક્સપીઅર. શેરીડન તેમજ બીજા એવા સમર્થ અંગ્રેજ લેખકોનાં નાટકો તથા નવલો સરળતાથી વાંચી સમજી શકાય તેટલું જ્ઞાન મેળવ્યું અને સાહિત્યનો પોતાનો શોખ પોષ્યો. સંસ્કૃતમાં પણ કાલિદાસ આદિનાં નાટકો સમજીને વાંચી શકાય તેટલું જ્ઞાન એ જ રીતે મેળવ્યું. સાહિત્ય ઉપરાંત પ્રાચીન તેમજ આધુનિક ફિલસૂફી તથા ધર્મનું સાહિત્ય, યોગાભ્યાસ ને આધુનિક વિજ્ઞાન એ એમના અભ્યાસના પ્રિય વિષયો. એમના જીવન પર પણ એ સમર્થ નાટકકારોના વિચારોની, પાતંજલ યોગ-દર્શન જેવા પુસ્તકોની, તેમજ નથુરામ શર્મા અને ઍની બેસંટ જેવાં ધર્મમીમાંસકોનાં લખાણોની પ્રબળ અસર પડી છે.

કાઠિયાવાડમાં કુંડલા (સાવર) મુકામે સં. ૧૯૩૭માં (તેરમે વર્ષે) શ્રીમતી કૃષ્ણ બાઈ જોડે એમનું લગ્ન થયું અને સત્તરમે વર્ષે એમણે વડોદરા સ્ટેટના રેવન્યુખાતામાં અમરેલી નજીક ધારી ગામમાં દસ બાબાશાહી રૂપિયાના પગારે તલાટી તરીકે નોકરી લીધી. બે વરસની નોકરી પછી સખત બીમારીને લીધે રાજીનામું આપ્યું અને થોડા દિવસ ઘેર રહી, એક બાલમિત્ર ત્રિભુવનદાસ મોતીચંદ શાહ પાસેથી તેર રૂપિયા ઉછીના લઈ તે મુંબાઇ જવા નીકળ્યા. ત્યાં શ્રી કેશવલાલના 'સત્યવક્તા' અઠવાડિકમાં માસિક ૨૦ રૂપિયાથી રહ્યા, જેમાં પ્રુફરીડરથી માંડી એડીટર સુધીનું બધું કામ એમને કરવાનું હતું. એ સાપ્તાહિકમાં એમને કલમ કસવાનું સારું ક્ષેત્ર મળ્યું અને એમના લેખો પૈકી 'ઘનઘટા' નામની લેખમાળા તો પંકાઇ પણ ખરી. આ વખતે તેઓ ભાયખલા જે. જે. ઑસ્પિટલની સામેની ચાલમાં થોડા વિદ્યાર્થીઓ સાથે રહેતા, જ્યાં ડૉ. પોપટ પ્રભુરામ અભ્યાસ અંગે વારંવાર આવતા તેમનો એમને પરિચય થયો.

એ અરસામાં મુંબાઈમાં ખંભાતવાળા શેઠ છોટાલાલ મૂળચંદે જાણીતા ઍક્ટર દયાશંકર વસનજીને સાથે લઈ નાટક કંપની કાઢેલી, તેમની સાથે ડૉ. પોપટ મારફત એમને ઓળખાણ થયું ને ફુરસદના સમયમાં નાટકોની શુદ્ધ નકલો ઉતારવા પાંચ રૂપિયાના વેતનથી રહ્યા. એમાં મણિલાલ નભુભાઈના 'કાન્તા' નાટક પરથી ડૉ. પોપટે લખેલા 'કુલીનકાન્તા' નાટકનાં કોઇએ રચેલાં ગાયનોમાં ભૂલો જણાતાં એમણે માલિકોનું ધ્યાન ખેંચ્યું, ને તેમની અનુમતિથી એમણે નવાં ગાયનો ઉપરાંત થોડું વનરાજ વિષે ને એકાદ પ્રવેશ હાસ્યનો લખી આપ્યો, એ એમની નાટ્યકાર તરીકેની શરૂઆત.

આ પછી કિર્લોસ્કરના મરાઠી નાટક શાકુંતલ ઉપરથી અનુવાદ કરવાનું એમને સોંપાયું. પણ હવે બેવડા કામના ભારથી તેઓ થાકી જતા હોવાથી પત્રની નોકરી છોડી દઇ રૂા. ૩૦ના પગારે કંપનીમાં જોડાયા. ડૉ. પોપટે લખેલા 'કનક-તારા' નાટકનાં ગાયનો અને પ્રવેશો એમણે લખ્યા. એવામાં, તેમની મૂળથી જ નબળી રહેતી તબિયત લથડી અને ક્ષયનો ભય જણાતાં તે અમરેલી ગયા, જ્યાં માતાની કાળજીથી જ એ ભયંકર મંદવાડમાંથી ઊગર્યા.

'કનક-તારા' પછી મુકાનારા 'હરિશ્ચન્દ્ર' નાટક માટે કંપનીએ તેમને મુંબાઇ બોલાવ્યા. તે માંદામાંદા બોલતા ને બીજા લખતા. આ અરસામાં વિખ્યાત નટ બાપુલાલ કંપનીમાં જોડાયા. એ અત્યંત નાના કિશોરની શક્તિ પારખી અને એને જ માટે ઇન્દ્રના પુત્ર 'જયંત'નું પાત્ર આલેખ્યું ને જાતે જ એને અભિનય શીખવ્યો.

આ પછી એમનું પહેલું સ્વતંત્ર નાટક 'રાજબીજ' ઇ. ૧૮૮૮ કે ૯૦માં લખાયું. જેમાં રાજનું કામ નટ છોટાલાલને ને બીજનું કામ બાપુલાલને સોંપાયાં, અને એ ખેલ પંકાઇ ગયો. તે પછી લખાએલા તેમના નાટક 'કુંદબાળા'-માં અવનવી સીનસીનેરીઓની શરૂઆત થઈ, ને તે નાટક તો એટલું પંકાયું કે હરીફ મોરબી કંપનીને મુંબાઇ છોડી જવું પડ્યું.

આ પછી કેટકેટલાં છ-સાત વરસ મંદવાડ ચાલ્યા જ કર્યો અને એમને વારંવાર દેશમાં જવું પડતું. એ અરસામાં કંપનીએ બીજાં નાટકો બહાર પાડી જોયાં પણ ફાવ્યું નહિ.

આ વખતે 'કરણઘેલો' નાટક તેમને સુધારવા અપાયું. તેમાં

કરેલા બીજા ફેરફારો ઉપરાંત તેનો છેલ્લો પ્રવેશ તો કરુણ દૃશ્યોમાં એવો શોભારૂપ બન્યો કે, કંપનીમાં પહેલાં ડોરકીપર તરીકે કામ કરતા દોરાબજી નામના પારસી ગૃહસ્થ એમાં નવા નટ તરીકે જોડાએલા તે એ એક જ દૃશ્યના અભિનયથી કુશળ નટ તરીકે પંકાઈ ગયા.

આ પછી તેમણે 'મૂળરાજ સોલંકી' લખ્યું અને તેમાં ટોડી નામની ભક્ત બાઇનું પાત્ર ઉમેર્યું. ગુજરાતી નાટકના તખ્તા ઉપર ભક્તિરસનું દર્શન થવાની એ શરૂઆત. એ પછી લખાએલું એમનું નાટક 'બૅરિસ્ટર' ખૂબ પંકાયું, જેમાં નૂતન સુધારાના પવનને ઝીલતું આપણું સ્ત્રીમાનસ તેની સામે કેવી રીતે પોતાનું સ્વત્વ ટકાવી રાખે છે તે માર્મિક હાસ્ય દ્વારા આલેખ્યું છે. દેશી નાટક સમાજવાળા ડાહ્યાભાઈ ધોળશાજી એ નાટક જોવા ખાસ આવેલા, અને માર્મિક હાસ્યની લોકો પર થતી પ્રતીતિ જાણી તે પછીથી એમણે પોતાનાં નાટકોમાં એ પદ્ધતિ અખત્યાર કરી, જેનું ઉદાહરણ 'વીણાવેલી' છે.

એમનો પગાર હવે ૩૦થી વધી ૩૫ થએલો તે કેટલાંક વરસે ૭૫ થયો. એવામાં કંપનીના ભાગીદારોનો દસ વર્ષનો કરાર પૂરો થયો. આ દરમ્યાન બે ભાગીદારો ગુજરી ગયા હતા ને થોડા ખેલો ઉપરાઉપરી નબળા જવાથી કંપની ખોટમાં ડૂબી હતી; એટલે નવી ભાગીદારી રચાઈ જેમાં ૮ આના છોટાલાલ, ૪ આના દયાશંકર, ૩ આના કવિમૂળશંકર ને ૧ આનો બાપુલાલ એ રીતના ભાગ થયા ને બાપુલાલ કંપનીના મુખ્ય ઍક્ટર બન્યા.

હવે કવિએ શિષ્ટ નાટકો લખવાં શરૂ કર્યાં, જેમાંનું પહેલું અજબકુમારી એ અત્યંત ભાવવાહક, કાવ્યમય અને સેક્સપીઅરની ઢબનું ક્લાસિકલ ટ્રૅજેડીની છાયાવાળું, ગુજરાતી સાહિત્યમાં શ્રેષ્ઠપદ ધરાવતું નાટક છે. પણ લોકરુચિ હજી કરુણ દૃશ્યો માટે પૂરી કેળવાઈ ન હતી, એટલે તે ચાલ્યું નહિ. તે પછી મુકાએલાં ભટ્ટ વિજયશંકર કાલિદાસનાં બે નાટકો પણ નરમ ગયાં, એટલે કવિએ એક જ રાતમાં 'વીરમંડળ' નાટક લખ્યું. તેનો શરૂનો અંક ઘણો લોકપ્રિય થયો, પણ પાછલો ભાગ ઢીલો હતો. આજ વખતે દેશમાં છપ્પનિયો દુકાળ ચાલતો હતો અને ઉપરાંત મુંબાઇમાં પહેલી વાર પ્લેગની મહામારી ચાલતી રહી આ બધાંથી કંપનીને એટલી ખોટમાં ઊતરવું પડ્યું કે શેઠાણીઓનાં ઘરેણાં પણ ગિરવી મુકાઇ ગયાં ને દીવાળીને દિવસે કંપનીની સ્થિતિનું કવિ આગળ વર્ણન કરતાં શેઠ ગળગળા થઈ ગયા. કવિએ બીજી દીવાળી પહેલાં ઘરેણાં પાછાં લાવી આપી કંપનીને ઋણમુક્ત કરવાની પ્રતિજ્ઞા લીધી ને શેઠને આશ્વાસન આપ્યું.

અને કવિએ 'વિક્રમચરિત્ર' લખ્યું. કવિ શામળ ભટ્ટની બત્રીસ પૂતળીની વાર્તાઓમાંની બે વાર્તાઓ જોડીને લખેલું આ નાટક હાસ્ય અને શૃંગાર રસથી એટલું તો આકર્ષક બન્યું છે કે તેણે મુંબાઇને ગાંડું કરી મૂક્યું ને એ એક જ નાટકની આવકે કવિની ટેક રાખી કંપનીનું ઋણ ફેડી દીધું. એ નાટકથી કંપનીની ચડતીકળાનો દસકો બેઠો.

કરજ ભરાઇ જતાં દ્વેષનું બીજ પેઠું, કવિને છુટા થવાનું આવ્યું ને કંપનીએ કવિ નથુરામ સુંદરજીને બોલાવી તેમની પાસે 'સૌભાગ્યસુંદરી' નાટક લખાવ્યું. પણ એથી માલિકોને સંતોષ ન થતાં તેમણે ફરી કવિને બોલાવ્યા. એમણે આખું નાટક નવેસરથી લખ્યું અને કેટલાંક નવાં પાત્રો ઉમેર્યાં. ગુજરાતી રંગભૂમિ ઉપર અનેરી ભાત પાડનાર નટ જયશંકર 'સુંદરી'નો ઉદય આ નાટકમાં થયો. બાપુલાલ-જયશંકરની એ જોડી રંગભૂમિ ઉપર તે પછી એટલી સફળ થઈ કે બે દાયકા સુધી એ જોડીને લક્ષમાં રાખીને જ નાટકો લખાયાં.

'વિક્રમચરિત્ર' અને 'સૌભાગ્ય સુંદરી' પછી લખેલાં કવિનાં 'જુગલ જુગારી' અને 'કામલતા' પણ એટલાંજ સફળ થયાં અને એ ચાર નાટકોએ કંપનીને તારી દીધી. ગુજરાતી નાટકના સાહિત્યમાં મોતીના દાણા પેઠે ખીલી નીકળેલાં એ નાટકો લોકરુચિને સદ્‌ગ્રાહી બનાવી ઉન્નત પંથે લઈ જનારાં શિષ્ટ ને છતાં પ્રિય લાગે એવાં સાહિત્યસર્જન છે. એ નાટકોના નફામાંથી કવિને ભાગે ૨૮,૦૦૦ રૂપિયા આવ્યા, જેમાંથી દસ હજાર રોકડા મળ્યા. પણ ફરી પાછી કંપનીમાં ખટપટ પેઠી અને કવિએ છૂટા થઇને, કવિ વિજયશંકર કાલિદાસની મુંબઈ સુબોધ નાટક મંડળી વેચાતી લઇને કાઠિયાવાડી નાટક મંડળી નામે નવી કંપની ઊભી કરી. પણ કવિએ જૂની કંપની સાથેનો દસ વરસનો કરાર પૂરો કરેલો ન હોવાથી તેમની સામે મંડાએલા કેસને પરિણામે તેમની કંપનીએ પાંચ વરસ સુધી મુંબઈમાં ન આવવું એવું ઠર્યું, અને એ રખડપાટનાં પાંચ વર્ષમાં કવિએ પોતાની કંપની માટે નવાં લખેલાં નાટક 'કૃષ્ણચરિત્ર' અને 'દેવકન્યા' ખૂબ લોકપ્રિય થયાં હોવા છતાં, બીજાઓને હાથે લખાએલાં બીજાં નાટકો સારાં ન જવાને કારણે કંપનીને ઘણી ખોટ આવી; અને છેવટે નિરૂપાયે છોટાલાલ શેઠને કંપની વેચી દઇને મુંબઇ ગુજરાતી સાથે તેમણે ભાગીદારીનો નવો કરાર કર્યો, જેમાં શેઠ અને તેમના ભાઇનો ભાગ આઠ આના, કવિનો ૩ આના, બાપુલાલનો ૩ આના ને જયશંકરનો ૧ આનો એ રીતે ભાગ રખાયા.

આ પછી ૨૦ વરસ સુધી કવિ મુંબઈમાં જ રહ્યા ને ત્યાં 'વસંતપ્રભા' નામે નવું નાટક, લૉર્ડ લિટનના ઝેનોની ઉપરથી મણિલાલ નભુભાઇએ લખેલી નવલકથા ગુલાબસિંહને આધારે 'પ્રતાપ-લક્ષ્મી', 'સંગતનાં ફળ' વગેરે લખાયાં. તેમાં છેલ્લું નાટક નાપાસ થવાથી વળી પાછો વિક્ષેપ થયો અને કવિએ છુટા થઈ નકુજીની આર્ય નૈતિક નાટકસમાજને 'સૂર્યકુમારી' નાટક લખી આપ્યું જેને લીધે એ કંપની દેવામાંથી નીકળીને તરી ગઈ પછી સોરાબજી કાત્રકવાળી નવી નીકળેલી રૉયલ નાટક મંડળીને 'ભાગ્યોદય' અને 'એક જ ભૂલ' એ બે નાટકો લખી આપ્યાં ને એ બે વડે જ એ નવી કંપની પણ જામી ગઈ.

રૉયલમાં 'સાચા સંન્યાસી'ની તૈયારી ચાલતી હતી એવામાં મુંબાઈ ગુજરાતી કંપનીએ ફરી કવિને બોલાવ્યા. ત્યાં એમણે લખેલું 'ધર્મવીર' નાટક સરકારે ભજવવા દીધું નહિ ને મૉન્ટી ક્રિસ્ટો ઉપરથી લખાએલું 'કલ્યાણરાય' ભજવાય તે પહેલાં તો કંપનીમાં સખત ખટપટ ઊભી થઇ. કંપની બાપુલાલને ચાળીસ હજારમાં વેચાઇ ગઈ. અને કવિ પોતાના પુત્ર પાસે કાનપુર ચાલ્યા ગયા.

૧૯૨૩માં છોટાલાલ શેઠે જયશંકર દ્વારા ફરી કવિને બોલાવી નવી કંપની ઊભી કરી ૬ આના ભાગથી રાખ્યા અને કવિએ 'રત્નાવલિ' તથા 'વિક્રમ અને શનિ' લખ્યાં. એવામાં ટ્રામના સખત અકસ્માતમાં કવિનું ખભાનું હાડકું ભાંગી ગયું અને ત્યારથી તેમણે નિવૃત્તિ લીધી.

ગુજરાતી રંગભૂમિનું સક્રિય ઉત્થાન લાવવામાં એમના જેટલો હિસ્સો હજુસુધી ભાગ્યે જ કોઈએ આપ્યો છે. ગુર્જર રંગભૂમિ પર કવિ મૂળશંકરનો ઉદય થયો ત્યારે ગુજરાતી નાટકોની સ્થિતિ વિચિત્ર હતી. ગુજરાતી ભાષણો, હિંદી ગાયનો અને દક્ષિણી પહેરવેશવાળાં સ્ત્રીપાત્રોથી નાટકો ભજવાતાં. ગુજરાતી નાટકોમાં શુદ્ધ ગુજરાતી ભાષા, ગુજરાતના જ આચારવિચાર આદિ બધું ગુજરાતી જીવનમાંથી ઉતારવાનો પ્રયત્ન કરી નાટ્યસાહિત્યની પ્રથમ દિશા બતાવવાનું કામ કવિ મૂળશંકરે જ કર્યું. એમની પ્રતિભાવાન કલમે લખાએલાં નાટકો, ઉર્દૂના પ્રખ્યાત લેખક મુન્શી આગા હશ્ર અને મરાઠી નાટકકાર ખાડિલકર અનેક વાર જોતા અને તેનું મનન-વિવેચન કરતા. વાઘજી આશારામ અને ડાહ્યાભાઇ ધોળશાજી એમના સમકાલિનો. સદ્‌ગત સાક્ષરવર્ય ગોવર્ધનરામભાઇ (અનુસંધાન આગળ પૃ. ૯૬મે)

એક કલ્પનારંગી વિજ્ઞાનકથા

વિષ-પીયૂષ



પૃથ્વી સંદેશો મોકલે છે, પ્રોફેસર કમલનયન ! તમે જે કોઇ પણ ગ્રહ પર હો ત્યાંથી એકાએક આપણી પૃથ્વીને બચાવવા આવો. આપણી માનવજાત જે ભયંકર વિનાશને આરે અત્યારે આવી ઊભી છે તેને તમારું જ વિજ્ઞાની મગજ બચાવી શકશે તમારું શોધેલું પીયૂષ માનવજાતને વિષ સમાન નીવડયું છે. એનાથી માણસ સાપેક્ષ અમરત્વ તો પામે છે જ, પણ તેની સાથેસાથે આકસ્મિક વિનાશ પણ પામે છે. એનું કારણ એમ જણાય છે કે તમારા પીયૂષમાં પ્રત્યેક પળે બમણું થતા જવાનો ગુણ લાગે છે. કેમકે તમારા પીયૂષને માનવજાતને પાઈ દીધા પછી જે બાકી રહ્યું તે બમણું થતું જતાં આજે બધા મહાસાગરો ભરાઈ ગયા છે. આખી પૃથ્વીના ઉચ્ચ પ્રદેશો સિવાયના ભાગોમાં અત્યારે મહાસાગરનાં મોજાં ફરી વળ્યાં છે. હજારો શહેરો અને કરોડો માણસો અમરત્વ પામવા છતાં સાગરતળિયે ડૂબી ગયા છે. એ ડૂબી ગએલાઓ જીવતા છે કે મૃત એ અમારાથી જાણી શકાતું નથી. હવે તો જો તમે આવીને આ પીયૂષવર્ધનને નહિ અટકાવો તો થોડાજ વખતમાં આખી માનવજાત સાગરતળિયે સૂતી હશે. પ્રોફેસર કમલનયન! આ સંદેશો પૃથ્વી મોકલે છે. તમે જ્યાં હો ત્યાંથી આપણી પૃથ્વી પર આવો !'

ઈ. સ. ૨૯૮૯માં પ્રોફેસર કમલનયને એક પીયૂષ શોધી કાઢયું હતું. આખી દુનિયાના મહાન વિજ્ઞાનીઓમાં એમની ગણના થતી હતી. ઉપર્યુક્ત પીયૂષ શોધાયા પછી પૃથ્વી પરથી બૃહસ્પતિના ગ્રહ પર માનવજાતની વસાહતની શક્યતાઓનું સંશોધન કરવા વિજ્ઞાનીઓનું એક કમિશન અણુશક્તિ-ચાલિત વિયતયાન મારફતે મોકલવામાં આવેલું. એ કમિશનના નેતા તરીકે પ્રો. કમલ ત્યાં ગયા હતા.

પ્રો. કમલની શોધમાં કોણ જાણે શી ભૂલ રહી ગઈ હશે કે જેથી એમનું પીણું પ્રત્યેક પળે દ્વિગુણિત થતું જતું હતું! પૃથ્વી પર વસતાં માણસોને એ પીણું પાઇ દીધા પછી એને ફેંકી દેવામાં આવેલું. પણ એ જ્યાં હતું ત્યાં પણ દ્વિગુણિત થવા લાગ્યું. પરિણામે એ બધું પ્રવાહી મહાસાગરોમાં જઈને ભળ્યું. માનવીઓના કમનસીબે, નાશ પામેલાં શહેરોમાં પ્રો. કમલનું શહેર જ પહેલું ભરખાયું હતું; નહિતર તો બીજો કોઇ વિજ્ઞાની પ્રોફેસર કમલની પ્રયોગનોંધો વાંચીને આ પીયૂષવર્ધનનો પ્રતિકાર શોધી કાઢત.

ઉપર પ્રમાણેના સમાચાર અતિગમ-આંદોલનો મારફતે પૃથ્વીના વાતાવરણને ભેદીને પ્રોફેસરને મોકલવામાં આવ્યા. પણ મનુષ્યોના કમનસીબે એ આવ્યા જ નહિ. અહીં પીણું તો અનેકગણી ઝડપથી વધી રહ્યું હતું. એકએક દિવસ જતો અને એ અમૃતનો મહાસાગર હજારો શહેરોને ભક્ષી જતો. માનવો બધી જાતની પ્રવૃત્તિ છોડી દઇને માત્ર પોતાની જાતને બચાવવા મથી રહ્યા હતા. લાખોની સંખ્યામાં પર્વતો પર સ્થળાંતર થઇ રહ્યું હતું. ઉદધિ આખો લાખ્ખો નાની મોટી સ્ટીમરોથી ઉભરાઈ રહ્યો હતો. આ સ્ટીમરોમાં માણસો જેમતેમ પોતાનો જીવન નિર્વાહ કરી રહ્યા હતા.

'આપણી કોઈ ભૂલ થતી હોય એમ લાગે છે. વિયતયાન દિશાદર્શકે કહ્યું. 'ના; આપણી ભૂલ ભાગ્યે જ થઇ છે. જુઓ, આ ડાબી બાજુએ મંગળનો ગ્રહ; અને પેલા ખૂણામાં ચંદ્રસ્થ આપણા ભાઇઓએ આપણી વિદાયમાં સળગાવેલી આતશબાજી પણ દેખાય છે.' દૂરબીન પર બેઠેલા માણસે કહ્યું.

'હા, પણ આપણા દૂરબીનમાં આપણે કરોડો માઇલની વસ્તુને સંપૂર્ણરીતે સ્પષ્ટપણે જોઇ શકીએ છીએ. સામે દેખાય છે તે આપણી પૃથ્વી જ હોય તો આખો એશિયાખંડ ન દેખાય? ત્યાં તો આપણને માત્ર મહાસાગર દેખાય છે!' કમલનયને કહ્યું

'ચાલો, ત્યારે એ ગ્રહની વધારે પાસે જઇ ખાતરી કરી લઇએ, કે એ પૃથ્વી છે કે નહિ.' દિશાદર્શકે જણાવ્યું.

પ્રોફેસર કમલનયનનું વિયતયાન પૃથ્વીની પાસે આવી ગયું. હિમાલયના સર્વોચ્ચ શિખર ગૌરીશંકર સિવાય સર્વત્ર મહાસાગર-સલિલ ફરી વળ્યું હતું. આ શિખર પર થોડાં માનવો જીવનની છેલ્લી ઘડીઓ ગણી રહ્યાં હતાં. વિયતયાનના એક માણસે નીચે ઊતરી એમાંના એક પાસેથી પૃથ્વી પર બનેલી બીના જાણી ત્યારે જ એને ખબર પડી કે એમનો રેડિયો બગડી જતાં એમને સમાચાર મળેલા જ નહિ! એણે વિયતયાનમાં આવી સઘળી બીના કમલનયનને જણાવી.

કમલનયનને પોતાની શોધની યાદ બરોબર તો રહી ન હતી. છતાં એમણે પ્રયત્ન શરૂ કર્યો. કલાકોના શ્રમ પછી એમને માલૂમ પડયું કે એમની શોધના સૂત્ર (ફૉર્મ્યૂલા)ના સમીકરણમાં જ્યાં એક 'વત્તા'ની નિશાની જોઇએ ત્યાં 'ઓછા'ની નિશાની આવી જતાં આ ભયંકર પરિણામ આવ્યું હતું! એ ભૂલ સુધારી, એમણે સૂર્યકિરણો કેન્દ્રિત કરીને કોમોરોડાઇન નામનું બીજું પ્રવાહી બનાવી કાઢયું.

'મારી એક જ ભૂલથી હું જનકુલઘાતક બન્યો. બાકી રહેલા જનકુલને હું આ પ્રવાહીથી બચાવીશ. આ પ્રવાહી મારા જઠરમાં જતાં જઠરરસ સાથે ભળીને પીયૂષવર્ધન–પ્રતિકાર તૈયાર થશે. હું આ પ્રવાહી પી લઉં તે પછી એક કલાક સુધીમાં મારું ઑપરેશન કરી એ પ્રતિકાર મારા જઠરમાંથી બહાર કાઢી આ મહાસાગરમાં નાખી દેજો. પાંચસાત દિવસમાં આખી પૃથ્વી મહાસાગરને તળિયેથી બહાર આવશે.' કમલે પોતાના સાથીઓને જણાવ્યું.

'તમે ભૂલ જાણીજોઇને નહોતી કરી. એ પ્રવાહી તમારે પીવાની શી જરૂર ? તમે જીવંત હશો તો જનકુલને તમારા વિજ્ઞાનથી ઉન્નતિના શિખરે પહોંચાડશો. અમારામાંથી કોઇને એ પ્રવાહી પીવા દો.' બધા સાથીઓ એકીસાથે બોલી ઊઠયા.

'ના, એને માટે તો હું જ યોગ્ય છું જઠરરસ કાઢી લીધા પછી મારા દેહને બાળશો કે દાટશો નહિ. એને વિદ્યુત્-સ્નાન આપી સાચવી રાખજો. આ મારી બીજી અર્ધ શોધેલી ફૉર્મ્યુલામાંથી મ વિના કોઈ વિજ્ઞાની મને બચાવે તો મારા અહોભાગ્ય.' -

આજે ૩૦૦૧ની સાલ આવ્યા છતાં પ્રો. કમલના અર્ધ સૂત્રને હજી કોઇએ પૂરું કર્યું નથી.

કાલિદાસ જાદવ

મ્હૈસુરની નરભક્ષી વાઘણ



ગયા અંકને અનુસંધાને પૂરી

જાન્યુઆરીની ૧૫મી તારીખ હતી. મેં વાઘણના પરિભ્રમણના ક્ષેત્રવિસ્તારની રેખા અંકિત કરી લીધી હતી. એ ક્ષેત્રના એક છેડે આયનપુર હતું. ત્યાં મેં બોમાય ગૌડાને ત્રણ પગીઓ સાથે મોકલ્યો ને તેને સૂચના આપી કે એ વિસ્તારમાં ક્યાંયે વાઘણ શિકાર કરે તો મને તાત્કાલિક ખબર આપવી. હું પોતે મોરલેમાં રહ્યો.

બોમાય ગૌડાની ટુકડી બપોર પછી રવાના થઈ. હું મારી છાવણીમાં બેઠો હતો. જાન્યુઆરીના દિવસોની સાંજે ઉત્તર હિંદુસ્તાનમાં જે ગુલાબી અને ખુશનુમા ઠંડી હોય છે તેનો દક્ષિણ હિંદુસ્તાનમાં જોકે બહુધા અભાવ હોય છે, તોપણ લીલીછમ વૃક્ષરાજિથી છવાએલા મ્હૈસુરના ગ્રામ્ય પ્રદેશની આજની સાંજ સુંદર હતી. સૂર્ય અસ્તાચલ તરફ જતો હતો અને વૃક્ષોની ઘેરી ઘટામાંથી ચળાઈ ને આવતાં રવિકિરણો પવનમાં ડોલતી ડાળીઓ વચ્ચે સંતાકુકડી રમતાં હતા. મારા તંબૂ સામે લક્કડખોદ પક્ષીઓ ઝાડની છાલ ખોદીને જીવડાં આરોગવામાં તન્મય બન્યાં હતાં. ઝાડના થડ ઉપર પૂછડી હલાવતી ખિસકોલીઓ શોર મચાવતી એકબીજાની પાછળ દોડાદોડ કરતી હતી. વૃક્ષોની ઘટામાંથી કોયલ ટહુકા કરી જંગલ ગજાવતી હતી. વાંસની ઘટામાંથી વાતો વાયુ જંગલી ફૂલોની સુવાસ લાવતો હતો. ભ્રમર અને વિવિધરંગી પતંગિયાં એમનાં રંગ અને રૂપથી મુગ્ધ કરતાં હતાં. વચ્ચેવચ્ચે મેનાનો મધુર કલરવ સંભળાતો હતો અને ઝાડની ઘટામાં પોપટનું ટોળું કોઇ મહત્ત્વની ચર્ચામાં મશગૂલ હતું હું જંગલજીવનના આ મનોહર દૃશ્યમાં લીન હતો ત્યાં બોમાય ગૌડાનો એક માણસ દોડતો આવ્યો. તેનું શરીર ધૂળ અને પરસેવાથી છવાએલું હતું અને તે હાંફતો હતો. તેનો દેખાવ જોઈને મારી છાતી ધડકવા લાગી. મને બીક લાગી કે બોમાયગૌડાની ટુકડીને કૈંક અકસ્માત નડયો હોવો જોઈએ. આખરે જ્યારે પેલા માણસનો શ્વાસ હેઠો બેઠો ત્યારે તેણે કહ્યું કે બોમાય ગૌડાની ટુકડીને વાઘણનો ભેટો થયો છે અને અત્યારે તે અહીંથી બે માઇલ છેટે કારયપુરની ટેકરીમાં છે.

પરંતુ વાઘણનો પત્તો મળે એ એક વાત હતી અને તે મારી રાઈફલની હડફેટમાં ચડે એ બીજી વાત હતી. વાઘ એક તો ભારે ચપળ પ્રાણી છે. તેમાં પણ આ તો અમને બરોબર ઓળખી ગઇ હતી. એને આંતરી લીધા પછી પણ છટકી જતાં કેટલીવાર ? હું ઝડપથી વિચાર કરવા લાગ્યો. સૌથી ઉત્તમ માર્ગ કયો હતો ? ટેકરીને ઘેરી લેવી ? ટેકરી એમ તો નાની હતી. પણ તેને અસરકારક રીતે ઘેરવા કેટલાં માણસ જોઇએ ! ગામના માણસ તો એટલા બધા ભયભીત હતા કે તેઓ મને મદદરૂપ થઈ પડે એવી આશા જ ન હતી. અને મારા પગીઓ તથા શિકારીઓ કંઇ આખી ટેકરી ઘેરી શકે ? વાઘણ પણ ભારે સાવચેત હતી. મારા અનુભવમાં મેં જોયું છે કે હિંસક પ્રાણીઓ માણસ અને માણસ વચ્ચેનો ભેદ બરોબર પારખી લે છે. કયા માણસથી ડરવું અને કોની અવગણના કરવી તેનું જ્ઞાન આ પ્રાણીઓ બરોબર ધરાવે છે. સામાન્ય માણસોમાંથી તેઓ શિકારીને ઓળખી લે છે અને તેની રાઇફલથી દૂર રહે છે. તેમાં પણ આ વાઘણ તો જાણતી હતી કે હું તેને શોધું છું. મેં ભલે તેને હજી જોઇ ન હતી, પરંતુ તેની પાછળ આટલું રઝળવામાં તેણે તો મને જોયો જ હોવો જોઈએ. છેવટે મેં ટેકરીને ઘેરવાનો વિચાર પડતો મૂકયો. બીજો માર્ગ એ હતો કે વાઘણને ખલેલ ન પહોંચાડવી અને તેને શિકાર ઉપર આવવા દેવી અને મારે તેની રાહ જોઈને સંતાઈને બેસી રહેવું. બસ, એ રસ્તો ઠીક છે. મેં નિર્ણય કરી લીધો મેં મારી હાથણી 'સુંદરગૌરી'ને તૈયાર કરાવી.

કારયપુર ગુડાની ટેકરી! હું અધીરો બની ગયો. મારી કલ્પનાદૃષ્ટિમાં એ ટેકરી તરી આવી. ખેતરાઉ જમીન વચ્ચે તે એકલી ઊભી છે. જમીનથી માત્ર ૨૦૦ ફૂટ ઉંચી. આસપાસ મેદાન. પાસે ઝાડી કે જંગલ નહિ. ટેકરીની ત્રણ બાજુ ઉઘાડા કાળમીંઢ પત્થર અને થોડાંક ઝાંખરાં. માત્ર પૂર્વની બાજુ થોડી ઝાડી. હું ઉત્સાહમાં આવી ગયો. વાઘણને ઘેરી લેવા માટે આ ઉત્તમ તક હતી. આવા સતેજ ને ખંધા પ્રાણીનો શિકાર કરવાની આવી તક કંઈ વારંવાર નથી આવતી.

અમે બહાર પડ્યા હું વાઘણના સમાચાર થી એવો ઉતાવળમાં આવી ગયો હતો કે પેલા પગીને બધી વિગત પૂછતાં જ ભૂલી ગયો હતો. હવે મેં તેને બોલાવીને પૂછયું. તેણે કહ્યું, અમે ખેતરમાં ચાલ્યા જતા હતા ત્યાં દૂર કૈંક હીલચાલ જોઇ. વાઘણની સ્મૃતિથી સૌએ રોમાંચ અનુભવ્યો અને બધા કાન દઈને એક શ્વાસે સાંભળવા લાગ્યા. પહેલાં તો અમને ખબર ન પડી કે શું છે, પરંતુ ધ્યાન દઈને જોતાં જણાયું કે વાઘણ એક બળદને મારીને ટેકરીમાં ખેંચી જતી હતી. અમે માન્યું કે આ ભારે ઉમદાતક છે. જો તે શિકારને ત્યાં જ મૂકી જાય તો ભક્ષણ માટે જરૂર પાછી આવવાની. આ વિચારથી અમે દોડીને એવા હોંકારા કર્યા કે તે ઘુરકતી ટેકરીમાં ચાલી ગઇ અને હું તમને ખબર આપવા દોડયો બીજા ત્યાંચોકી ભરવા ઊભા રહ્યા છે.

અમે રસ્તામાંથી 'સુંદરગૌરી'ને રજા આપી અને બળદના મૃત દેહ પાસે આવ્યા. શું વાઘણની લોખંડી તાકાત ! બળદ તો શું પણ જંગલી પાડાની વિશાળ કાયાને પણ વાઘ ખેંચી લઇ જઇ શકે છે. બળદને તો જમીન ઉપરથી અરધો ઊંચો કરીને ઉપાડી જાય છે ! શું એની ડોકના પોલાદી સ્નાયુ ! આજે એ મહા બળવાન, ઝનૂની, લોહીતરસી અને મહાચપળ વાઘણનો મને સાક્ષાત્કાર થવાનો હતો. પરંતુ એના વિચારથી જરાય ઉશ્કેરાટ કે અધીરાઈ માં આવ્યા વિના મારે લોખંડની છાતી કરી ઠંડી હિંમત ને એકાગ્રતા કેળવવાની હતી.

હવે મારે ક્યાં સંતાવું તેનો નિર્ણય કરવાનો હતો. પાસે એક ભેખડ હતી, પરંતુ ત્યાં સંતાવું નકામું હતું, કારણ કે પવન તે દિશામાંથી આવતો હતો. જંગલી પ્રાણીઓ માણસની ગંધ તરત પારખી લે છે અને ગંધ આવતાં જ તે શિકાર ઉપર આવવાને બદલે પાછાં વળી જાય છે. આશરે ૭૦ વાર છેટે એક ઝાંખરૂં હતું, પરંતુ તે એવડું

મોટું ન હતું કે હું તેમાં સંતાઈને બેસી શકું. શિકાર માટે આખું સ્થાન કોઇ રીતે અનુકૂળ ન હતું, પરંતુ આ તક ગુમાવવી પાલવે તેમ પણ ન હતું. છેવટે મેં હુકમ કર્યો કે આસપાસથી ડાળી, વેલા, વગેરે કાપી લાવી આ ઝાંખરાને જ મોટું બનાવો. લોકોએ ઝડપથી એ કામ પૂરું કર્યું અને જ્યારે તેઓ ભેગા થઈને ઝાંખરાની ટેકરી બાજુ ઊભા ત્યારે હું અને બોમાયગૌડા તેમાં સંતાઈ ગયા. ટેકરીમાંથી વાઘણ જોતી હોય તો પણ તેને વહેમ જાય તેમ ન હતું, કારણ કે મારી સૂચના પ્રમાણે હવે માણસો ટોળે મળીને ત્યાંથી જતા રહ્યા ને દૂર નીકળી જઇને એક આંબલીના વૃક્ષમાં છુપાઇ ગયા.

આ બધું કામ અમે ભારે ઉતાવળમાં અને ઝડપથી કર્યું હતું, કારણ કે સૂર્યાસ્ત પહેલાં અમારે અમારી જગ્યાએ ગોઠવાઇ જવાની જરૂર હતી. હું અને બોમાયગૌડા હવે વાઘણની માર્ગપ્રતીક્ષા કરવા બેઠા. હજી થોડો દિવસ બાકી હતો. ટેકરીની શ્યામ શિલાઓ ઉપર સૂર્યનો પ્રકાશ પડતો હતો. દૂર હેબસુર ગામનાં છાપરાંઓમાંથી સાંજની રસોઇનો ધુમાડો બહાર નીકળતો હતો. પાદરમાં નદી કાંઠે ધૂળની આછી ડમરી ઊડતી હતી તે ઉપરથી જણાતું હતું કે ધણ ચરીને ઘર ભેગાં થાય છે. વનવગડાના આભૂષણ જેવા ચકોર અને તેતરના પ્રફુલ્લિત અને બુલંદ અવાજથી અવારનવાર અરણ્ય ગાજતું હતું. આકાશમાં બગલા, કાગડા, કાકણ, કાબર, પોપટ, વગેરે પક્ષીઓ રાતવાસો કરવા ટોળે મળીને હેબસુર ગામના પાદરમાં આવેલાં વૃક્ષો તરફ ઊડતાં જતાં હતાં અને તેમના દિનચર્યાની ચર્ચા તથા અનુકૂળ વિશ્રામ મેળવવાને થતા વિવાદમાંથી ઉત્પન્ન થતો શોર અહીં સુધી સંભળાતો હતો.

અમે અમારી નજર ટેકરીની દિશામાં સ્થિર કરી હતી. બે સસલાં ઠેકડા મારતાં આવ્યાં અને એકબીજાનાં મોં પાસે લઇને કંઇ ગોષ્ઠી કરી ગેલ કરતાંકરતાં અદૃશ્ય થઇ ગયાં. કદાચ અમને વન્યપશુની જેમ રહેવા માટે તેમનું કઢંગું હાસ્યજનક અનુકરણ કરતા ધારી કટાક્ષ કરતાં ગયાં હશે! પરંતુ મને અત્યારે સૃષ્ટિની આ કોમળ અને અનુરાગજનક બાજુ જોવાની ફુરસદ ન હતી. હું તો સૃષ્ટિના સૌથી ભયંકર પ્રાણીની પ્રતીક્ષા કરતો હતો. અને જેમ મિનિટો જતી હતી તેમ મારી અધીરાઇ વધતી હતી, કારણ કે હું જાણતો હતો કે સૂર્યાસ્ત પછી અરધા કલાકમાં જો વાઘણ ભક્ષ્ય ઉપર ન આવે તો અંધારામાં નિશાન લઇને શિકાર કરવો તે નિષ્ફળતાને નોતરવા જેવું હતું. પરંતુ મારી અધીરાઈની કંઇ કિંમત ન હતી. સૃષ્ટિમાં તો કોઇને અધીરાઈ ન હતી. સામેની ભેખડ ઉપર ચડીને એક મોરે કળા પરોવી અને પોતાના સૌન્દર્યના માદક આત્મભાન અને મિથ્યાભિમાનમાં નૃત્ય આરંભ્યું. પરંતુ ઢેલડીઓ તો આ બહુપત્નીવ્રતધારીના સ્વાર્થી પ્રેમ પિછાનતી હતી એટલે પ્રણયક્રીડા તરફ દુર્લક્ષ આપી ઉદરપૂજામાં જ તન્મય બની.

પણ આ શું? અમારી જમણી બાજુની ભેખડ પાછળથી એક ઢેલ ચિત્કાર કરીને ઊડી. અમે સચેત બન્યા. વાઘણ આવવાની આ અચૂક નિશાની હતી. અમે પાંદડાં વચ્ચેથી આંખનું મટકું માર્યા વિના જોઇ રહ્યા. જરાપણ અવાજ થાય, એક પાંદડું ખખડે, એક ડાળી જરાપણ હાલે કે તરત બધી બાજી ધૂળમાં મળે. એટલે અમે અસાધારણ સાવચેતી રાખી, ભેખડની દિશામાં મારી બંદૂકની નાળ નોંધીને ઘોડા ઉપર આંગળી રાખી હું એ દિશામાં તાકીને જોઇ રહ્યો

થોડી જ વારમાં વાઘણની ભવ્ય આકૃતિ ભેખડ પાછળથી બહાર આવી. મેં તેને આજે પ્રથમ વાર જોઇ. આથમતા સૂર્યના સોનેરી પ્રકાશમાં તેના ચટાપટાવાળા દેહનું સૌ દર્ય દીપી નીકળ્યું હતું. ધીમા સાવચેત પગે, આસપાસ નજર ફેરવી વાતાવરણનું બરોબર માપ કાઢતી અને પૂછડીના છેડાને સપ્રંગતિથી હલાવતી,મંદ ગતિથી પગલે પગલું માપતી તે નીચે ઊતરવા લાગી વચ્ચેવચ્ચે તે થોડીવારે ઊભી રહી જતી અને દૂર દૂર નજર ફેરવી લેતી હતી. મને ભારે ભય હતો કે રખેને આજની આવી ઉમદા તક હાથમાંથી જાય! જેમ જેમ તે આગળ વધતી હતી તેમતેમ મારી બંદૂકની નાળ પણ તેની સામે ફરતી હતી. મારી અધીરાઇ જોઇને બોમાઈગૌડાએ ઇશારો કર્યો કે એને ભક્ષ્ય ઉપર બેસવા દો.

જરાપણ ઉતાવળ કરવી એટલે બાજી હાથમાંની ખોવા જેવું હતું. મેં ઠંડી ધીરજ કેળવી. અમે જરા યે હલનચલન વિના એવા શાન્ત અને સ્થિર થઇને બેઠા હતા કે અમારા શ્વાસની ક્રિયાનો અવાજ પણ અમને વધારે પડતો લાગતો હતો. આંખનું મટકું મારવાની પણ ઈચ્છા થતી ન હતી. હવે વાઘણ બળદના મૃત દેહ પાસે પહોંચી હતી. એની લાલચુ અને લોહીતરસી આંખો શિકાર ઉપર ઠરી. વળી તેણે આસપાસ વેધક દૃષ્ટિથી વાતાવરણનું માપ કાઢયું અને પછી નીચી નમી. બસ, આ સુંદર તક હતી. તેનો ખભો બરોબર મારી રાઈફલની સામે હતો. આવી તક માટે આજે હું કેટલા મહિના થયા તલસતો હતો! વાઘણે ભક્ષ્યમાં મોં નાખ્યું. તેનો સશક્ત દેહ સૂર્યના છેલ્લા પ્રકાશમાં મારી દૃષ્ટિ સામે સ્પષ્ટ દેખાતો હતો. મેં નિશાન લીધું. છિદ્ર ઉપર આંખ માંડી, બધું બરોબર હતું, અને નિશાન ખાલી નહિ જાય તેની ખાત્રી કરીને ઘોડો દબાવી દીધો!

ભારે ધડાકો થયો, ટેકરીમાં તેનો પડઘો પડયો અને મેદાનમાં તે પથરાતાં સમાઇ ગયો. વગડાની શાન્તિ લોપ થઇ ગઇ. પક્ષીઓએ



ચિત્કાર કર્યો અને દૂરથી મે ર પોકારી ઊઠયા. બંદૂકના ધુમાડામાંથી હું કાંઈ જોઉં તે પહેલાં તો એ માય ગૌડાએ ઠેકડો માર્યો અને તેને અટકાવવાનો મારો પ્રયાસ નિષ્ફળ ગયો. કટોકટીની ક્ષણ હતી. પરંતુ મેં બંદૂક ઉપરથી આંખ ઉઠાવીને જોયું ત્યારે વાઘણ ત્યાં ન હતી!

શું, ખરેખર એ ડાકણ હતી? શું લોકોની માન્યતા ખરી હતી? નહિતર આંખના પલકારામાં એ ક્યાં વિલીન બની થઈ? અને મારા અચૂક નિશાનનું શું? ભારે ત્વરાથી આ વિચારો મારા મગજમાંથી પસાર થઇ ગયા.

અરે, બળદના મૃત શરીર પાછળ પેલું શું છે? એ તો વાઘણની પૂછડી સર્પાકારે ફરકતી હતી. બસ, તે ઘવાઇને ત્યાં પડી હતી. મને ભારે દહેશત લાગી કે ઘવાએલી વાઘણ ઊભી થઇને ટેકરીમાં ભાગશે. પરંતુ તેની સંભવિત દોટને આંતરી લેવા મેં આડી દોટ મૂકી. ઘવાએલ પ્રાણીને આંતરી લેવું એ ભારે જોખમી સાહસ છે, પરંતુ હવે તો એ જોખમ ખેડયા વિના છુટકો જ ન હતો. મેં દોટ મૂકી અને પાછળ આવીને જોયું કે વાઘણ મુશ્કેલીથી શ્વાસ લેતી હતી. એક બીજી ગોળી મારીને મેં તેને ઠાર કરી.

મેં તેનું શરીર તપાસ્યું. તે ભર જુવાનીમાં હતી અને શરીરમાં એવી કોઈ ખોડ કે ઇજા ન હતી કે જેના કારણે નરમાંસભોજી બનવાના તેના અક્ષમ્ય અપરાધ અને અધઃપતનનો બચાવ થઈ શકે. પરંતુ તેના શરીરની તપાસમાં મને એક બીજા કાયડાનો ઉકેલ મળ્યો: તેના સ્તનમાં દૂધ હતું. જરૂર, આ ટેકરીમાં ક્યાંક તેનું બચ્ચું હોવું જોઇએ.

રાઈફલના અવાજ સાંભળી દૂર મેદાનમાં આંબલીના વૃક્ષમાં છુપાએલા મારા માણસો દોડી આવ્યા અને વાઘણને મરેલી જોઈને હર્ષથી પુલકિત થઇને નાચવા લાગ્યા. પણ એટલું તેમના માટે બસ ન હતું. આ વાઘણે બધાને ખૂબ રંજાડયા હતા, એટલે તેઓએ એને જોડે જોડે ટીપી અને તેમની ભાષામાં જેટલા અપશબ્દો હતા તેનાથી તેનું તર્પણ કર્યું! એમનો ક્રોધ ક્ષમ્ય હતો. એમણે પણ વાઘણને ટેકરી ઊતરતાં જોઈ હતી અને બંદૂકનો અવાજ સાંભળ્યા ભેગા જ તેઓ દોડી આવ્યા હતા.

વાઘણનું બચ્ચું તો અમારા હાથમાં ન આવ્યું. થોડા દિવસ તે બોલતું સંભળાયું અને પછી ભૂખમરાથી મરી ગયું.

આ મ આયનપુરની નરભક્ષી વાઘણના અત્યાચારી જીવનનો છેવટે અંત આવ્યો. મેં 'સુંદરગૌરી'ને બોલાવી મંગાવી અને તેના ઉપર વાઘણનો મૃત દેહ લાદીને અમે મોરલે તરફ રવાના થયા. પરંતુ આ શુભ સમાચારને હેબસુર ગામમાં પહોંચતાં વાર ન લાગી અને ત્યાંના લોકો સળગતી મશાલો સાથે ઢોલ વગાડતા આવ્યા અને અમારૂં સ્વાગત કર્યું, એટલું જ નહિ પણ ગામમાં આવી વાઘણનું પ્રદર્શન કરવા આગ્રહ કર્યો. અમે આ ભોળા ગામલોકોના આગ્રહને પાછો ઠેલી શક્યા નહિ. ગામમાં દાખલ થતાં જ આખું ગામ અમારૂં સ્વાગત કરવા નીકળી પડયું. બાલક, વૃદ્ધ, સ્ત્રી, પુરુષો, સૌ વાઘણને જોવા પડાપડી કરવા લાગ્યા. બાળકોની જિજ્ઞાસાનો તો પાર ન હતો. કોઇની જનેતા અને કોઇનો પિતા આના પેટમાં સમાઈ ગયા હતા. જે પ્રાણીએ તેમને અનાથ કર્યા હતા અને જેના ભયથી રાત્રે તેઓ સ્વપ્નમાંથી ભડકીભડકીને ઊઠી પડતા એ પ્રાણીના મૃતદેહ સામે તેઓ ફાટી આંખે કુતૂહલથી જોઈ રહ્યા.

આજે હવે ગામલોકોએ છુટકારાનો દમ લીધો અને આનંદમાં આવી, પોતાની પીઠ ઉપર નરભક્ષી વાઘણને ધારણ કરનાર 'સુંદરગૌરી'ને કેળાં અને મલીદાનું ભોજન કરાવ્યું અને આ આનંદોત્સવનું માન જાણે તેને જ આભારી હોય તેવી છટાથી સુંદરગૌરીએ એ સન્માનનો સ્વીકાર કર્યો! તે ભૂલી ગઇ કે પોતે આ સભ્ય સમાજમાં આવી તે અગાઉ હજી તો છ મહીના પહેલાં જ તે પોતે પણ વાઘણ જેટલી જ જંગલી હતી!

વાઘણ ઠાર થયાના સમાચાર વીજળીવેગે આખા પ્રદેશમાં ફેલાઈ ગયા અને બીજા દિવસથી જ ખેડૂતો નિર્ભય રીતે ખેતરોમાં ગયા, કઠિયારા જંગલમાં લાકડાં કાપવા લાગ્યા, આનંદથી ગીત લલકારતા ગોવાળો ધેનુનાં ધણ લઇને વગડામાં ફરવા લાગ્યા અને જંગલના નિર્જન બની ગએલા માર્ગો ફરી જનપદથી કલ્લોલવા લાગ્યા. જંગલી હાથીઓને પકડવાની અમારી સરકારી 'ખેડા' પ્રવૃત્તિ પણ પાછી ઉમંગથી શરૂ થઈ ગઈ. **વિજયગુપ્ત મૌર્ય**

[મ્હૈસુર સરકારના હાથીખાતાના અમલદાર જી. પી. સૅન્ડરસનના અનુભવ ઉપરથી લખેલી એક સત્ય ઘટના]

પરદેશના પત્રમિત્રો — Our Friends Abroad

આ પત્ર મેળવનાર:

જયેન્દ્ર ગિ. ત્રિવેદી, રેલવે દવાઘર, બોટાદ (કાઠિયાવાડ)

Stud. Hans Yngstrom
Torsvagen 5 Stocksund (Sweden)
સ્ટૉકસન્ડ ૪-૩-૧૯૪૬

પ્રિય જયેન્દ્ર,

હું ધારૂં છું કે એ તમારૂં ખ્રિસ્તી નામ છે! મેં તમારૂં નામ સરનામું એક પત્રવ્યવહાર મંડળ પાસેથી મેળવ્યું છે. હું ૨૦ વર્ષનો સ્વીડીશ કુમાર છું અને સ્વીડનના મુખ્ય શહેર સ્ટૉકહોમના સ્ટૉકસન્ડ નામના પરામાં રહું છું.

હું સ્ટૉકહોમની એક મહાશાળામાં અભ્યાસ કરૂં છું. આ વસંતમાં હું મારી મૅટ્રીકયુલેશન પરીક્ષામાં બેસીશ. શાળાની એ છેલ્લી પરીક્ષા હોય છે અને પછી જ યુનિવર્સિટિનો અભ્યાસ શરૂ થઈ શકે છે. મારી પરીક્ષા પછી મારે એક વર્ષ લશ્કરી તાલીમ લેવી જોઈશે.

મારા શોખના વિષયો? મને રાજકારણ તથા રંગભૂમિમાં ઊંડો રસ છે; રમતો પણ ખરી. શિયાળામાં હું આસપાસના જંગલમાં 'સ્કીઇંગ' (બરફ ઉપર લપસવાની રમત) કરૂં છું; વસંત અને પાનખરમાં જંગલોમાં પગેરાં (track-finding) કાઢું છું. ગયા જુન—જુલાઈ—ઑગસ્ટની રજાઓમાં મેં દક્ષિણ સ્વીડનમાં એક ખેતર પર કામ કરેલું.

હવે સ્વીડન વિષે કંઈક લખું. હિંદ વિષે મારૂં જ્ઞાન અલ્પ છે એ કબૂલ કરૂં છું અને કાઠિયાવાડ તો મારે માટે છેક જ અજાણ્યું છે. સ્વીડનની વસતિ ૬૫ લાખની છે. ખાદ્ય પદાર્થો અને બીજી પેદાશોમાં યુરોપી દેશો તથા હિંદ કરતાં વધુ સમૃદ્ધ છે. માંસ, રોટી, માખણ અને ખાંડ એટલાંનું જ અહીં રેશન છે, અને એ રેશન પણ મોટા પ્રમાણમાં મળે છે. અમે તો બીજા દેશોને પણ મદદ કરીએ છીએ. જો કે એ મદદ હજુ વધારવી જોઇએ એમ હું માનું છું.

મેં ઉપર લખ્યું કે હું રાજકારણમાં રસ લઉં છું, છતાં મારે કબૂલ કરવું જોઇએ કે હિંદના ઉત્પાતભર્યા કોયડા વિષે હું બહુ થોડું જાણું છું. આશા રાખું છું કે બ્રિટન—હિંદ ઝઘડા વિષે તમે થોડી માહીતી આપશો.

ધારૂં છું કે તમને મારી સાથે પત્રવ્યવહાર કરવામાં આનંદ આવશે અને મારૂં વિચિત્ર શાળાકીય અંગ્રેજી તમે સમજી લેશો અને ભાષા વિષયક ભૂલોને ગણકારશો નહિ. તમારો હૅન્સ

રવીન્દ્રનાથના કેટલાક પત્રો



કવિને ઓળખવો હોય તો એનું કાવ્ય જોવું જોઇએ, એ એક નિયમ છે. પણ રવીન્દ્રનાથ વિષે એમ કહી નહિ શકાય. માત્ર એમનાં કાવ્યોમાં જ નહિ પણ એમનાં ગીતો, નાટકો, નવલો, વાર્તાઓ, પ્રવાસવર્ણનો, નિબંધો વગેરે અનેકવિધ સર્જનમાં એટલી બધી કાવ્યસંપદ ભરી પડી છે કે એ બધામાં પ્રચ્છન્નરૂપે રહેલ કવિના આત્માનો પરિચય પામી શકો; અને એથી જ રવીન્દ્રનાથને જાણવો માટે એમનાં કાવ્યો ઉપરાંત અન્ય સર્જનપ્રકારોનું અનુશીલન પણ જરૂરી છે.

રવીન્દ્રનાથ જ્યારે સાહિત્ય સર્જે છે ત્યારે તો એમની કૃતિઓમાં એક અપૂર્વ પ્રકાશ દેખાય છે જ; પરંતુ જે કૃતિમાં એમનો ઉદ્દેશ સાહિત્યસર્જન કે કાવ્યરસના પરિવેશનનો નથી હોતો તે કૃતિ પણ સાહિત્યને ત્રાજવે ઉન્નત જણાઈ છે. આ વાત એમના પત્રો વિષે છે. એમાં પ્રગટ થતું એમનું કવિ-માનસ અવારનવાર ઉજ્જ્વલ ભાવે દેખા દે છે. એમાં એમનું કવિત્વ, કૌતુહલ ને ભાવનું રંજન સ્પષ્ટપણે દેખાય છે. ઉપરાંત એમાં એવાં અનેક તત્ત્વો પડયાં છે, જે રવીન્દ્રસાહિત્યનો રહસ્યપડદો ઊંચો કરી શકે. આ બધાં કારણોસર એમના પત્રો જોવા જરૂરી છે.

રવીન્દ્રનાથે જુદાજુદા સમયે સ્વ. ચારુચંદ્ર બંદ્યોપાધ્યાય (જે તે વખતે 'प्रवासी'ના સહકારી સંપાદક હતા) પર લખેલા પત્રોમાંથી 'प्रवासी' (કારતક ૧૩૪૮ બંગાબ્દ.) માં પ્રગટ થએલા કેટલાક અપ્રકાશિત પત્રો અહીં ઉતારવામાં આવ્યા છે. એ સમયે કવિની કવિતાઓનો સૌ પહેલો સંગ્રહ 'चयनिका' ઇન્ડિયન પ્રેસદ્વારા તાજો જ બહાર પડેલો. એની સંકલના સ્વ. ચારૂચંદ્ર બંદ્યોપાધ્યાયે જ કરેલી. 'चयनिका' મળતાં કવિએ લખેલું—

(ટપાલની છાપ: બડા બજાર)

પ્રિયવરેષુ, ૨૮ સપ્ટેમ્બર '૦૯, કલકત્તા.

'चयनिका' મળી છે. મુદ્રણ સારૂં છે, કાગળ સારો છે, બાંધણી પણ સારી છે. કવિતા સારી છે કે કેમ એ તો જન્માન્તરે જ્યારે સમાલોચક થઇને જન્મીશ ત્યારે જણાવીશ.

પરંતુ ચિત્ર સારૂં નથી થયું એટલું તો સ્વીકારવું જ પડશે. આ ચિત્રને માટે જ આતુરતાપૂર્વક રાહ જોતો હતો. કારણ એ મારી કૃતિ નથી. નંદલાલ પાસે મૂળ ચિત્ર જેવું જોયું હતું, તેવું આ પુસ્તકમાં નથી દેખાતું. ઉલટાનું જરાક ખરાબ જ દેખાયું.

પોતાની જ પ્રતિમૂર્તિ વિષે પોતે જ કંઈ મત દર્શાવવો એ શિષ્ટાચાર નથી. પણ આત્મીય સ્વજનો ને મિત્ર-દોસ્તો જે કોઈ આ જોશે તે રોષે જ ભરાશે. મૂળ ફોટો બહુ સુન્દર નથી આવ્યો, પણ એનું આ મુદ્રણ તો એનાથી ક્યાંય દૂર નીકળી જાય છે. બધા એક અવાજે કહે છે કે જો હજુ યે બંધાયું ન હોય તો પુસ્તકમાં ન બાંધવું એ જ સારૂં છે. ઓછામાં ઓછું મને આપવાની બીજી નવ પ્રતમાં તો એ ન જ મૂકશો. કારણ જેમને હું એ આપવાનો છું, એ સૌએ મને નજરોનજર જોયો છે. આ ચિત્ર જોઇને એ સૌ કદાચ મને ભૂલી જાય તો?

હેમાર વ્યાખ્યાનો આપતો ફરૂં છું. જીવ ગળે આવી ગયો છે. અત્યારે એક વ્યાખ્યાન ચઢાઈની તૈયારીમાં છું. અત એવ ઇતિ.

શ્રી રવીન્દ્રનાથ ઠાકુર

પ્રિયવરેષુ,

ફરી એ જ પશ્ચાતટે આશ્રય લીધો છે. અત્યારે એનું હરિતવર્ણું મોં પ્રસન્ન ને સુંદર દીસે છે.

'चयनिका' અંગેના ફોટો માટે શું કામ બખડજંતર કરો છો? એને બાદ કરવામાં જ વધુ આનંદની વાત હતી. મારી પ્રત્યેક ચોપડીમાં મારી છબિ જોઇજોઇને હું ખૂબ જ કંટાળી ગયો છું. હવે તો અરીસામાં મારૂં મોં જોવું યે બંધ કરૂં એમ થાય છે.

એક સસ્તી કિંમતની चयनिका છાપી, જો માત્ર ૧૦૮ જેટલી નકલ વધુ મૂલ્યની કાઢી હોત તો વાચકો માટે યે લાભકારક થાત અને વ્યાપારીઓને પણ લાભ થાત. ઘણાંની ઇચ્છા હોય છે કે એ चयनिका ખરીદે, પણ ખિસ્સું ના પાડતું હોય છે. હું જો વાચક હોત તો ચાર રૂપિયા ખર્ચી चयनिका ખરીદત નહિ. ઇતિ.

૨૯ આસો ૧૩૧૯ (બંગાબ્દ) શ્રી રવીન્દ્રનાથ ઠાકુર

ૐ

પ્રકાશનાર્થે લખાણ મોકલતાં શ્રી રવીન્દ્રનાથ સંપાદકની રુચિને ચૂંટણીને કેટલું માન આપતા એ એમના અનેક પત્રોમાં જોઈ શકાય છે. નીચેનો પત્ર એનું એક ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરૂં પાડે છે:

પ્રિયવરેષુ,

આજે રજિ. પોસ્ટથી બે કૃતિઓ તમને મોકલી છે. જો પસંદ ન આવે તો એક બાજુ નાખી ન દેતાં મને પરત મોકલાવશો. મનમાં એમ ન માનતા કે હું ગુસ્સે થઇને કહું છું. હું યે એક વેળા સંપાદક હતો. સંપાદકની ફરજ બજાવતાં દયા-માયાને વિસારવાં જ પડે છે. તમારા વિચાર અને અભિરુચિ મુજબ કાર્ય કરતા રહેજો. હું કોઇ પણ રીતે જરાયે-લેશમાત્ર ક્ષુબ્ધ નહિ બનું. લખાણનો વિષય કદાચ મનોરમ્ય નહિ લાગે. તદુપરાંત લંબાણ. લેખિકાઓ પણ હજુ શિખાઉ. એટલે જો આ કૃતિઓ તમને વર્જન કરવા યોગ્ય જણાય (લેવા લાયક ન લાગે) તો એ માટે અમે ગર્જન નહિ કરીએ. ફરી બીજું લખાણ પણ મોકલીશ. ઇતિ. ૨૧ ભાદ્ર૦ તમારો

શ્રી રવીન્દ્રનાથ ઠાકુર

નીચેના પત્ર પર છાપ છે: પ્રયોગ દાખલ શાન્તિનિકેતન, ૬ સપ્ટે.'૧૦.

બંગાબ્દ ૧૩૧૮ના ભાદ્ર૦ અંકથી ૧૩૧૯ના શ્રાવણ અંક સુધી 'प्रवासी'માં કવિની 'જીવન-સ્મૃતિ' ક્રમશઃ પ્રગટ થતી રહેલી. એ સમયે 'प्रवासी' તરફથી સ્વ૦ ચારુચંદ્ર બંદ્યોપાધ્યાય સાથે જે પત્રવ્યવહાર સ્વ૦ રવીન્દ્રનાથનો થએલો, તે જેમ કૌતુકપ્રદ છે તેમ કિંમતી પણ છે. ચારુચંદ્રે કવિ પાસેથી એમનાં જીવનસ્મરણો માગતાં કવિએ ઉત્તરમાં લખેલું—

પ્રિય સંભાષણમેતત્,

વાહ, તમે યે ભલા માણસ છો! હવે એકદમ મારા જીવનમાં હસ્તક્ષેપ કરવા માગો છો? આટલા દિવસ મારાં કાવ્યો વિષે ખૂબ વાદવિવાદ થયો છે; હવે લાગે છે કે મારા જીવન વિષે છેડછાડ થશે!

સંપાદક થતાં માનવીની દયા-માયા તદ્દન ચાલી જાય છે, તેનું જાજ્વલ્યમાન દૃષ્ટાંત જ જાણે તમે છો ! જ્યાં સુધી જીવતો છું ત્યાં સુધી જીવનને રહેવા દ્યો. એને બદલે વ્યાકરણનો એક ભાગ(અંશ) આ વેળા મોકલું છું, અને મોટા ભાઈનું લખાણ પણ મોકલું છું.

એક નવું નાટક લખવાના પ્રયત્નમાં છું. એકાદ-બે દિવસમાં જ શરૂ કરીશ.

તમારો

શ્રી રવીન્દ્રનાથ ઠાકુર

ૐ

પ્રિયવરેષુ   શિલાઇદહ, નદિયા.

મારા જીવન માટે દાવો કરતાં તમે જે દલીલો કરી છે તે સંતોષજનક નથી. તમે લખો છો 'આપનું જીવન જોઈએ છે.' આની પાછળ જો ધરી રાખેલી બંદુક કે Halliday સાહેબની સહી હોત તો તમારી દલીલોની પ્રબળતા વિષે કોઈને કંઈજ શંકા ન રહેત. આથી અત્યારે તો મારૂં જીવન નિર્વિઘ્ને મારે જ આધીન રહેશે. અને એ જ યોગ્ય છે.

સાચી વાત તો એ છે કે તમે આલોક. પરલોક અને બન્નેયે બાજુનો પૂરેપૂરો વિચાર કરીને આ ઠરાવ કર્યો છે, કે માત્ર સંપાદકના દુર્જેય લોભે અંધ બની આ દુઃસાહસ કરવા તત્પર બન્યા છો એ હું બરાબર જાણી શક્યો નથી. ને એથી કંઈ જ નક્કી નથી કરી શકતો. તમારી ઉમર ઓછી છે, એટલે હઠ કરવી એ જ તમારે માટે સ્વાભાવિક છે ને શોભીતું પણ. એથી આ વિષે રામાનંદબાબુનો મત શો છે તે જાણ્યા વિના તમારા માસિકના black and white માં મારા જીવનની એક બાજુએ ધોળ ને બીજી બાજુએ શાહી ચોપડી નહિ શકું.

પચાસ વીતતાં લોકો પ્રગલ્ભ થવાનો અધિકાર મેળવે છે; પણ છતાંયે ધોળા વાળ અને શ્વેત દાઢી-મૂછ પણ અહંકારને પૂર્ણપણે શુભ્ર કરી શકતાં નથી.

તમારો

ઇતિ ૬ જેઠ ૧૩૧૮   શ્રી રવીન્દ્રનાથ ઠાકુર

ૐ

પ્રિયવરેષુ   (પોસ્ટ છાપ) શિલાઈદહ, ૨૭ મે '૧૧

આખરે તમારા હાથમાં જ જીવન સમર્પણ કરવું પડ્યું રામાનંદબાબુને લખ્યું છે, પણ અજીત[1]નો લેખ પૂરો થઈ ગયા પછી જ એ (જીવનસ્મૃતિ) શરૂ થાય તો સારૂં. મારા જીવન વિષેની લોકોની ઉત્સુકતા પણ ત્યારે કદાચ થોડીક વધશે.

[2]સત્યેન્દ્રને અહીં ક્યારે મોકલવાનું નક્કી કરો છો એ મને તુરત જણાવશો. અહીં એને જરાયે તકલિફ નહિ પડે. તમે અહીં ન આવી શકો તો શું [3]મણિલાલ એના પથદર્શક બની એને અહીં મૂકવા ન આવી શકે?

ઇતિ ૧૩ જેઠ ૧૩૧૯   તમારો

શ્રી રવીન્દ્રનાથ ઠાકુર

ૐ

પ્રિયવરેષુ

તમારૂં આ વખતનું 'પ્રવાસી' બહુ સારૂં બન્યું છે. ખાસ કરીને આ વખતનો 'કષ્ટિપાથર' (કસોટીનો પત્થર) વિભાગ બરાબર જોઈએ તેવો જ બન્યો છે લોકો પર નાહક આઘાત ન કરતા. 'નાહક' એ માટે કહું છું. કે જેનું મોત આવ્યું છે એ તો મરવાનો જ; તો પછી જાણી જોઈને ગોહત્યાનું પાપ શા માટે વહોરવું? સાહિત્યની ગુંડાગીરીમાં જેઓ પક્કા બની ગયા છે તેમને જ એ ખૂનજખમનો લાભ લેવા દો. તમે સજ્જન છો, તમારે દયામાયા છે, માનીને લોકો તમને યાદ કરે છે. જેઓ લખતાં નથી જાણતા તેઓ સહેજે જ હતભાગી છે વિધાતાએ જ એને દંડ દીધો છે. તેના ઉપર તમારે શા માટે એનો દુઃખભાર વધારવો? તમારા પર જે દ્વેષે બળે છે તેઓ પોતાના અંતસ્તલે પોતે જ દાઝે છે, બળે છે. તેના ઉપર વધુ તાતાં તીર ન છોડો. શાંતપણે સંપાદકનું સ્થાન અજવાળ્યે જાવ. આ મારો આશીર્વાદ છે. ભ્રુકુટિ તણાવાનું ચિહ્ન કપાળમાંથી દૂર થાઓ.

શ્રી રવીન્દ્રનાથ.

ૐ

પ્રિયવરેષુ,   (પોસ્ટ છાપ) શિલાઈદહ, ૪ જૂન '૧૧.

પરદેશી વાર્તાઓ બંગાળીમાં ઊતરવી હવે બાકી રહી હોય એમ નથી દેખાતું. તુર્ગનેવની Triumphant Love નામની એક સુવિખ્યાત વાર્તા છે. એનું પણ મેં દિનુ પાસે ભાષાંતર કરાવ્યું હતું. કદાચ એ પણ એમાંક ક્યાંક પ્રગટ થઇ ગઈ હશે. પણ એની ખબર રાખવી એ પણ સહેલું નથી ને! જ્યાંજ્યાં જેજે આવી વાર્તાઓ પ્રગટ થાય એ તુરતાતુરત એક રજિસ્ટરમાં નોંધાય એવું તમે ન કરો? મૌલિક કહેવાતી અનેક વાર્તાઓ પણ હકીકતમાં ભાષાન્તર જ હોય છે.

કવિને મારૂં કવિજીવન વાંચવા આપજો. એ તમારી સંપાદકની નાતના નથી, એટલે એમનું હૃદય કોમળ હશે; ને તેથી એ વાંચીને તેઓ શું કહે છે તે જાણવા ઈચ્છું છું. સત્યેન્દ્રને શરીરે તો સારૂં છે ને?

ઇતિ ૨૫ જેઠ, ૧૩૧૯   તમારો

શ્રી રવીન્દ્રનાથ ઠાકુર

(બંગાળી ઉપરથી) રમણિક મેઘાણી

1 શ્રી અજિતકુમાર ચક્રવર્તી. તેઓ એ વખતે રવીન્દ્રકાવ્ય વિષે 'પ્રવાસી'માં ચાલુ લેખમાળા લખતા હતા, જે પાછળથી ત્રણ પુસ્તકોરૂપે બહાર પડેલી. (૧) રવીન્દ્રનાથ. (૨) કાવ્ય–પરિક્રમ (૩) બાતાયન[?] 2 સ્વ. કવિ સત્યેન્દ્રનાથ દત્ત. 3 સ્વ. મણિલાલ ગંગોપાધ્યાય.

મૂળશંકર હરિનંદ મૂળાણી (અનુસંધાન પાછળના પાન ૯૦થી) અને રમણભાઈ જેવાઓએ એમનાં નાટકો જોઇ ઊંચા અભિપ્રાય આપેલા. સ્વ. રણજીતરામે તો એમનાં નાટકોમાંથી કેટલાક ભાગ પ્રસિદ્ધ કરવાની માગણી કરેલી, પણ દૈવયોગે રણજીતરામ અકાળ અવસાન પામ્યા.

એમનાં મધ્યકાળનાં નાટકો 'સૌભાગ્યસુંદરી' સાથેનાં 'અજબ કુમારી', 'વીરમંડળ', 'વિક્રમચરિત્ર', 'જુગલ જુગારી', 'કામલતા', 'નંદબત્રીસી' અને 'કૃષ્ણચરિત્ર' એમાં લોકરુચિને સાથે રાખવાના પ્રયત્નમાં એમણે માત્ર સરળતા ને આકર્ષક વસ્તુયોજના એ બે જ તત્ત્વો સંભાળેલાં છે; જ્યારે સાહિત્યગુણોની દૃષ્ટિએ જોતાં વસ્તુવિકાસ, પાત્રવૈવિધ્ય, સ્વભાવવિકાસઆદિ કલાની યોજના સાથે ઉચ્ચ આદર્શો ને વિચારો, રસિક તર્કવાદો, શુદ્ધ ને બળવાળી ભાષા તેમજ કાવ્યમય સાહિત્યનો ઉપયોગ તો ધીમેધીમે ચડતાં દેખાતાં આવે છે. 'કૃષ્ણચરિત્ર' નાટક સુધીમાં એમનો મધ્યકાળ પસાર થઈ એમની કલા પૂર્ણ વિકાસ પામે છે. એ દરમ્યાન એમનું જીવન પણ ક્રમશઃ યોગાભ્યાસ અને તત્ત્વચિંતન તરફ વળતું જતું હોવાથી એમના પક્વકાળનાં નાટકો હૃદયભાવનાનાં ચિત્રો કરતાં વિચારસમૃદ્ધિથી વિશેષ ભરેલાં દેખાય છે. ('ગ્રંથ-ગ્રંથકાર' અને 'નવચેતન' ઉપરથી)

પિંગળ-પરિચય

કવિતા-રચનાના શાસ્ત્રની સમજણ

[આજે યુવાન વર્ગમાં કવિતારચનાનો શોખ અગાઉ કરતાં ઘણા-બહોળા પ્રમાણમાં જણાય છે, પરંતુ તેના શાસ્ત્રીય જ્ઞાનને અભાવે ઘણાને મૂંઝાતા જાણ્યા છે. 'દલપત-પિંગળ', 'રણપિંગળ'ના મહાગ્રંથો કે 'નર્મકવિતા'માંનો 'પિંગળ પ્રવેશ', ઊગતા શીખ-નારાઓ માટે જોઇએ તેટલા વિશદ જણાયા નથી. બૃહદ વ્યાકરણ વગેરેને છેડે અપાયેલાં છંદરચનાનાં પ્રકરણો સંપૂર્ણ નથી. આ સંજોગોમાં શ્રી કેશવરામ શાસ્ત્રીના આગામી પાઠય પુસ્તકમાનું આ પ્રકરણ આગોતરું પ્રકટ કરવાની તક અમે સાભાર લીધી છે.

ગયા અંકમાં પિંગળશાસ્ત્રની પ્રારંભિક વિગતો, પારિભાષિક શબ્દો તથા અક્ષર-મેળ છંદોની રચનાની સમજણ આપવામાં આવ્યાં હતાં. આ અંકમાં તેને અનુસંધાને અક્ષરમેળના વિશેષ પ્રકારો તથા માત્રામેળ છંદોની રચના સમજાવવામાં આવ્યાં છે.]

—લેખક · કેશવરામ કા. શાસ્ત્રી—

અર્ધસમ છંદો

ગયા અંકમાં આપેલા અક્ષરમેળ છંદ તે બધા 'સમ' છંદ હતા. સંસ્કૃત-માંના એત્રણ 'અર્ધસમ' છંદ (જેમાં ૧લા ૩જા ચરણ એક માપનાં ને બેકી ચરણ જુદા માપનાં હોય તેવા છંદ) પણ આપણે ઉપયોગમાં લઇએ છીએ. એમાં **સુંદરી** કે **વિયોગિની** મુખ્ય છે.

૧૦ અને ૧૧ અક્ષરનો સુંદરી કે વિયોગિની: એનું બંધારણ—

'વિષમે સસજ ગ આવતાં, સભરાલે ગુરુ સુંદરી સમે.'

વિષમ એટલેકે પહેલા અને ત્રીજા ચરણમાં સગણ, સગણ, જગણ તથા ગુરુ એમ ૧૦ અક્ષરો, ને સમ એટલેકે બીજા તથા ચોથા ચરણ-માં સગણ, ભગણ, રગણ, લઘુ ને ગુરુ, એમ ૧૧ અક્ષરો એમાં આવે છે.

લ લ ગા, લ લ ગા, લ ગા લ, ગા,
લ લ ગા, ગા લ લ, ગા લ, ગા, લ, ગા

ઉઘડે જવ ફુલ્લ પૂર્ણિમા, કરી કલ્લોલ ઊંચા ગિરિ સમા
દધિ ધૂર્જટિ જેમ નતતો, ઉર એ કૌમુદીને સમર્પતો
જગમાં પણ કોઇને કદી ન મળે એકલી શુભ્ર કૌમુદી
અજવાળું પીધેલ આજને ભરી અંધારું પીવાનું છે જ ને! (શેષ)

વિયોગિનીને છેડે એકેક ગુરુ વધવાથી, એટલેકે વિષમ ચરણો-માં ૧૧ અને સમમાં ૧૨ અક્ષર લેવાથી '**માલભારિણી**' બને છે.

૧૨ અને ૧૩ અક્ષરનો **પુષ્પિતાગ્રા**: એનું બંધારણ આ મુજબ—

વિષમ નનર એ ય-સાથ થાતાં
સમ નજ જે રગ થાય પુષ્પિતાગ્રા.

વિષમ=૧લા અને ૩જા ચરણમાં નગણ, નગણ, રગણ અને યગણ તથા સમ=૨જા અને ૪થા ચરણમાં નગણ, જગણ, જગણ, રગણ અને છેલ્લે ગુરુ એમ ૧૨ અને ૧૩ અક્ષરના મિશ્રણે આ છંદ બને છે.

લ લ લ, લ લ લ, ગા લ ગા, લ ગા ગા
લ લ લ, લ ગા લ, લ ગા લ, ગા લ ગા, ગા

ઠમક ઠમક ચાલ ચાલનારી,
વિકસિત અબ્જ કરે ધરી જનારી;
પ્રિયતમ-મુખ દૃષ્ટિ કાજ વ્યગ્રા,
બસ કમલા ધસતી ન પુષ્પિતાગ્રા! (કે. કા. શાસ્ત્રી)

વિષમ છંદો

સંસ્કૃતમાં જે મૂળ વિષમ છંદો છે તે તો આપણે ત્યાં ગુજરાતીમાં યોજાતા જ નથી. હાલ માત્ર આપણે ત્યાં છંદોનું મિશ્રણ કરવાનું શરૂ થયું છે. ગયા હપતે આપેલી ઉપજાતિ અને મિશ્રોપજાતિ એ લગભગ આ કોટિમાં આવે છે.

એ ઉપરાંત ચરણોમાં ખંડો પણ પાડવામાં આવે છે. ઉપજાતિ, શિખરિણી, મંદાક્રાંતા વગેરેના એમ ટુકડા પાડીને સ્વતંત્ર રચના કરવામાં આવે છે. તેનાં માપ ઉપરથી તે ટુકડા વિદ્યાર્થી પકડી શકે છે.

વૈદિક ઘાટી: વૈદિક ઘાટીનાં ચરણ સાચવતી ઉપજાતિ પણ હાલ આપણે ત્યાં રચાય છે, જેમાં ૧૧ અને ૧૨ અક્ષરના માપના શાલિની, ઇંદ્રવજ્રા, ઉપેન્દ્રવજ્રા, વંશસ્થ, ઇંદ્રવંશા વગેરેનાં ચરણો મિશ્રિત કરવામાં આવે છે; તેમજ તેમાં શુદ્ધ વૈદિક પદ્ધતિના ત્રિષ્ટુભ અને જગતી માપનાં પણ ચરણો હોય છે જેમકે—

જુઓ હસે છે નભગોખ સૂર્ય,	(ઉપેન્દ્રવજ્રા)
પાસે પાસે એક ઝૂલે ઝૂલંતાં	(શાલિની)
પ્રફુલ્લતાં કિંતુ ન જોડ સંગમાં	(વંશસ્થ)
અધન્ય એવાં પદ્મ ને પોયણાં શાં	(ઉપેન્દ્રવજ્રા+શાલિની)
જોઈ મુખો આપણ બે તણાં અહીં.	(ઇંદ્રવંશા)
ઝાઝી વેળા વ્યોમ માંહે ન સોહે	(શાલિની)
સાથે સાથે સૂર્ય ને સોમ, કૃષ્ણ.	(,,)
સોહે નહીં એક રથે ય એવા	(ઇંદ્રવજ્રા)
પ્રવીર બે કૌરવ પાંડવોના.	(ઉપેન્દ્રવજ્રા)
અદૃશ્ય થાતા પુર-કોટ-કાંગરા,	(વંશસ્થ)
ધપ્યે જતા પંથપિપાસુ અશ્વ.	(ઉપેન્દ્રવજ્રા)
આજ્ઞા કરો, કૃષ્ણ, ઉતારવા મને.	(ઇન્દ્રવંશા)
ક્ષણેક થંભે રથ. દો અનુજ્ઞા.	(ઉપેન્દ્રવજ્રા)
જાઉં. પ્રતીક્ષા કરતા હશે ત્યાં	(ઇંદ્રવજ્રા)
કૈં વર્ષોથી શૌર્યઉન્માદ વ્યાકુલા	(આ-શાલિની)
સંગ્રામાર્થે જે ભુજા ખંજવાળતા	(,,)
આજે લાધ્યે યુદ્ધનું પર્વ ધન્ય,	(શાલિની)
પ્રસન્ન સૌ કૌરવ હસ્તિનાપુરે	(વંશસ્થ)

—ઉમાશંકર

અક્ષરમેળ વૃત્તોમાં સંખ્યામેળ પ્રકારના છંદો

અહીં સુધી જે અક્ષરમેળ છંદો આપવામાં આવ્યા તેનાં માપ ગણ ઉપરથી સિદ્ધ કરી શકાય તેવું હતું. તેમાં નક્કી સ્થાને લઘુ-ગુરુ અક્ષરો સ્થિર હતા. પણ અક્ષરમેળ વૃત્તોનો બીજો એક પ્રકાર એવો છે કે જેમાં ચરણમાં માત્ર અક્ષરોની સંખ્યા જ ચોક્કસ હોવાનું બંધન; લઘુગુરુનાં સ્થાન ચોક્કસ હોવાનો આગ્રહ નહિ. 'કવિત'ના નામથી જાણીતા '**મનહર**' અને '**ઘનાક્ષરી**' એ આવા છંદ છે.

મનહરનું બંધારણ આ મુજબ:

અંતમાં ગ, એકત્રીસ અક્ષર બધે કરીશ,
આઠ આઠે અટકીશ, ત્યારે મનહર છે.

મનહરમાં ૩૧ અક્ષરો અચૂક આવવા જોઇએ. એમાં આઠઆઠ અક્ષરે વિરામ લેવાનો અને દરેક ચરણને છેડે ગુરુ આવે. જેમકે—

ઊંટ કહે આ સમામાં વાંકાં અંગવાળાં ભૂંડાં
ભૂતળમાં પક્ષીઓ ને પશુઓ અપાર છે.
બગલાની ડોક વાંકી, પોપટની ચાંચ વાંકી,
કૂતરાની પૂંછડીનો વાંકો વિસ્તાર છે.

વારણની સૂંઢ વાંકી, વાઘના છે નખ વાંકા,
ભેંસને તો શિર વાંકાં શીંગડાનો ભાર છે.
સાંભળી શિયાળ બોલ્યો, દાખે દલપતરામ,
અન્યનું તો એક વાંકું, આપનાં અઢાર છે. (દલપતરામ)

૩૨ અક્ષરનો ઘનાક્ષરી : એનું બંધારણ—

અંતમાં ગ લ બત્રીસ, અક્ષર બધે કરીશ,
આઠ આઠે અટકીશ, ત્યારે ઘનાક્ષરી છંદ.

એટલેકે મનહરના ૩૧ને બદલે છેડે એક લઘુ વધારી ૩૨ અક્ષર કરવામાં આવે તે ઘનાક્ષરી. બાકી બધું મનહર મુજબ જ.

ફૂલેલાં દેખીને ફૂલ ફોગટ ફુલાવું નહીં
ફૂલની સફાઇ તો ફરે દિવસે ફરી જાય;
પીતળનો પ્રીતનો પતંગનો પોથીનો રંગ
નવો નવો નવ દિન સુધી હૈયું હરી જાય. (દલપતરામ)

કલિકા: કવિ ખબરદારે મનહરમાંથી છેલ્લો ગુરુ કાઢી નાખીને અને છેલ્લો અક્ષર અવશ્ય લઘુ જ રાખીને જે છંદ પ્રયોજ્યો છે તેનું નામ તેમણે 'કલિકા' આપ્યું છે. તેનું ઉદાહરણ—

લીલા પેલા આંબલાની સૂંઘૂંથી છાયા નીચે
ચાંદની શી મંજરી છે પડી એમ તેમ;
ડાંખળી શા હાથ વાળી ફૂલ જેવું શીશ મૂકી
સૂતેલી છે પ્રિયા મારી મંજરીની જેમ. (ખબરદાર)

અનુષ્ટુપ : આઠઆઠ અક્ષરનાં ચાર ચરણોનો આ અત્યંત વ્યાપક છંદ સંસ્કૃતમાંથી મળેલો છે. આજે આપણે એને બે લીટીમાં લખીએ—છાપીએ છીએ, પણ ખરું જોતાં તેનાં ચરણ ચાર છે. સામાન્ય રીતે એને આપણે શ્લોક કહીએ છીએ. એનું બંધારણ આ મુજબ છે:

પાંચમો લઘુ સર્વત્ર, છઠ્ઠો સર્વત્ર ગા કહ્યો;
વિષમે સાતમે હ્રસ્વ, સમે શ્લોક ગ સાતમો.
બીજે ત્રીજે અને ચોથે નરસા વર્જ્ય જાણવા.
વિષમે ર કદી ત્યાં હો, સ્થિતિ આ છે અનુષ્ટુપે.

અનુષ્ટુપમાં બધાં (ચારે) ચરણમાં પાંચમો અક્ષર અચૂક લઘુ જ આવે, અને છઠ્ઠો અક્ષર ગુરુ જ આવે. વળી વિષમ એટલેકે એકી ચરણમાં સાતમો અક્ષર ગુરુ જ આવે, અને સમ એટલે બેકી ચરણમાં સાતમો લઘુ જ આવે. આ સામાન્ય લક્ષણ પછી વિશેષ એ ખ્યાલ રાખવાનો કે ચારે ચરણોમાં ૨–૩–૪ એ અક્ષરોનો સમૂહ નગણ, રગણ કે સગણ રૂપે (એટલે કે લલલ, ગાલગા અને લલગા એ રીતના) ન આવવા જોઇએ. એકી ચરણમાં ત્યાં કદીક રગણ (ગાલગા) ચાલે, પણ બેકીમાં તો નહિ જ. આટલી સાવચેતી લીધા પછી, અનુષ્ટુપ સિદ્ધ થઇ જશે.

પિતાજી! પત્ર ને પુષ્પે એ જ આવી વસંત આ,
ટહૌકે છે કોકિલા, એવાં ટહૌકે છે સ્મરણો અહા!
છાયા તો વડના જેવી, ભાવ તો નદના સમ,
દેવોના ધામના જેવું હૈડું જાણે હિમાલય. (નાનાલાલ)

અનુષ્ટુપના આ માપમાં એકી ચરણે ૫-૬-૭મા અક્ષરોના સમૂહમાં કેટલાક વિકલ્પ આપવામાં આવે છે. એ ત્રણ અક્ષરોનું ઝૂમખું ભગણ, રગણ કે નગણ પણ આવી શકે; પરંતુ તે વખતે ચોથો અક્ષર તો અવશ્ય ગુરુ રાખવો જ જોઇએ.

ભગણ (ગાલલ) થી—ભરી કપોલ **સ્મિતથી**, ઓષ્ઠ સંપુટ ચુંબને,
અનાસ્વાદ્યા રસે હૈયું શોભજે નિત્યયૌવને.
રગણ (ગાલગા) થી—જે થયું ના **ઇન્દ્રથી** તે થશે તારા પ્રભાવથી.
આસનાર્ધે રહ્યો છો એ, છે તારું અધિકારથી.
નગણ (લલલ) થી—અટૂલી એકલી ઝૂલે અટારીએ શી અંગના,
ધ્યાને વિષાદવદના, વ્યાકુલી ને વિગંડના!
(ઉમાશંકર)

અભંગ: મરાઠીમાંથી આપણને જે થોડા છંદો મળ્યા છે તેમાં આ અભંગ પણ એક છે. તુકારામના અભંગો તો જાણીતા છે. અભંગનું માપ સામાન્ય રીતે બે ચરણનું છે અને એ દ્વિપદી અભંગ આઠ અક્ષરનાં બે ચરણનો બને છે. તુકારામ આમાં દરેક ચરણનો પ્રાસ ઇષ્ટ માનતા લાગે છે.

આ ઉપરાંત કેટલીક વાર ચાર ચરણ પણ ગણવામાં આવે છે. એ ચતુષ્પદી અભંગમાં પહેલા ત્રણ ટુકડા છ છ અક્ષરના અને છેલ્લો ટુકડો ચાર અક્ષરનો થાય છે. સ્વ. ભોળાનાથ સારાભાઈના આ જાતના અભંગ જાણીતા છે. એમાં સામાન્ય રીતે ૧-૨-૩ એ ચરણમાં પ્રાસ મેળવવામાં આવે છે અને ચોથું ચરણ મુક્તપ્રાસ રાખે છે. જેમકે—

અગમ્ય અપાર, પ્રભુ નિર્વિકાર,
વિશ્વના આધાર, દયાસિંધુ. (ભોળાનાથ સારાભાઇ)

ચતુષ્પદી અભંગનો એક બીજો પણ પ્રકાર છે, જેમાં ત્રણ ચરણ આઠ આઠ અક્ષરોનાં અને છેલ્લું ચરણ સાત અક્ષરોનું આવે છે. આ ચતુષ્પદી અભંગમાં તુકારામે પ્રાસની ક્યાંય પણ પરવા કરી નથી.

માત્રામેળ છંદ–'જાતિ'ઓ

લઘુ અક્ષર બોલવામાં જેટલો સમય જાય છે તેટલા સમયના માપને માત્રા કહે છે. તેથી લઘુની એક માત્રા ને ગુરુની બે માત્રા એમ ગણત્રી થાય છે. માત્રામેળ છંદો (જે 'જાતિ'ઓ કહેવાય છે)માં અક્ષરમેળ વૃત્તોની પેઠે દરેક ચરણમાં અમુક ચોક્કસ સંખ્યામાં અક્ષરો જોઈએ જ એવું બંધન નથી. એમાં તો પ્રત્યેક ચરણમાં અમુક માત્રાઓ નક્કી કરવામાં આવી છે. એટલી માત્રાઓ પંક્તિ દીઠ આવે એટલે બસ; પછી છંદના માપમાં લઘુ–ગુરુ અક્ષરો ગમે તે સ્થાને આવે. અરે, અક્ષરોની સંખ્યા પણ વધુઘટુ હોય તો ચાલે. ફક્ત માત્રાની સંખ્યા સરવાળે સરખી રહે. (આ માત્રામેળ છંદોમાં લઘુની સંજ્ઞા 'લ' અને ગુરુની સંજ્ઞા 'દા' છે. 'લ'થી માત્ર લઘુ જ સમજાય; જ્યારે 'દા' નો અર્થ બે લઘુ તેમજ એક ગુરુ પણ થાય.)

આ છંદોમાં પણ સમ છંદ અને અર્ધસમ છંદ એવા બે ભેદ છે.

માત્રામેળ છંદોમાં જે અમુક માત્રા ઉપર તાલ પડે તે માત્રા વાળો અક્ષર તેનાથી પૂર્વની માત્રા સાથે ગુરુ રૂપે આવી ન શકે, પણ પછીની જ માત્રા સાથે આવી શકે, એ લક્ષ્યમાં રાખવા જેવું છે. જે માત્રા ઉપર તાલ પડે તેના ઉપર અહીં ઊભી લીટી કરવામાં આવશે.

સમ માત્રામેળ છંદો

૧૪ માત્રાનો ઉધોર

```
|     |    |    |
૧૧૧૧  ૧૧૧  ૧૧૧  ૧૧૧૧
અં તે  ગા લ  ચૌ દ  ઉ ધો ર
```

ઉપરની લીટીમાં ઉધોર છંદનું લક્ષણ જણાવીને તેની માત્રા કઇ રીતે ગણાય તે દર્શાવ્યું છે. ગુરુની બે માત્રા ગણાય છે, પણ તે તે અક્ષર ઉપર બગડો ન મૂકતાં બે એકડા મૂકયા છે, તે એમ દર્શાવવા, કે બેમાત્રી અક્ષરમાં તાલ પહેલી માત્રાથી જ ગણાય છે. જેમકે આ છંદ (ઉધોર)માં ૧, ૫, ૮, અને ૧૨ માત્રા ઉપર તાલ આવે છે. એ તાલ તે તે સ્થાન ઉપર ઊભી લીટી કરીને દર્શાવ્યો છે. એનું ઉદાહરણ—

પેલું બકરી કેરું બાળ, વિખુટું માડીથી આ કાળ,
ઊભું ઉચ્ચ ગિરિને શૃંગ, કોઇ નાહિ એની સંગ. (નરસિંહરાવ)

૧૪ માત્રાની પ્રચલિત ગઝલ: ગઝલમાં ચૌદ પાંચ—નવે.

૨, અને ૯, ૧૩મી માત્રા ઉપર તાલ; તથા પાંચ અને નવમી માત્રાએ વિરામ પડે; જેમકે

ગુર્જરે જે શિરે તારે જગતનો નાથ તે સે'જે.
ગણ્યું જે પ્યારું પ્યારાએ અતિ પ્યારું ગણી લેજે. (બાલાશંકર)

આ ગઝલ બહુ પ્રચલિત થઇ ચૂકી હોવાથી અહીં લક્ષણ આપ્યું છે.

૧૫ માત્રાની જેકરી: 'પંદર યુગ-યુગ લગ જેકરી.'

૧, ૫, ૯, ૧૩ માત્રા ઉપર તાલ; તેથી ચાર ચાર માત્રાએ વિરામ આવી રહે; છેડે ત્રણ માત્રા 'લગા' રૂપમાંજ આવે. જેમકે--

ગામ વચે ખોદાવ્યો કૂવો, સૌના મનની મરજી જુઓ,
કો ઊંડો કો છીછરો કહે, સૌનું મન રાજી નવ રહે.' (દલપતરામ)

૧૫ માત્રાની ચોપાઈ:'-ચોપાઇ પંદર ગ-લ અંત.'

૧, ૫, ૯, ૧૩ મી માત્રા ઉપર તાલ; તેથી ચાર ચાર માત્રાએ વિરામ. છેડે ત્રણ માત્રા 'ગાલ' (ગુરુ અને લઘુ) રૂપે. જેમકે—

'લાંબા જોડે ટૂંકો જાય, મરે ન તોયે માંદો થાય.
તે માટે તક જોઇ તમામ, શક્તિ વિચારી કરીએ કામ. (દલપતરામ)

ચોપાઇ અને જેકરીમાં ફેર માત્ર એટલો, કે જેકરીનો અંત 'લગા'ના રૂપમાં આવે, જ્યારે ચોપાઇનો અંત 'ગાલ' રૂપે. આ ચોપાઇ અને જેકરીના મિશ્રણથી સંખ્યાબંધ 'દેશી'ઓ બની છે. એ દેશીઓ વિશે આગળ હવે પછીના હપતામાં સમજીશું.

૧૬ માત્રાનો ચરણાકુળ: યુગ યતિ સોળે ચરણાકુળ છે.

યુગ=ચાર માત્રાએ યતિ લઇને સોળ માત્રાનો આ છંદ બને છે. તેમાં ૧, ૫, ૯, ૧૩ મી માત્રાએ તાલ આવે અને છેલ્લે બે માત્રા એક ગુરુરૂપે અથવા બે લઘુરૂપે પણ આવે ચરણાકુળને પાદાકુળ પણ કહે છે. ઉદાહરણ:

જે અભિમાન ધરે અતિ અંતર, તે નર નિંદિત થાય નિરંતર;
વિનય સહિત ઉચરે મુખ વાયક તે સનમાન લહે સુખદાયક.
(દલપતરામ)

હિંડી: મરાઠીમાંથી આ છંદ આપણને મળ્યો છે. એનું લક્ષણ:

નવે અને દશે, અટકવાથી હિંડી.

૧૯ માત્રાના આ છંદમાં વચ્ચે નવમી માત્રાએ યતિ પડી પછી દસમી (એટલેકે છેલ્લે ૧૯ મી) માત્રાએ ચરણ પૂરું થાય છે; અને ૪, ૧૦ તથા ૧૬ માત્રા ઉપર તાલ આવે છે. છેલ્લે ગુરુ કે લઘુ આવવો જોઇએ એવું કાંઇ નિયંત્રણ નથી. જેમકે—

જગદ્વંદ્ય દેવ, વિશ્વના વિધાતા
પ્રણમું પ્રેમથકી, પ્રણત જગત્રાતા.
વિના નાથ નથી અન્ય મુક્તિદાતા,
પરિત્રાણ કરો મારું પિતા માતા. (ભોળાનાથ સારાભાઇ)

૨૧ માત્રાનો પ્લવંગમ: આદ્યંતે ગુરુ રુદ્ર-દશાંત પ્લવંગમે

આદ્યંતે ગુરુ એટલે પહેલો અને છેલ્લો અક્ષર ગુરુ રૂપે જ આવે; અને એની ૨૧ માત્રામાં રુદ્ર=૧૧ અને દસ માત્રાએ વિરામ આવે. અને ૧, ૫, ૯, ૧૩, ૧૭ મી માત્રા ઉપર તાલ.

છત્રે થાતી છાંય છડીધર છાજતા.
હાથી હોદ્દા માંહ્ય રસિક બિરાજતા.
આયુષ ઋદ્ધિ અનેક ભરેલી ભાગ્યમાં,
એ સુતા દિન એક ઉછળતી આગમાં. (દલપતરામ)

૨૨ માત્રાનો મહીદીપ. સૂર્ય–દિશા અંત બેગ મહીદીપમાં છે.

સૂર્ય એટલે ૧, દિશા એટલે ૪, અને પછી ૭, ૧૦, ૧૩, ૧૬ અને ૧૯ મી એમ ત્રણત્રણ માત્રાએ તાલ; અને બાર તથા ૧૦થી વિરામ. 'અંત બેગ' એટલે છેલ્લે બે ગુરુ રૂપે ચાર માત્રા આવે.

ઈશચરણ-સ્મરણ મિત્ર સરસ રીત સાચી,
તે વિના ત્રિલોક મધ્ય કોડ વાત કાચી.
હસ્ત ચરણ કરણ નાક તેં કૃપાળુ કીધું,
નેત્ર વદન દંત આપી જ્ઞાનદાન દીધું. (દલપતરામ)

૨૪ માત્રાનો રોળા: 'રોળામાં નહિ જગણ થતાં થોભો શિવ–તેરે.'

રોળા છંદમાં તાલ પછી કદી જગણ (લગાલ) ન આવે અને શિવ=૧૧ તથા ૧૩ માત્રાએ વિરામ લેવો એ તેનું લક્ષણ. વળી ૧૧મી માત્રા લઘુ જ રહેવી જોઈએ એ ખાસ ધ્યાન રાખવું. એમાં તાલ ૧, ૯, ૧૭, માત્રાએ આવે.

અહિંઆં સહસ્રલિંગ તળાવ વિશાળું હતું,
અહિંઆં પાટણ જૂનું અહીં આ લાંબું સૂતું.
ગુજરાતનો પૂત રહી ઊભો આ સ્થળમાં
કોણ એહવો જેહ નયન ભીંજ્યાં નહિ જળમાં. (નરસિંહરાવ)

આ છંદનું જૂનું નામ 'કાવ્ય' છંદ છે. જૂની રીતે તેમાં ૬–૮–અને ૧૦ માત્રાએ ત્રણ ટુકડા પાડી વિરામ લેવામાં આવે છે. ૧૧મી માત્રા લઘુ જ રહેવી જોઈએ, એ તો બંનેમાં લક્ષ્ય રાખવાનું.

૨૮ માત્રાનો હરિગીત:

હરિગીત મુનિ–મુનિ–મુનિ–હયે, યતિથી જ નહિ, લગ અંતમાં.

મુનિ=૭ અને હય=૭ એટલેકે સાતસાત માત્રાએ યતિ લઈને સાતસાતના ચાર ટુકડામાં આ છંદ બને છે. તેમાં એટલું ખાસ ધ્યાન રાખવું કે આદિથી ચાર માત્રામાં ક્યાંય જગણ (લગાલ) ન આવે. ૩, ૧૦, ૧૭, અને ૨૪ માત્રા ઉપર સાતસાતે તાલ.

જે પુષ્પનાં દલ ખોલીને રજ સ્થૂલને રસમય કરે,
અધિકારી તે મધુમક્ષિકા એ મધુતણી પ્હેલી ઠરે;
તુજ સ્પર્શથી મુજ ચક્ષુને કંઇ સ્વપ્રસમું જે લાધિયું,
જીવનસખી ! તે તુજ વિના રે! જાય કોને અર્પિયું ?
(રમણભાઇ)

હરિગીતની પહેલી બે માત્રા એકી ચરણમાં ઓછી કરીને સ્વ. નરસિંહરાવે 'વિષમ હરિગીત'ની યોજના કરી છે. ઉદાહરણ તરીકે:

શાંતિ શીતળ વરસીને સુખમાં સુવાડું રાત્રિએ,
જે નદી સરવર અદ્રિ તરુવર દિવસ તપિયાં તેમને. ('ચંદા' કાવ્ય)

સવૈયા (ત્રીસા, એકત્રીસા અને બત્રીસા):

સોળે ચૌદે થાય સવૈયો ત્રીસે અંતે ગુરુ થાતાં.

ચાર ચાર માત્રા એ તાલ, સોળ તથા ચૌદ માત્રાએ વિરામ, અને તેમાં છેલ્લે બે માત્રાનો ગુરુ આવે, એ રીતનો ૩૦ માત્રાનો ત્રીસો સવૈયો થાય. એવા ત્રીસા સવૈયામાં છેલ્લે એક લઘુ ઉમેરાય અને કુલ માત્રા ૩૧ થાય તે એકત્રીસો સવૈયો; અને ત્રીસા સવૈયામાં છેલ્લે બે માત્રા વધીને છેલ્લે બીજો ગુરુ આવે તે બત્રીસો સવૈયો થાય.

ઉપર જે બંધારણ સમજાવનારું ચરણ છે તે ત્રીસા સવૈયાનું છે. એકત્રીસા સવૈયા તો બહુ જાણીતા છે. તેનું પ્રખ્યાત ઉદાહરણ:

ઝેર ગયાં ને વેર ગયાં વળી કાળા કેર ગયા કરનાર.
પરનાતીલા જાતીલાથી સંપ કરી ચાલે સંસાર.

દેખ બિચારી બકરીનો પણ કોઇ ન જાતાં પકડે કાન
એ ઉપકાર ગણી ઈશ્વરનો હરખ હવે તું હિંદુસ્તાન. (દલપતરામ)

૩૨ માત્રાનો **ત્રિભંગી**:

દસ-વસુ-વસુ-પ્રાસે, ગ અંત જાશે, ત્રિભંગ થાશે, બત્રીસે.

પહેલાંપ્રથમ ત્રીજી માત્રાએ, અને પછી ચાર ચાર ક્રમે રતા જઇ ૭, ૧૧, ૧૫, ૧૯, ૨૩ અને ૨૭મી માત્રા ઉપર તાલ આવે, અને ૧૦-૮-૮-૬ માત્રા પછી વિરામ આવે અને વળી દરેક યતિને અંતે જેમાં પ્રાસ મળે, તેવો ૩૨ માત્રાનો ત્રિભંગી છંદ થાય છે. ઉદાહરણ:

જય જય જગસ્વામી, સદ્‌ગુણગ્રામી, નિર્મળ નામી, નહિ ખામી,
જય અંતરજામી, અચલ અકામી, શુભ વિશ્રામી, સુખધામી.
પ્રભુ, તુજ પદ પામી, થાય પ્રણામી, જે ન હરામી, જન થાતા
જય જય જગત્રાતા, તું પિતુમાતા, દે સુખશાતા, સુખદાતા.
(દલપતરામ)

૩૭ માત્રાનો **ઝૂલણા**:

ઝૂલણા યતિ પછી જગણ નહિ, શર-શરે,
અંત ગુરુ આવતાં ત્રીસ-સાતે.

શર=પાંચપાંચ માત્રાના ટુકડાએ વિરામ; અને એવા યતિનો કોઈ ટુકડો જગણ (લગાલ)થી શરૂ ન થાય એ બંધન. તેમાં દરેક ટુકડાની પહેલી માત્રા ઉપર તેમજ તદ્દન છેલ્લી માત્રા ઉપર તાલ, અને છેલ્લી બે માત્રા જેમાં એક ગુરુરૂપે આવે એવો ૩૭ માત્રાનો ઝૂલણા બને.

નંદને પુત્રના જન્મથી અધિક આ
હર્ષ-ઉત્પત્તિ થઇ પુત્ર બચતાં,
ગોપ સર્વે મળ્યા, ઉત્સવો આદર્યા,
ગોકુલે અતુલ ઉત્સાહ વધતાં.
હર્ષને ઝલણે હીંચતા જન બધા
અપરિમિત દ્રવ્ય-ગોદાન કરતા.
એક આફત ટળી, અન્યથી રક્ષવા
ઈશની સ્તુતિ ભલે ભાવ કરતા. (કે. કા. શાસ્ત્રી)

અર્ધસમ માત્રામેળ

ઉપર આપેલા બધા સમ છંદ છે. હવે જેમાં વિષમ (એટલે એકી) અને સમ (એટલે બેકી) ચરણોમાં માપ જુદુંછે તેવા 'અર્ધસમ' માત્રામેળ છંદો જોઇએ. લોકમાં મુખ્ય બે જાણીતા છંદ છે:

૧૩ અને ૧૧, માત્રાનો **દોહરો**:

'વિષમ છ-હય યતિ દોહરે સમ રસ-શર ગલ અંત'

વિષમ=એકી ચરણમાં છ-હય (૬+હય=૭ એટલે કુલ ૧૩) ૧૩ માત્રા અને એ ૧૩મીએ વિરામ; તે પછી સમ=બેકી ચરણમાં(રસ=૬ +શર=૫ એટલે કુલ) ૧૧ માત્રા, અને તેના અંતે હમેશાં ગલ (ગુરુ અને લઘુ જ (તે પણ. લઘુપ્રયત્ન અ-વાળો અક્ષર) આવે. એકી અને બેકી બંને પ્રકારનાં ચરણમાં ૧,૫, અને ૯ ઉપર જ તાલ આવે.

ઝાઝા નબળા લોકથી કદી ન કરીએ વેર,
કીડી કાળા નાગનો પ્રાણ લહે આ પેર. (દલપતરામ)

૧૧-૧૩ નો **સોરઠો**: દોહરાને ઉલટાવીએ એટલે સોરઠો સધાય અને એમ થવાથી પ્રાસ પણ એકી ચરણમાં આવી જાય છે. જેમકે-

ઓ રસતરસ્યાં બાળ, રસની રીત મ ભૂલશો;
પ્રભુએ બાંધી પાળ, રસસાગરની પુણ્યથી. (નાનાલાલ)

સંસ્કૃત માત્રામેળ છંદો

વૈતાલીય અને **આર્યા** એ બે સંસ્કૃત ભાષાના પ્રધાન માત્રામેળ છંદો છે; એમાં વૈતાલીય અર્ધસમ છે.

૧૪+૧૬ (૩૦) માત્રાના **વૈતાલીય**નું બંધારણ આ મુજબ છે:

વિષમે રસ-આઠ જો, સમે સોળે તેમ ન ના કદી ગમે,
અંતે પદને રથી લગે વૈતાલીય જગે સદા ઝગે.

વિષમ=એકી ચરણોમાં રસ=છ અને આઠ એમ મળીને૧૪માત્રા, અને સમ=બેકી ચરણોમાં સોળ માત્રા આવે. આ વિષમ-સમ બંને ચરણમાં છેલ્લી જે આઠ માત્રા તે 'ર થી લગે' એટલે કે રગણ અને લઘુ-ગુરુ (ગૉ લૅ ગૉ લૅ ગૉ) એ જ રૂપે આવવી જોઇએ; અને એ સિવાયની પૂર્વે માત્રાઓમાં પણ ત્રણ લઘુ ભેગા ન થઇ જાય તે પ્રમાણે જ માત્રાઓ આવે.

અગાઉ આવી ગયેલો અર્ધસમ અક્ષરમેળ વિયોગિની છંદ આ વૈતાલીયમાંથી જ થયો છે, તે માત્રાની સંખ્યા ગણવાથી સ્પષ્ટ થશે.

આર્યામાં ૧૨-૧૮ અને ૧૨-૧૫ એ રીતની માત્રાનાં ચાર ચરણો આવે છે; એટલેકે વિષમ=એકી ચરણો સરખાં છે, જ્યારે બેકીમાં ત્રણ માત્રાનો તફાવત છે. આર્યામાં ચારચાર માત્રાના ટુકડા પાડવ માં આવે છે; એથી ચોથી પાંચમી. આઠમી-નવમી, બારમી-તેરમી વગેરે માત્રાઓ એકઠી થઇને એક ગુરુ રૂપે કદી ન જ આવી શકે. બંધારણ નીચે આપ્યું છે, તેમાં જ્યાંજ્યાં ટુકડા પડે છે ત્યાં વચ્ચે ઊભી લીટીથી છૂટા પાડી બતાવ્યા છે.

ગુરુ સહ|મુનિ ગણ|આર્યા,|તોય ક|દી ગણ|જ થાય|વિષમે|ના.
છઠ્ઠો|ત્યાં લ-ન|અથવા|રહેલ|પે'લે|જ|છે જેના.

જેની છેલ્લી માત્રા ગુરુ સાથે જ આવે એવા મુનિ=સાત ચોમાત્રી ગણોનું આર્યાનું પૂર્વ અર્ધ ૧૨+૧૮ માત્રાનું થાય. બીજા અર્ધમાં ચોમાત્રાના છઠ્ઠા ગણને બદલે માત્ર એક લઘુ જ આવે. વળી પૂર્વાર્ધમાં એ જ છઠ્ઠો ગણ જગણ (=લગાલ)ના રૂપમાં અથવા તો લ+નગણ (=લ, લ લ લ) આ રીતે જ આવવો જોઇએ. આમ આર્યા બને. જેમકે-

ખીલી ચંદની ચારૂ ગભીર ગગન જસ જરૂર છેવ લો રે,
ગર્વ તજી ભજ હરિને સમર્થ તે સમ નહિ જ કોરે. (નર્મદ)

ગીતિ: એ આર્યાના જ પ્રકારનો છંદ. ફેર એ કે આર્યાનો ઉત્તરાર્ધ ટૂંકો હોય છે (છઠ્ઠા ગણને સ્થાને માત્ર એક લઘુ જ આવે છે), જ્યારે ગીતિમાં પૂર્વાર્ધ અને ઉત્તરાર્ધ બંને સરખાં હોય છે:

ગઇ ગઇ ગુણવતી ગમતી, નમતી નગતી નવી યુવા વાળી,
અહિં નથી તહિં નથી તરુણી, કહિં નથી તવ એ કહીં ગઈ બાળી?
(પ્રેમાનંદ?)

ઉપગીતિ: આર્યાના ઉત્તરાર્ધ જેવો જેમાં પૂર્વાર્ધ હોય તે ઉપગીતિ.

ઉદ્‌ગીતિ: આર્યાનાં અર્ધ ઉલટાવવાથી ઉદ્‌ગીતિ બને.

આર્યાગીતિ: ગીતિના બેઉ અર્ધને અંતે એક ગુરુ વધારી દેવાથી **આર્યાગીતિ** થાય છે.

અંજનીગીત: મરાઠીમાંથી આપણને મળેલા આ મિશ્ર છંદમાં પહેલાંત્રણ ચરણ ચરણાકુળ છંદનાં અને ચોથું ચરણ કેવળ દસ માત્રાનું ટૂંકું, એમ આવે છે ચતુશ્પદી અભંગની જેમ આમાં પણ પહેલાં ત્રણ ચરણમાં પ્રાસ મળે છે અને ચોથું ચરણ મુક્તપ્રાસ રહે છે. જેમકે-

આકાશે એની એ તારા,
એની એ જ્યોત્સ્નાની ધારા,
તરુણ નિશા એની એ: દારા
ક્યાં છે એની એ? (મણિશંકર)

છ–આઠ પદના છંદો

ગુજરાતીમાં ત્રણેક મિશ્ર છંદો છે. તે ચંદ્રાવળો, છપ્પો અને કુંડળિયો. એમાં મુદ્દે તો બબ્બે છંદનાં મિશ્રણ જ થયાં છે. છપ્પો છ ચરણનો છે; ચંદ્રાવળો અને કુંડળિયો આઠઆઠ ચરણના છે.

છપ્પો (સં. षट्पद्-છ પદનો છંદ):

કાવ્ય છંદનાં ચાર ચરણ સાથે મળશે જો
બે પાદે ઉલ્લાલ તો જ છપ્પય એ કે'જો.

કાવ્ય છંદ–રોળા–નાં ચોવીસચોવીસ માત્રાનાં ચાર ચરણ અને છેલ્લાં બે પાદ ૨૮ માત્રાના ઉલ્લાલ છંદનાં મળવાથી છપ્પો થાય છે. હવે, ઉલ્લાલનું લક્ષણ આ મુજબ છે:

પંદર તેર યતિ બનતામાં   અઠ્ઠાવીસ ઉલ્લાલે.

અઠ્ઠાવીસ માત્રાના એક ચરણમાં ૧૫ અને ૧૩ માત્રાએ વિરામ લેવાથી ઉલ્લાલ બને છે એટલે કે છપ્પામાં, રોળાનાં ચાર ચરણ લઇ છેલ્લે ઉલ્લાલનાં બે ચરણ ઉમેરાય છે. જેમકે–

ધનજી ઉવાણે પાય,   ભૂપ ભીખંતો દીઠો.
સૂરજી ન દેખે આંખ,   બોલતો કડવું મીઠો.
વ્યાજ ભરે રણછોડ,   કામ કલ્યાણ જ કરતો.
અવિચળ ચવ્યા અપાર,   હીંડો અજરામર મરતો.
હીરો, માણેક, મોતિયો, રતનિયો કથીર દેખે નહિ.
કવિ શામળ કહે: સંસારમાં કારણ નામ રહ્યું કહીં? (શામળ)

ચંદ્રાવળો: એનું બંધારણ આ મુજબ છે–

પ્રથમ વીરનાં ચરણો મેલી   ચરણાકુલ અનુ જાય.
સંધિ મહીં વળતાં ત્યાં શબ્દો,   પે'લું છેલ્લું થાય.
પે'લું છેલ્લું થાય વળેલું   ચંદ્રવલય એ વૃત્ત બનેલું,
આઠ પદે આ રીત રહેલી   પ્રથમ વીરનાં ચરણો મેલી.

જેનું એકી ચરણ ચરણાકુલનું અને બેકી ચરણ દોહરાનું હોય એવાં બે સમ ચરણનો એક વીર છંદ બને છે. આવા વીર છંદની બે લીટી લઈ, પછી ચરણાકુળનાં ચાર ચરણવાળી બે લીટી ઉમેરવામાં આવે તે ચંદ્રાવળો. એનો વિશેષ કસબ એ, કે તેનું છેલ્લું ચરણ તે પાછું શરૂના ચરણના શબ્દોમાં જ હોય.

સોરઠ દેશ તણે સીમાડે, વડું શ્હેર વઢવાણ;
રાજસિંહજી રાજ કરે છે, મહીપતિ ત્યાં મકવાણ.
મહીપતિ ત્યાં મકવાણવંશી, ચંદ્રસિંહ-સુત સૂરજ-અંશી,
વાસ કવિનો નાગરવાડે, સોરઠ દેશ તણે સીમાડે. (દલપતરામ)

કેટલાક અપવાદોમાં છેલ્લી બે લીટીઓ ચરણાકુળનાં ચાર ચરણને બદલે ચોપાઇ–જેકરીની પણ હોય છે.

મુનિ આવ્યા મહારાજને જોવા, રાય તણું સુખ મંન
માન દીધાં વળી બ્રહ્મપુત્રને, વળી આપ્યાં આસંન.
આપ્યાં આસન, બેઠા ઋષિ, આશા ઉત્તમ તાતને વસી.
આ શાં રે ઋષિ, સુખનાં રાજ, ધ્રુવ વિના ચિંતા અતિ આજ.
(કાલિદાસ ધ્રુવાખ્યાન)

આમાં છેલ્લી બે લીટીઓ ચોપાઈ–જેકરીની બનેલી ઉપજાતિનાં ચાર ચરણવાળી છે. જૂની આ રીત પણ હતી. બાકી તો ચરણાકુળનાં ચાર ચરણ વાળો ચંદ્રાવળો જ સામાન્ય છે.

કુંડળિયો: એનું બંધારણ–

પે'લો દોહો મૂકતાં   રોળા પાછળ જાય,
વળે ચોથું પદ સંધિમાં,   કુંડળિયો એ થાય.
કુંડળિયો એ થાય, તહીં જેમાં પણ પે'લું,
છેલ્લે છેડે જાય, ક્રમળમાં આવી રે'લું

પ્રથમ બે લીટીમાં દોહરો આવે, અને તેનું છેલ્લું ચરણ જે શબ્દોમાં હોય તે જ શબ્દો પાછા રોળા છંદના પહેલા ચરણ રૂપે શરૂ થઇ રોળાની બે લીટી (ચાર ચરણો) ઉમેરાય. આમાં પણ ચંદ્રાવળા જેવો કસબ ખરો, કે દોહરાની શરૂઆતનો ટુકડો ઠેઠ છેલ્લા ચરણને છેડે પણ પાછો આવી જાય. ચંદ્રાવળાની ઘાટીનો જ આ છંદ છે.

કંઠ હલાવે કોથળો   કણ ભરતાં જે કાળ,
જન મનમાં જાણી લહે   પ્હોંચ્યા કણ પેટાળ.
પ્હોંચ્યા કણ પેટાળ, [illegible] તો ત્યારે કહીએ.
શ્રોતાજનનાં શીશ   ડોલ[illegible]   દિલમાં લહીએ.
કહે કવિ દલપતરામ,   નાગકવિ કાવ્ય બનાવે,
હજાર શ્રોતા હોય,   કોઈ નહિ કંઠ હલાવે. (દલપતરામ)

[આવતા હપતામાં 'દેશીઓ'ની રચના વિશે સમજણ આવશે.]

ફોટોગ્રાફી

હરીફાઇનું પરિણામ

પહેલું ઈનામ: 'નિશાન'–અન્વરઅલી હેમાણી (કરાંચી); બીજું ઈનામ; મોકૂફ. ત્રીજું ઇનામ 'ગ્રામજીવન'–હીરાલાલ ભટ્ટ (અમદાવાદ); ઉત્તેજના ઈનામ: (નામ નથી) શુકદેવ ભચેચ (અમદાવાદ); નોંધપાત્ર: 'ઇમારતી ડુંગળી'–વજુભાઈ ભા. પટેલ (નૈરોબી).

આ વખતની હરીફાઈમાં સંખ્યાના પ્રમાણમાં નથી વિષયની વિવિધતા, નથી સારી રજુઆત કે નથી નવીન દૃષ્ટિકોણ. મોટાભાગનાં ચિત્રો ઘરખૂણે વગર વિચાર્યે લીધેલી બાળકની છબિઓ છે. બાલસહજ ચેષ્ટા અને મનોભાવ વિનાની છબિઓ નીરસ જ લાગે છે. છબિ ખાતર છબિ પાડવામાંયે ફોકસિંગ છાયા-પ્રકાશ, આગળપાછળના સારાનરસા ભાગો વગેરે પૂરો વિચાર માગી લે છે, તો પછી કલાત્મક ચિત્રો ઉપજાવવામાં તો ઉપર્યુક્ત ટેકનીકની બાબતો ઉપરાંત વસ્તુમાં ગોપાએલું સૌન્દર્ય પારખવાની શક્તિ–દૃષ્ટિ જોઇએ, અને એ સૌન્દર્યને તેના સાચા સ્વરૂપમાં રજૂ કરવાનો કસબ જોઈએ

પહેલું ઈનામ જીતનાર ભાઈ અન્વરઅલી હેમાણીનું 'નિશાન' (પૂઠા ઉપરનું ચિત્ર) યોગ્ય પળે કૅમેરાનું નિશાન બન્યું છે. ગલોલનું નિશાન તાકતા એ કુમારના ઊભવામાં છટા છે, ક્રિયામાં વેગ છે ને પીઠ પાછળથી પસંદ કરેલા કોણમાં દૃષ્ટિ છે. રજૂઆત પણ સરસ છે. ઊણપ ખૂંચે છે માત્ર જગ્યાના અભાવની. નિશાનની દિશામાં ડાબી બાજુએ વધારે જગ્યા હોત તો, જોનારની આંખને ગલોલની સાથોસાથ આગળ જવાનો અવકાશ મળત. પ્રિન્ટની ટેકનીક વગેરે ઉત્તમ છે.

ત્રીજા ઇનામનું પાત્ર ભાઈ હીરાલાલ ભટ્ટનું 'ગ્રામજીવન' ગામડાની ગરીબાઈનો ચિતાર રજૂ કરતું દૃશ્ય છે. ને એ દૃશ્ય જેટલું સારૂં છે એટલી સારી રજૂઆત થઈ નથી. સભાન થઇને પાત્ર પણ જરા અક્કડ બની ગયું છે. પ્રિન્ટની ટેકનીક પણ મોળી છે.

ઉત્તેજના ઇનામ પામનાર ભાઈ શુકદેવ ભચેચના નનામા ચિત્રોમાં બાળકના મુખભાવ યોગ્ય રીતે મેળવાયા હોય તો વિષય અને અને રજૂઆત બંને સારાં છે ભાઇ વજુભાઈ પટેલના 'ઈમારતી ડુંગળી'માં વિષયની વિશિષ્ટતા બતાવવાનો પ્રયત્ન સારો છે, પણ કૅમેરા ત્રાંસો રહ્યો છે અને રજૂઆત, સંયોજન તથા ટેકનીક પણ નબળાં છે.

શ્રીદામ ભટ્ટ

રસદર્શન

પોતાને સૌન્દર્યલોકમાં પ્રવેશ કરાવનાર જીવન-પ્રસંગોનાં સંસ્મરણો

[૨૫]

લેખક
ડૉ. હરિપ્રસાદ પ્ર. દેસાઈ

પચાસેક વર્ષ પર ગોકુળ મથુરા જઇને જ્યારે હું પહેલીવાર ઘેર આવ્યો અને મારા પર પડેલી એની સુંદર અસરો વિષે વાતો કરવા લાગ્યો, ત્યારે મારા એક પંડિત મિત્રે કહ્યું કે તમે ભીંત ભૂલ્યા છો. પ્રાચીન મથુરા, જ્યાં શ્રીકૃષ્ણે કંસને માર્યો હશે ('હશે' પણ એટલા માટે કે એ કથાનો પણ કંઈ ઐતિહાસિક પુરાવો નથી) તે મથુરા આજ જ્યાં મથુરા છે ત્યાં ન હતું.'

પણ મેં જવાબ આપ્યો કે હું સ્થૂલ ઈતિહાસ જોવા ત્યાં નહોતો ગયો. હું તો ત્યાં કવિતા ભોગવવા ગયો હતો; અને એ કવિતા તો ગોકુળ મથુરા અને વૃન્દાવનમાં મને પેટ ભરીને માણવા મળી છે.

'યમૂના-પાને, ગંગા-સ્નાને અને નર્મદા-દર્શને' પાવન થવાય છે એવી જે લોકમાન્યતા છે તે મેં સાચેસાચી રીતે અનુભવી છે. વિશ્રામઘાટને કિનારે શ્રીકૃષ્ણે કંસને મારીને વિશ્રામ લીધો હતો, ત્યાં મેં આસુરી સત્તા પર દૈવી સત્તાના વિજયની માનસિક જયંતી ઊજવી છે શિવાજી મહારાજે આ વિશ્રામઘાટ ઉપર જ સુવર્ણતુલા કરેલી, જેની એમણે રચાવેલી સુંદર કમાન ઓવારાને શોભાવતી હાલ ઊભી છે. કેટલાં યે ભાવિક ભક્તોએ વિશ્રામઘાટ પર પોતપોતાનાં નામ કોતરાવેલા આરસ જડયા છે.—એ આશાએ કે ભાવભીનાં યાત્રાળુઓ પોતાનાં નામ પર પગ મૂકીને જતાં, એમની ચરણરજથી પોતે પાવન થાય. એ લાગણીને એક ખૂણે બેઠાં બેઠાં મેં અનુમોદન આપ્યું છે. તે વખતે યમુનાનાં જળમાં બાલ સૂર્યનાં મૃદુ કિરણો રૂપેરી પ્રકાશ ફેલાવતાં હતાં તે જોઇને મેં મોરી રાધાનું ધ્યાન કર્યું છે.

ગોકુળમાં યશોદા ને નંદજીનું માટીનું ઘર' જોઇ મેં પ્રેમાનંદનો માલકોશ લલકાર્યો છે કે

'ધન્ય યશોદા, ધન્ય યશોદા !'

જેમણે કૃષ્ણને પુત્રભાવે રમાડયા ને ઉછેર્યા.

ત્યાં વળી એક વાત સાંભળી કે મુંબાઈના કોઈ લક્ષાધિપતિ ભાટિયાએ યશોદાના આ માટીના ઘરને તોડી ઉચ્ચ કલામય, આલીશાં ભુવન બાંધવું હતું, એને શ્રીકૃષ્ણે સ્વપ્નમાં આવીને કહ્યું હતું કે મારે માટે એક સ્થળ તો સાદું ને ગરીબડું રહેવા દ્યો ! તમારે જે કંઇ મહાલયો બાંધવાં હોય તે મથુરા ને વૃન્દાવનમાં બાંધો, અહીં ગોકુળમાં નહિ.

શ્રીકૃષ્ણે માટી ખાધી હતી તે જગ્યા એક સુંદર વડની નીચે બરાબર યમુનાને કિનારે અમને બતાવવામાં આવી. અમે પણ પગથિયાં પર બહુ વાર ત્યાં બેસી રહ્યા. પોતાનું મોં ઉઘાડી શ્રીકૃષ્ણે જશોદાજીને જે વિશ્વદર્શન બતાવ્યું તેનાં ને ગોપગોપીનાં હૃદયમાંથી નીકળેલાં પ્રેમલક્ષણા ભક્તિનાં ઘણાં ગીતો અમે ત્યાં ગાયાં.

વૃન્દાવનમાં જૂનાંનવાં ઘણાં મંદિર જોયાં. વસ્ત્રહરણ વાળી જગ્યા, કાલીયદમનનું સ્થળ વગેરે ગોર લોકો બતાવ્યે જતા હતા. પણ મારું મન તો દૂરદૂરના શ્રીમદ્ ભાગવતે ચીતરેલા ભૂતકાળમાં ભમતું હતું.

રંગનાથનું મંદિર જોયું. જોધપુર ને જેપુરનાં મંદિરોની સુંદર કોતરણીએ મને વર્તમાન શિલ્પકળા માટે બહુમાન ઉત્પન્ન કરાવ્યું હતું; પણ પ્રેમભક્તિનું ખરું દર્શન તો ચૈતન્ય મહાપ્રભુજીની પ્રેરણાથી અહીં બંધાએલા રાધિકાજીના મંદિરમાં થયું.

ત્યાં સુંદર ભૂલભૂલામણીવાળા તુલસીવનમાં, હજી પણ રાત્રિની શાન્તિને સમયે ભગવાન સ્વયં પધારે છે એમ મને કોઈ ભોળી બંગાળીવૃદ્ધાએ કહ્યું ત્યાંઘણાં બંગાળી વૈષ્ણવો જીવનનો પાછલોકાળ કૃષ્ણભક્તિમાં માળવા આવે છે અને સાયંસંગીત તો ત્યાં એટલું બધું પ્રેરક ને મીઠું થાય છે કે યાત્રાના તમામ શ્રમનો બદલો ત્યાંનેત્યાંવળી જાયછે.

મહીસુરસરકારે દક્ષિણની મશહૂર ગંગા નદી કાવેરીને મોટા બંધથી બાંધી. ત્યાં એક ભવ્ય 'કૃષ્ણરાયસાગર' બનાવ્યો છે એ બંધની નીચે એકાદ ચોરસ માઈલના વિસ્તારમાં એમણે નવું વૃન્દાવન બનાવ્યું છે. મને ભૂતકાળ કરતાં યે આપણા દેશના વર્તમાનમાં વધારે રસ પડે છે અને રચાતો ઈતિહાસ તથા ઘડાતી ભૂગોળ જોવાં વધારે ગમે છે. એ નવા વૃન્દાવનમાં ત્યાંના માજી દીવાન મીરઝા ઈસ્માઇલે હિંદુસ્તાનમાં પહેલીજ વાર વીજળી પાસે કલામય રચના કરાવી છે, અને શ્રીકૃષ્ણની બહેન વીજળી પાસે જે વૃન્દાવન એ મુસ્લિમ દીવાને રચાવ્યું છે તે જૂના વૃન્દાવન કરતાં યે અનેકશઃ સુંદર બન્યું છે.

સેંકડો રંગબેરંગી ફુવારા તેજસ્વી પ્રકાશમાં ત્યાં ૨૦ થી ૨૫ ફીટ ઊંચે ઊડે છે. ભૂરાં, લીલાં, ગુલાબી અને લાલ ઝરણો આ મનોમ દોડે છે. રૂપેરી અને સોનેરી એવાં નદીઓનાં માત્ર નામ જ આ અગાઉ સાંભળ્યાં હતાં, પણ અહીં તો સોનારૂપાના રંગથી રસેલા અનેક ધોધ ઊંચેથી નીચે પડીને મનોહર ઝરણોમાં વહી જાય છે. મેઘધનુષ્યના ફુવારા અને ક્ષણેક્ષણે બદલાતા રંગોના ઘાટઘાટના ફુવારાનો ત્યાં પાર નથી; એટલું જ નહિ પણ એ જાદુઈ આતશબાજીના દિવ્ય વાતાવરણમાં સુરુચિથી ગોઠવેલા દેદિપ્યમાન રંગોના કલામય લતામંડપોથી એ સ્થળ પરીઓના કોઇ સ્વર્ગ જેવું કે આનંદના ધામ વૈકુંઠ જેવું લાગે છે.

ત્યાંના પૂલનાપ્રવેશદ્વારે અશોકના શિલાલેખમાંનું રાજધર્મનું એક વાકય ચમકી રહે છે, ને પગથિયાં ઊતરીને નીચે આવીએ ત્યાં કાળા આરસમાં કાવેરીમાતાની સુંદર મૂર્તિ ખભે અમૃતકળશ જેવો ઘડો લઇને ઊભી છે. એ ઘડો ચમકતાં સ્વચ્છ પાણીથી ઉભરાય છે ને લાલ તાજાં ફૂલોના અલંકારથી ભદ્રકાળી જેવું શ્યામસુંદર રૂપ ભક્તિભાવને પ્રેરે છે.

દક્ષિણનું 'પંખીતીર્થ' ટેકરાટેકરીઓવાળા કુદરતના વાતાવરણમાં અજાયબ ભાવ પ્રેરે છે. કોઇ એક સમયને વિષે બે ઋષિઓ સાંપ્રદાયિક ઝગડામાં પડી પ્રભુમય જીવનનો આનંદ ગુમાવી બેઠા હતા તેમને શંકરે શાપ આપ્યો કે તમે સમડા થજો. એમણે પ્રાયશ્ચિત્ત માગ્યું કે અમને ફરી જીવનમુક્તિ કેમ મળે ? મહાદેવે કહ્યું કે દરરોજ બદ્રીકેદારથી ઊડી રામેશ્વર જજો અને રસ્તામાં બાર વાગ્યે આ સ્થળે ભોજન કરવા ઊતરજો.

અમે બરાબર બાર વાગ્યે એ કાળાતીત યાત્રાળુ ઋષિઓનાં દર્શને ગએલા. તે દિવસે બે નહિ પણ એક સમડો કંઇક પાછલા ભાગમાંથી આવ્યો તો હતો. પણ એ કથાની અદ્ભુતતાનો રસ, એનાથી જે વહેમ જાગે છે ને લોકમાનસમાં ક્ષણભર માટે અસત્યનો વિજય થાય છે તેનાથી બગડતો હતો. પરંતુ યાત્રાઓની આવી વિચિત્રતાઓ અને નિરંકુશ કલ્પનાઓનાં ઉડ્ડયન પણ નિત્ય જીવનમાંથી છૂટીને ભોગવવાયોગ્ય છે.

કોટામાં શિલ્પકળા સજીવન છે. ત્યાં રાજપૂતાનાના પ્રેમશૌર્યનું વાતાવરણ છે. સૂકા, રણ જેવા પ્રદેશની વત્સલ માતા ચંબલ બંને કાંઠાને છલોછલ ભરી ત્યાં વહે છે. એ ચંબલ અને એના પ્રદેશને નિહાળવા ત્યાંના રાજગુરુ ભટજીની કૃપાથી અમે સ્ટીમરમાં બેસીને

મ્હાઈલો સુધી ફરી આવ્યા છીએ. સાથે, ભારના ‘શ્રીરત્નો’ વગેરેના લેખક, મારા સ્વ. મિત્ર શિવપ્રસાદ પંડિત હતા. એ બુંદીકોટાના વીર સમયની અસંખ્ય વાતો, કિનારાની ઊંચી ભેખડો પરનાં ખંડેરો બતાવતા જતા અને કહેતા જતા હતા. આમ તો મને યંત્રોના કઠોર અવાજ બહુ ગમતા નથી, પણ કોણ જાણે કેમ, ચંબલની એ સ્ટીમરનો ઠમકો મને ગમી ગયો હતો. એ પાણી ઉછાળતી ફછાળતી જે રમતિયાળ ગતિએ દોડતી હતી તે મને લાવણ્યમય લાગી હતી.

ટાવર, એ પશ્ચિમની પેદાશ છે. મારા એક શિલ્પી મિત્રને, એ ભણતા હતા ત્યારે, આપણા દેશની પરંપરાને શોભે એવો ટાવર કેવો હોવો જોઈએ એવો પરીક્ષકોએ પ્રશ્ન પૂછ્યો હતો. એના જવાબમાં, જેવો ટાવર આલેખી બતાવીને એણે પહેલા નંબરનું ઈનામ મેળવ્યું હતું, બરાબર એવો જ ટાવર મેં કોટામાં જોયો અને આપણા સ્થપતિઓની સર્જકશક્તિ માટે મને માન ઉત્પન્ન થયું.

કોટામાં એક મોટો રાજ-ઉદ્યાન છે. ત્યાંથી દૂર એક સરોવર સુધી નજર જાય છે એ ઉદ્યાનનાં વૃક્ષો નીચેની બેઠકો પર બેસીને, એ મરુભૂમિના ધીકતા રણમાં પણ ભગવાને વનસ્પતિ, જળ અને શિલ્પકળા વેરીને કેવી દયા વર્ષાવી છે એ બીના પર મનન કરવાના ને સ્તુતિ-પ્રાર્થનાના અવસર મેં ગોઠવ્યા હતા.

એ રાજ્ય-ઉદ્યાનમાં ઐતિહાસિક યુગના રાજાઓનાં સમાધિમંદિરો છે. એ જોઈ ભવભૂતિનાં શિષ્ટ સંસ્કૃત નાટકો મને સાંભર્યાં. એક નાટકમાં ભરત જ્યારે મોસાળથી અયોધ્યા પાછો આવે છે ત્યારે રસ્તામાં આવતા રાજ્ય ઉદ્યાનમાં એ દશરથની મૂર્તિ ને મંદિર જોઈને પિતાના મૃત્યુનો બનાવ સમજી જાય છે એમ વર્ણવ્યું છે. આમ, કોટામાં જોએલી હકીકત, એક સમયે રાજ્યધાનીઓમાં બનતી જ હશે એમ મને સમજાયું.

ચંબલ ગ્વાલિયર સુધી જતાંજતામાં રસ્તામાં જ અદૃશ્ય થઈ જાય છે અને પછી પાછી બહાર આવી યમુનાને મળે છે એમ મેં સાંભળ્યું.

ગોદાવરીતીરનું તો હું નાસિક જેલમાં બે વખત રહ્યો ત્યારે દિવસો સુધી મેં ધ્યાન કર્યું છે. પંચવટી, કાલારામ એ બધાં તીર્થો ફર્યો છું અને ત્ર્યંબકેશ્વરના જ્યોતિર્લિંગનાં પણ દર્શન કર્યાં છે. જેલમાંથી છૂટી, નાસિક–ત્ર્યંબકની યાત્રા કરીને હું ગોદાવરીનું મૂળ જોવા પહાડ પરનાં પગથિયાં ચડીને ગયો હતો. એ પહાડ, નિસર્ગની એ શોભા અને ગોદાવરીના ઘાટોની સમક્ષ, પૃથ્વ પર ઊભાંઊભાં મેં સીતાદેવીથી આજ સુધીની ભારતીય સંસ્કૃતિની મૃતસંજીવનીશક્તિનું અવલોકન–મનન કર્યું છે. તે દહાડે આખે રસ્તે મેં ગાયા કર્યું છે કે

· એ તે કયમ વિસરાય

પ્રિયે! રે એ તે કયમ વિસરાય!’ (ચાલુ)

સરવાળાનો અજંપો

મોતી હાથ કરનાર એક તરવૈયાની વાત સમજવા જેવી છે. એણે સારામાં સારાં આઠ મોતી એકઠાં કર્યાં. દરિયાને તળિયે જઈ એણે આ સાહસ ખેડયું. એનું સાહસ સફળ થયું. પણ એ સફળતા ઊજવવાને બદલે એ તરવૈયાએ તો રોદણાં રોવા માંડયાં: ‘અરરર! જો બીજાં બે મોતી હાથ લાગી ગયાં હોત તો મારી પાસે દસ મોતી થઇ જાત ને હું મોટો વેપાર કરત.’ આમ, આઠ મોતી મેળવ્યાનું સુખ એની પાસેથી ઝૂંટવી લેનાર માત્ર બે મોતી જ હતાં. એણે એના પુરુષાર્થને આ રીતે બે મોતીની ખોટથી ફિક્કો બનાવી દીધો.

આ રીતે ઘણા માણસો પાસે આઠ મોતી હોય છે, પણ એમની પાસે દસ મોતી હોતાં નથી એની ચિંતામાં ને ચિંતામાં તેઓ મેળવેલાં આઠ મોતી પણ ગુમાવી બેસે છે.

‘મારી પાસે આટલી સગવડ હોત તો હું આમ કરી નાખત’–આવું વાક્ય બધી વખત માન વધારનારું હોતું નથી. સગવડ હોય એ તો સંજોગો પર આધાર રાખે છે. સગવડ ન હોય છતાં ઈન્સાન સગવડવાળાઓને પાછળ રાખી શકે ત્યારે એની શક્તિનો પરિચય જગતને મળે છે.

સરવાળાના નર્યા શોખ ખાતર કેટલાક માનવીઓ પોતાની રિદ્ધિસિદ્ધિને ઓળખતા રહે છે. આમાં રિદ્ધિસિદ્ધિનું અપમાન છે.

કાળાં પાટીઆં પર સરવાળા સારા લાગે, ચોપડા ઉપર સરવાળા સારા લાગે, પણ હૈયા ઉપર આખો દિવસ સરવાળો જ મૂકનાર હૈયાની ગુલાબીને મારી નાખે છે.

એક શોખીન પાસે અત્તરનો ફાયો હોય ને બીજા પાસે અત્તરની શીશી હોય; પણ જેની પાસે ફાયો હોય છે એની જ સુવાસ જગતમાં ફેલાય છે. કારણ કે સુવાસને પણ સંયમ રાખતાં આવડવો જોઈએ. સુવાસ પણ વાસનો સરવાળો જ કર્યા કરે તો એ જલદ બની જાય છે. —જિતુભાઈ મહેતા


કસોટી

બુદ્ધિ કસતા નીચેના પ્રશ્નોના જવાબો ન શોધી શકો તો નીચે અવળા છાપ્યા છે.

(૧) ગઈ વસતિગણતરી વખતે એક બાઈએ પોતાની ઉંમર યાદ ન હોવાથી ગણતરી કરનારને કહ્યું: ‘જુઓને, મારે દોઢ દોઢ વર્ષને અંતરે જન્મેલાં પંદર છોકરાં છે, અને મારી પહેલા ખોળાની દીકરીની ઉંમર સૌથી નાના છોકરાની ઉંમર કરતાં આઠગણી છે મારો ખોળો ભરાયો ત્યારે મારી ઉંમર મારી મોટી દીકરીની અત્યારે છે એટલી જ હતી. તો તે બાઈની ઉંમર ગણતરી કરનારે શી નોંધવી?

(૨) જે કોઈ એક પરાર્ધ સુધી ગણી શકે તેને ૧૦૦ રૂપિયા ઈનામ! આમાં કોઇ છેતરપીંડી કે યુક્તિ નથી. ઝડપો છો બીડું?

(૩) આ નીચે આપેલી આકૃતિમાં નાના-મોટા, જુદા જુદા ઘાટના, એકબીજા ઉપર પડતા ને એકબીજાને પોતાનામાં સમાવી લેતા એમ બધા મળીને કુલ કેટલા ત્રિકોણ છે? ગણી શકશો?



(૪) બે ને બે, એ એવી રકમો છે કે જેનો સરવાળો અને ગુણાકાર બંને સરખાં થાય છે. (૨+૨=૪; ૨×૨=૪) એવી બીજી કોઈ રકમ છે?

(૫) એક જળચરનું માથું કાપી ત્યાં એક ભૂચર બેસાડી દીધું, તો તે ભૂચરને પણ ગળી જાય એવું એક પ્રાણી પેદા થયું. એ ત્રણે કયાં?

(૬) એક કાપડિયો એક તાકામાંથી વારવારનો ટુકડા ફાડતાં દર ટુકડે એક સેકંડનો વખત લે છે; તો ૬૦ વારના તાકાના બધા ટુકડા ફાડી લેતાં તેને કેટલો વખત થશે?

ઉત્તરો: (૧) ૪૮ વર્ષ; (૨) એ અશક્ય છે. એક માણસ એકશ્વાસે ઝડપથી ગણવા માંડે તો એક મિનિટે ૨૦૦ સુધી ગણી શકે, અને એ હિસાબે એક કલાકે ૧૨,૦૦૦ સુધી ને એક દિવસને અંતે ૨,૮૮,૦૦૦ સુધી ગણી શકે. હવે જો એ આ જ ઝડપે, ખાવાપીવા કે ઊંઘવામાં લેશ પણ સમય વિતાવ્યા વિના સતત ગણ્યે જ રાખે તો તેને એક પરાર્ધ (એટલે કે એક એકડા પર સત્તર મીંડાં) સુધી ગણતાં લગભગ સાડાનવ કરોડ ઉપરાંત વરસ થાય! (૩) ૭૫ ત્રિકોણ; (૪) ૩ અને ૧ાા; (૫) મગર, અજ, અજગર; (૬) ૫૯ સેકંડ.

વિકસતું વિજ્ઞાન

રેડિયોના ચમત્કારો

ગત મહાયુદ્ધ દરમ્યાન દરેક દેશમાં રેડિયો વાયરલેસને લગતી અનેક નવાઈ પમાડે તેવી શોધો થઇ છે. આજથી લગભગ ૫૦-૬૦ વર્ષ પહેલાં વાયરલેસ ટેલીગ્રાફીની શોધ સફળ થઈ ત્યારથી આજ સુધીમાં એ જૂની 'દોરડાં વગરના તાર'ની નવાઇ ભરેલી શોધ કેટલી ચમત્કારિક તેમજ પ્રગતિમય બની છે તે આપણે જોઇએ.

સામાન્યરીતે લોકો એમ માનતા હોય છે કે રેડિયો એટલે અવાજને દોરડાં વગર બીજે મોકલવો તે. પણ હવે તો તેના કરતાં બીજા અનેક ઉપયોગી કાર્યો કરવામાં રેડિયો વપરાય છે. ઇલેક્ટ્રૉનિક્સ (ઇલેક્ટ્રોનને સાધવાના વિજ્ઞાન)ની ચમત્કારી શોધખોળોથી તો દુનિયા છક્ક જ થઈ જાય.

ગ્રેઇટ બ્રિટનમાં દરેક વરસ પર માર્ચ મહિનાની એક સવારે, રૉબર્ટ વૉટસન વૉટ નામના એક વૈજ્ઞાનિકની સરદારી નીચે કેટલાક રેડિયોનિષ્ણાતોએ, દૂરથી ઊડયા આવતા એરોપ્લેનને, નજરે દેખાયા પહેલાં ફક્ત રેડિયોના મોજાંઓ વડે શોધી કાઢયું. તે જ દિવસે વિજ્ઞાનની એક નવી શાખા—રેડિયો લોકેશન અથવા 'રડારનો' પાયો નખાયો. આ શોધની પ્રગતિ ૧૯૪૫ સુધી ખાનગી રાખવામાં આવી હતી. (આ વિષે વિગતવાર લેખ 'કુમાર'ના ૨૬૩મા અંકમાં આવી ગયો.) તે પછીના પાંચ જ વર્ષમાં આ શોધને સંપૂર્ણ કરવામાં આવી છે. અને એ પ્રમાણે કામ કરતાં અનેક જાતનાં યંત્રો હવે તો બનાવવામાં આવે છે. મોટે ભાગે તો વિમાનો માટે જ તે વપરાય છે; પણ હવે લડાઇ પૂરી થયા પછી તેના નાના સેટ વડે આંધળાઓ સાંભળીને 'દેખી' શકશે, ટ્રેનો, સ્ટીમરો, એરોપ્લેન વગેરે અથડાવાના અકસ્માતથી સહેલાઈથી બચી શકશે. મુસાફરી ભયરહિત બનશે.

રેડિયો લોકેશન (રડાર) અને ટેલીવીઝન વચ્ચે ઘણું સામ્ય છે. લડાઈ પહેલાં ટેલીવીઝનનાં ચાલુ ટ્રાન્સમીટર્સ ઇંગ્લંડ અને અમેરિકામાં હતાં. પણ તે સંપૂર્ણ નહોતાં તેથી લડાઈ દરમ્યાન બંને લગભગ બંધ સ્થિતિમાં હતાં. છતાં તેને લગતી શોધખોળ તો ચાલુ જ રહી હતી. હવે રેડિયો લોકેશન માટેની દરેક શોધ ટેલીવીઝનને લાગુ પડે છે. સર્કિટની સરળતા, સસ્તા છતાં સરખા જ પ્રમાણમાં કાર્યસાધક ઉપયોગી એકમો, અને સુધારેલી કારીગરીને લીધે સામાન્ય જનતાને પણ પોસાય તેવા ટેલીવીઝન-રીસીવર સેટ હવે બનશે. અમુક જાતનાં સ્વપ્રકાશિત રસાયણોને લીધે તેમાં ઝીલાતા ચિત્રની વિગત અને ચોખ્ખાઈ ઘણી જ વધશે. વળી, આ લડાઈ દરમ્યાન કુદરતી રંગોમાં ટેક્નીકલર અને ઊંડાઇ બતાવતી ત્રણ પરિમાણની (થ્રી ડાઇમેન્શનલ) આકૃતિઓ પણ ટ્રાન્સમીટ કરી શકાય તેવી શોધ કરવામાં આવી છે. ઉપરાંત, ટેલીવીઝનના વિચિત્ર સંદેશાઓને સહેલાઇથી લઇ જઈ શકાય તેવા નવી જાતના કેબલ-તારના દોરડાં—ની શોધથી ટેલીવીઝન ઝીલવાનું ક્ષેત્ર (રેઇન્જ) પણ વધશે. સામાન્યરીતે દોરડાં વગર ટેલીવીઝનની આકૃતિ ટ્રાન્સમીટરની આસપાસ ફક્ત ૮૦ થી ૯૦ માઈલ સુધી જ ઝીલી શકાય છે. તેને દૂર સુધી મોકલવા માટે રીલેઇંગ સ્ટેશનની જરૂર પડે. અમેરિકામાં હવે એવાં ઘણાં સ્ટેશનો બાંધવામાં આવ્યાં છે. આથી જ ઉપર જણાવેલા કેબલથી ઘણી જ રાહત થશે.

સાઉન્ડ બ્રોડકાસ્ટિંગમાં ખાસ નવી શોધો થઈ નથી, પણ એટલું તો ખરૂં જ કે વધારે સેન્સીટીવિટીવાળા રીસીવર હવે મળી શકશે. ફ્રીક્વન્સી મૉડયુલેશનવાળા ટ્રાન્સમીટર્સથી હવે તેને લીધે થતા અવાજોનો ત્રાસ ઘણો જ ઓછો થઇ જશે. વજનમાં ઘણા જ હલકા (૫-૭ શેર વજનવાળા) બૅટરી ટ્રાન્સમીટર્સ તેમજ રીસીવર્સ બનાવવામાં આવે છે. આ બંને ગમે ત્યાં સાથે લઈ જઈ શકાય અને દૂર દૂર સંદેશાઓ મોકલી તેમજ મેળવી શકાય. આવા સસ્તા અને વજનમાં હલકા રેડિયો સેટનો ઉપયોગ હવે ખૂબ જ વધવાનો.

ફક્ત રેડિયો ટ્રાન્સમીશન માટે જ હાઈ-ફ્રીક્વન્સી વેઈવ્ઝ વપરાતાં નથી. ગરમી ઉત્પન્ન કરવા માટે પણ તે વપરાય છે. આ રીતે રેડિયોના તરંગોથી ગરમી ઉત્પન્ન કરવાની રીતને ડાઈ-ઇલેક્ટ્રિક હીટિંગ કહે છે. જે વસ્તુને ગરમ કરવી હોય તેને ડાઈ-ઇલેક્ટ્રિક તરીકે, એક હાઈ ફ્રિક્વન્સી જેનરેટર સાથે કન્ડેન્સરની બે પ્લેટ વચ્ચે મૂકવામાં આવે છે. વિદ્યુત્‌પ્રવાહના અમુક નિયમો અનુસાર તે વસ્તુ ગરમ થાય છે. દેખીતી રીતે તેમાં કંઈ ખાસ ફેરફાર લાગતો નથી; પણ તે વસ્તુ ધીમેધીમે અને બધી જગ્યાએ એકીસાથે એક જ સરખી રીતે ગરમ થાય છે. સાધારણરીતે વસ્તુને ગરમ કરીએ તો ગરમી બહારથી વસ્તુની અંદર જાય છે. પણ આ રીતથી વસ્તુ પહેલાં અંદરથી ગરમ થાય છે. વળી આ ગરમી જેટલી જોઇએ તેટલી જ આપી શકાય છે. અમુક જાતનાં પ્લાસ્ટિક્સને ઢાળવામાં આવતી મુશ્કેલીઓ આનાથી દૂર થઈ છે. લાકડા તથા પ્લાસ્ટિકને ગુંદર વડે જોડવા માટે, લાકડાનાં 'પતરાં' બનાવવા માટે પણ આ જ રીત વપરાય છે. આવી રીતે ગરમી આપી જોડેલું લાકડું પોલાદ જેટલું કઠણ બને છે. લાકડાં, ચામડાં, ધાતુ, ઢાળા વગેરેના ઉદ્યોગોમાં આ રીત ઘણી જ મહત્ત્વની છે. તે ઉપરાંત રાંધવા માટે પણ આ 'વેઈવ્ઝ' ઘરમાં વાપરી શકાય.

રેડિયો આંદોલનોનો બીજો મહત્ત્વનો ઉપયોગ દવા તરીકે પણ છે. તેનાથી ચામડીના ઘણા રોગો મટે છે.

વિજય પંડયા

ડી. ડી. ટી. વિષે સાવચેતી

ગયા અંકમાં જેનો પરિચય આવી ગયો તે, જંતુનાશક દવાના રાજા તરીકે ઓળખાતી ડી. ડી. ટી. હિંદનાં બજારોમાં આવતી થઈ ગઇ છે અને લોકો મચ્છરોને દૂર કરવાના એક અસરકારક ઇલાજ તરીકે તેની માગણી કરતા થયા છે તેવે સમયે તેના વપરાશ વિશે સુપ્રસિદ્ધ 'માસિક પૉપ્યુલર સાયન્સ'માં આવેલું એક ચર્ચાપત્ર ધ્યાનમાં રાખવા જેવું છે. આ ચર્ચાપત્રમાં નીચેની સૂચનાઓ છે:

(૧) બાળકો અને પ્રાણીઓ પહોંચી શકે તે રીતે ડી. ડી. ટી. ન રાખતા. તે ઝેર છે ને ખાવાથી બાળકનું મૃત્યુ થાય છે. (૨) જંગલનાં કે ખેતરનાં જંતુઓને મારવા માટે ડી. ડી. ટી. નો ઉપયોગ ન કરો. એથી લાભકારક જંતુઓ પણ નાબૂદ થાય છે, છોડોને નુકસાન થાય છે, પાણીનાં આંતર-ઝરણ બગડે છે. (૩) બીજી જંતુનાશક દવાની માફક હવામાં ડી. ડી. ટી. ન ઉડાડો. એ બીનઅસરકારક અને ખર્ચાળ બનશે. તેના રજકણો હવામાં થોડો સમય રહે છે અને તે ઝેરી હોય છે. દીવાલો પર તેને છાંટો. (૪) ડી. ડી. ટી. પાઉડરના રૂપમાં ન વાપરો. ઘ્યાસતેલ કે તેલનું મિશ્રણ વધારે સ્વચ્છ અને અસરકારક છે. (૫) મિશ્રણ પાતળું હોય તેની ચિંતા ન કરતા. મિશ્રણમાં ½ ટકા ડી. ડી. ટી. અસરકારક છે. (૬) વંદા, ફૂદાં કે કંસારી સામેના સારા પરિણામની આશા ન રાખો. ડી. ડી. ટી. મચ્છર, માકડ, માખી, જૂ વગેરે સામે વધારે અસરકારક છે. (૭) ઉધઇ અટકાવવા ડી. ડી. ટી. નો ઉપયોગ ન કરો. (૮) બિલાડી જેવાં પ્રાણીઓ પર તેનો ઉપયોગ ન કરો, કારણકે આવાં પ્રાણીઓ રૂંવાટાને તુરત જ ખંખેરી નાખે છે. (૯) જે વ્યક્તિઓને એ માફક ન આવતી હોય તેમની આસપાસ ડી. ડી. ટી. ન વાપરો. એથી ચાંગળી, આંખ, નાક, હોઠ પર ફોલ્લીઓ થાય છે. અને છાંટયા પછી અઠવાડિયાં સુધી આ અસર રહે છે.

(ગુજરાત સમાચારમાંથી)



માધુકરી

અગાધે ગર્તોમાં ગથત મરજીવા મસ કરે
સદાની શાન્તિમાં ચિરશયન, પાછા નવ ફરે;
સહસ્રોમાંથી જો સફળ થઈ એકાદ નીકળે,
જવાહીરો મોઘાં જગતપર વેરે થળથળે.
એના આદર્શપ્રેમે પૃથિવી મઘમઘે, માનવીચિત્ત મોહે;
લાખો કેરી શહીદી ઉપર જગતની સંસ્કૃતિ ભવ્ય સોહે.

—રામપ્રસાદ શુક્લ

શ્રીમન્નથુરામ શર્મા

ગુજરાતના નામી કેળવણીકાર શ્રી નાનાભાઈ નૃસિંહપ્રસાદ કાલિદાસ ભટ્ટ આંબલામાં જે ગ્રામદક્ષિણામૂર્તિ વિદ્યામંદિર ચલાવે છે તેના મુખપત્ર 'કોડિયું'માં દર મહીને તેઓ 'ઘડતર અને ચણતર' ના નામથી પોતાની આત્મકથા લખે છે. એમના જેવા સમર્થ મણસની એ ઘડતરકથા યુવાન વાચકવર્ગને માટે જેટલી પ્રેરકને રસભર છે તેટલીજ, ગઇ પેઢીના ગુજરાતનું વિશદ સામાજિક ચિત્ર આપનારી છે. એના છેલ્લા હપતામાં આવેલું મહારાજ શ્રીમન્નથુરામ શર્માનું ચરિત્ર અમે આ નીચે એટલા માટે ઉતાર્યું છે કે આજથી ચારેક દસકા પહેલાંના ગુજરાત–મુખ્યત્વે કાઠિયાવાડના મધ્યમ થરના લોકસમાજમાં ધર્મ અને સદ્વિચારના પાસથી જીવનનો ઉચ્ચગ્રાહ ઉતારવામાં મોટો ફાળો પૂરનાર એક અગ્રણી આચાર્ય એ થઈ ગયા. કુમારના વાચકોને એ ઉપકારક થઈ પડશે.

"આ અરસામાં મારું જીવન એક બીજી દિશામાં વેગથી વહી રહ્યું હતું. હું વિધુર થયો તે અરસામાં મારા મોટા ભાઇ દેવશંકરભાઈ પોરબંદરની હાઈસ્કૂલમાં માસ્તર નિમાયા હતા એટલે ઉનાળાની લાંબી રજા ગાળવા માટે હું પોરબંદર ગયો. આ દિવસોમાં પોરબંદર અને બીલખા મહારાજ શ્રીમન્નથુરામ શર્માના નામથી ગાજતાં હતાં. તમે કાઠિયાવાડની રેલવેના કોઇ પણ સ્ટેશને જાઓ તો સવારમાં નાહી ધોઈ, કપાળે ભસ્મ લગાડી, સંધ્યાપૂજા કરીને પરવારેલો એકાદ માસ્તર તમે દેખો, અને તપાસ કરો તો જણાય કે એ મહારાજશ્રીનો શિષ્ય છે. તમે કાઠિયાવાડમાં અને ખાસ તો પોરબંદર જુનાગઢ તરફના કોઇ પણ ગામડામાં જાઓ તો તમને આવો જ કોઇ મહેતાજી પણ જરૂર મળે. મારે કાને મહારાજશ્રીનું નામ વધારે અથડાયું. પોરબંદરમાં જ મારી આંખ આગળ એમનો આશ્રમ અને એમનાં પરમ ભક્ત શ્રીમતી મોંઘીબેન ખડાં હતાં.



મારા મોટા ભાઇ તો કયારના એમના શિષ્ય થયા હતા અને દર આષાઢી પૂનમે તેમજ કાર્તિકી પૂનમે ગુરુપૂજન નિમિત્તે બીલખા જતા આવતા. દીવાળીની લાંબી રજામાં હું પણ એક વાર મારા મોટા ભાઇની સાથે બીલખા ગયો. અમે જુનાગઢથી ગાડામાં બેસીને બીલખા ગયા એટલે રાતે મોડા પહોંચ્યા અને વહેલી સવારે મને મહારાજશ્રીનાં દર્શન થયાં. શ્રીમતી મોંઘીબેન અને પોરબંદરના આશ્રમે મારા મન પર જે પવિત્રતાની છાપ પાડી હતી તે મહારાજશ્રીનાં દર્શને વધારે દૃઢ કરી. કોણ જાણે કેમ, પણ એમને જોઇને તરત જ મારા મનને જોઇતો વિસામો મળ્યો અને આજ સુધી પૂર્વકાળના યોગી ...ની,

આ માસ (એપ્રિલ)નું પંખી



જેના ઉલ્લેખથી આપણું કાવ્યસાહિત્ય સભર ભર્યું છે એવું આ પંખી, નામથી અને ટહૂકાથી તો સૌને પરિચિત છે; પણ એ જોયું હશે કેટલાએ? કવિઓ (અને લોકો પણ) એને સદા નારી જાતિમાં જ સંબોધે છે, પણ બહુ ઓછા જાણતા હશે કે એ મીઠા ને મસ્ત ટહૂકા કરનારો તો 'નર' હોય છે; માદા નહિ.

લગભગ દોઢ ફૂટ લંબાઇનું, મોરપિચ્છ રંગની ઝાંયવાળા તદ્દન કાળા શરીરનું, લાલ આંખોવાળું જે પંખી આપણી નજરે પડે છે તે તો નર. માદા તો ભાગ્યે જ નજરે પડે છે. કદમાં એ નરથી નાની હોય છે, ને રંગે પણ જુદી: તપખીરિયા રંગની ને આખે શરીરે સફેદ ટપકાંવાળી. પાંખો, પૂંછડી, છાતી, પેટ, બધે સફેદપટા હોયછે. બંનેની આંખો ચમકતી લાલ, ચાંચ મેલા લીલા રંગની, પૂંછડી લાંબી. મોટેભાગે વનસ્પત્યાહારી; પણ ક્વચિત જીવડાં યે ખાય.

હિમાલય સિવાય, છેક વાયવ્ય સરહદના પ્રાંતોથી માંડીને લંકા સુધીના સમસ્ત ભારતવર્ષમાં તે નજરે પડે છે; અને આંબા, આસોપાલવ વગેરે જેવાં ઝાડની ઘેરી ઘટાઓની છાયામાં મોટે ભાગે લપાઈ રહે છે.

કવિતાએ બિરદાવેલું આ પંખી કાગડા જેવા લુચ્ચા પંખીને પણ છેતરી જનારૂં અને પક્કું હોય છે. એનું નામ (પરભૃતિકા) દર્શાવે છે તેમ એ પોતાનાં ઇંડાં જાતે ન સેવતાં કાગડા પાસે ઉછેરાવે છે એ તો જાણીતી વાત છે. કાગડાના માળાથી થોડે દૂર રહી નર કોયલ ટહૂકા પર ટહૂકા કરતો તેને પજવે છે, અને તેથી ખીજાઇને કાગડી માળો છોડી તેની પાછળ પડે છે. બાજુમાં જ સંતાઇ રહેલી માદા કોયલ એ લાગ જોઇને તેના માળામાં ઈંડાં મૂકી આવે છે.

ઋષિ-મુનિઓની, આચાર્યોની જે જે કલ્પનાઓ મેં ઘડી હશે તે તમામ કલ્પનાઓ જેમ જાગે મને મહારાજશ્રીમાં મૂર્તિમંત થવા લાગી. બહુ રઝળીને તરત જ મેં મારા મોટા ભાઈને જણાવ્યું, 'આજે મારે દીક્ષા લેવી છે.' બપોરના ૧૧॥ વાગ્યે હું મહાત્મા શ્રીમન્નથુરામ શર્માનો શિષ્ય થયો અને તે દિવસથી માંડીને આજ સુધી મારા મનથી એમનો શિષ્ય રહ્યો છું. માત્ર ઇ. સ. ૧૯૨૦ની સાલમાં હરિજન પ્રશ્ન અંગે મારા હૃદયમાંથી એમનું ગુરુપદ ખળભળ્યું તે પુનઃ સ્થાપિત થયું જ નહિ; છતાં પણ શરૂઆતનાં વર્ષોમાં મને એમની કીમત સમજાઈ છે તેના કરતાં આજે વધારે સમજાઈ છે. અને સાથેસાથે માનવી તરીકેની એમની ઊણપો પણ તે દિવસે મને દેખાતી તેના કરતાં આજે વધારે સ્પષ્ટ દેખાય છે. પણ આ ઊણપો સ્પષ્ટ થયા પછી મારો એમના તરફનો આદર ઓછો થવાને બદલે ઊલટો વધ્યો છે, કારણ કે એ ઊણપોના તખ્તાપર એમની મોટાઈ વધારે દીપે છે.

મહાત્મા શ્રીમન્નથુરામ શર્મા થોડાં વર્ષો પર વિદેહ થયા છે. સામાન્ય રીતે આજના ગાંધીવાદી મંડળમાં એમનો પરિચય ઓછો છે. પૂ૰ ગાંધીજીના મોટાભાઈઓ અને ગાંધીજી પોતે એમના શિષ્યમંડળમાં હતા એ વાત આજે તો ઘણાં ભાઈઓને જાણતાંયે નહિ હોય.

મહારાજશ્રી મહારાજશ્રી થયા પહેલાં માત્ર એક સાદા ગુજરાતી શિક્ષક હતા. એમનો જન્મ લીંબડી તાબે મોજીદડ ગામમાં થયો હતો. લગ્ન કરવાનો પ્રસંગ આવ્યો ત્યારે એમણે ન પરણવાનો પોતાનો નિર્ણય જાહેર કર્યો. શરૂઆતથી જ એમનું મન યોગ તરફ વેગથી ગયું હતું અને પોતાની નોકરીના સમય દરમ્યાન નોકરીના કલાકો ઉપરાંત ઘણોખરો વખત એમણે યોગસાધનાની પાછળ જ ગાળ્યો. એમના શિક્ષક-જીવન દરમ્યાન સુરતવાળા શ્રી ગણપતરામ અનુપરામ ત્રિવેદી એમના ઉપરી હતા. અને ગણપતરામભાઈએ જેમ પોતાની કડકાઈનો સ્વાદ પટ્ટણી સાહેબને ચખાડેલો તેમ જ મહાત્મા શ્રીમન્નથુરામ શર્માને પણ ચખાડેલો એમ એમણે પોતે જ મને જણાવ્યું હતું. દૈવયોગે આ જ કડક ગણપતરામભાઈ પાછળથી ભાવનગરમાં પટ્ટણી સાહેબના પૂજક બન્યા અને મહાત્મા શ્રીમન્નથુરામ શર્માના તો રીતસર લાંબા પડીને પ્રણામ કરનારા શિષ્ય બન્યા!

હું મહારાજશ્રીના પરિચયમાં આવ્યો ત્યારે તો તેઓ મહાત્મા થઇ ચૂક્યા હતા અને અમે સૌ ઇશ્વરના એક નાના પણ અવતાર તરીકે એમનું રીતસર પૂજન કરતા હતા.

મહાત્મા શ્રીને અમે સૌ શિષ્યો આચાર્ય કહીને પણ સંબોધતા. એમના પરિચયમાં આવ્યા પહેલાં હું વૈષ્ણવ આચાર્યોના તેમજ સ્વામીનારાયણ સંપ્રદાયના આચાર્યોના પરિચયમાં આવેલો, એટલે મને સમજાયું કે મહારાજશ્રી પોતે સ્વાશ્રયથી આચાર્ય થયા છે. પોતાના આચાર્યપદની જવાબદારી તેમના મનમાં બરાબર ઉતરી છે. આમ તો મહાત્માશ્રી ગુજરાતી શાળાના કોઈ મહેતાજી, જેવા મહેતાજી પણ એમણે પોતાના પરિશ્રમથી ઉપનિષદો, બ્રહ્મસૂત્ર, પાતંજલયોગદર્શન, શ્રીમદ્ ભગવદ્ગીતા વગેરે શાસ્ત્રીય ગ્રંથોનો સારો એવો અભ્યાસ કર્યો અને આપણી પ્રસ્થાનત્રયીને (એટલેકે ઉપનિષદોને, બ્રહ્મસૂત્રને તેમજ ગીતાજીને) ગુજરાતીમાં ઉતારી. એ રીતે એમણે પાતંજલયોગદર્શનને પણ ગુજરાતીમાં ઉતાર્યું છે. આ પ્રમાણે આપણા પ્રમાણભૂત ધર્મગ્રન્થોનું પ્રમાણભૂત અવતરણ, એ મહારાજશ્રીનો બહુ મોટો ફાળો છે. આ ઉપરાંત એમણે ખાસ પોતાના શિષ્ય સમુદાયને ધ્યાનમાં રાખીને પણ યોગનાં, ચિત્તશુદ્ધિનાં તેમજ જ્ઞાનનાં નાનામોટાં ઘણાં પુસ્તકો લખ્યાં છે અને હજી આજે પણ એ વિષયના અભ્યાસીઓને તેમજ એ માર્ગે જનારાઓને એનો ઉપયોગ ઓછો નથી. જ્ઞાન અને યોગ જેવા ગહન વિષયોનો સરળ સાદી ભાષામાં પરિચય આપનારાં આ પુસ્તકો મહારાજશ્રી પોતે એ વિષયમાં કેવા કાબેલ હતા તેનો પુરાવો આપે છે.

પણ આ દિશામાં એમનો સૌથી મોટો ફાળો તો સંધ્યાનાં આ[illegible]કોનો છે. શરૂઆતનાં વર્ષોમાં મહારાજશ્રી પોતે યોગ ઉપર જ લાગેલા, એટલે કર્મકાંડ વગેરેની ખટપટમાં પડેલા નહિ હોય. પણ પાછળથી પોતે મહારાજ થયા પછી રીતસરના કર્મકાંડની જરૂરિયાત એમને સમજાઈ, એટલે પોતે તો પોતાના દૈનિક ક્રમમાં રીતસર સંધ્યા વગેરેને સ્થાન આપ્યું જ પણ સંધ્યા કરવાના ઉપદેશને સાર્વત્રિકરૂપ પણ આપ્યું. એક અથવા બીજા પ્રકારની સંધ્યા ન કરતાં હોય એવાં એમનાં શિષ્ય કે શિષ્યા તમે ભાગ્યે જ દેખો. એટલે જ સંધ્યાવંદનની સાથે અનિવાર્ય ગણાએલાં ભસ્મ, ઉપવીત, વૈશ્વદેવ-અપોશનવિધિ વગેરે પણ શિષ્યોમાં સાર્વત્રિક બની ગયાં.

ઈ. સ. ૧૯૦૪ થી ૧૯૨૦ સુધીનાં એટલે સોળ વર્ષ હું મહારાજશ્રીનો રીતસરનો શિષ્ય રહ્યો. શિષ્ય થયા પછી બહુ થોડા વખતમાં હું મહારાજશ્રીના અંતરંગમંડળમાં પહોંચી ગયો અને ત્યાં રહીને એમને અનેક પ્રસંગોએ અવલોકવાનો મને પ્રસંગ મળ્યો. મહારાજશ્રી પોતે મહારાજ થયા એ પહેલાં એ કેવી રીતે આ પદે આવ્યા એ જાણવા માટે મેં ઘણી મહેનત કરી, એમના જૂના શિષ્યોને ઘણીવાર પૂછ્યું, પણ મારે જોઈતી હતી તેવી બાતમી મને કોઇ દિવસ મળી નથી. નથુરામ શર્મા નથુરામ મટીને મહારાજ થયા એ દરમ્યાન એમની કેવીકેવી તાવણીઓ થઈ, કેવીકેવી લાલચો અને ભયસ્થાનોમાંથી એ પસાર થયા, ક્યારે ક્યારે લપસ્યા, ક્યારે ક્યારે હાર્યા, ક્યારે અને કેવી રીતે પડ્યા અને છતાં કેવી રીતે પાછા ઊભા થયા એ બધું જાણવાની અને એમને એમના ખરા સ્વરૂપમાં માનવી તરીકે ઓળખવાની મારી મહેનત નકામી ગઈ છે. મારા ભાવિક મિત્રો મારા આવાઆવા પ્રશ્નોને નાસ્તિકતાની નિશાની ગણતા અને મહારાજશ્રી પોતે તો પોતાની પૂર્વાવસ્થા વિષે કાયમ મૌન રાખતા. મહારાજશ્રીએ પોતાના જીવનનાં આવાં તેવાં બાથોડિયાં વિષે કોઇને પણ વાત કરી હોય એમ મને લાગતું નથી. એમના ઉત્તર જીવનની ખરી પૂર્વ ભૂમિકા આપણી પાસે નથી એ ખેદની વાત છે.

મહારાજશ્રીનો પરિચય આપતી વખતે મારે તેમની કેટલીએક વિશિષ્ટતાઓનો ઉલ્લેખ કરવો જ જોઈએ. મહારાજશ્રી પોતાના દૈનિક કાર્યક્રમમાં અસાધારણ નિયમિત હતા. દરરોજ સવારે પાંચ વાગ્યે એ જાગતા. મહારાજશ્રી ઊઠે અને ઓરડાનું બારણું ઉઘાડે ત્યારે તરત જ એમનાં દર્શન થાય અને એ રીતે મંગળ દિવસની શરૂઆત થાય એ ભાવનાથી પ્રેરાઈને અમે શિષ્યો એમના બારણા પાસે પાંચ વાગ્યા અગાઉ હાજર રહેતા, અને મહારાજશ્રી બારણું ઉઘાડે કે તરત જ જમીન પર લાંબા પડીને તેમને રીતસર સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરતા. અને મહારાજશ્રી પોતાના જમણા હાથથી અમને જેમ જાણે અભય અને આશીર્વાદ આપતા. એમના ઊઠવાનો સમય એટલો બધો નિયમિત હતો કે બસ. ઘડિયાળમાં પાંચના ટકોરા થયા કે બીજી જ ક્ષણે એમના પાવલાંનો ખટાકો થયો જ હોય. ઊઠ્યા પછી લઘુશંકા કરવા જવું, થોડું પાણી પીવું, આંખમોં ધોવાં, શરીરે શાલ ઓઢવી, માથા પર રૂમાલ બાંધવો, સંડાસની કૂંચી લેવી અને પાણીનો લોટો લઈને સંડાસ તરફ જવું, એ બધી ક્રિયાઓ કોઈ કર્મકાંડી યજ્ઞની બધી ક્રિયાઓ જે ચીવટથી અને

નિયમિતતાથી કરે એ ચીવટથી અને નિયમિતતાથી મહારાજશ્રી કરતા અને લાંબા કાળના અભ્યાસથી એ એમના જીવનમાં સહજ થઈ ગઈ હતી. આવા જ પ્રકારની ચીવટ અને ચોકસાઇ એમનાં સંધ્યાવંદન તથા ધ્યાનમાં, એમના ભોજનમાં, એમના શયનમાં, એમનાં વાચનમાં, એમની કથાઓમાં અને જીવનના હરેક નાનામોટા પ્રસંગોમાં મેં જોઈ છે. કોઈ પણ પ્રસંગે આવી રોજની ચર્યામાં એમણે ભૂલ કરી હોય અથવા ગફલત થઇ ગઈ હોય એમ મને જોવા મળ્યું નથી. જેવી એમની સમયની ચોકસાઇ તેવી જ એમની ચીજ વસ્તુઓની પણ ચોકસાઈ હતી. એમનું આસન, એમની ઘડિયાળ, એમનો ખડિયો, એમની પેન્સિલ, એમની પાટ, એમનું બિછાનું, એમનાં વાસણો, એ બધાંય તેમના માટે નક્કી કરેલે સ્થળે જ પડ્યાં હોય. તેમાં સહેજ પણ ફેર ન હોય. અને નિયમિતતાનો તથા ચોકસાઇનો આવો આગ્રહ એમના અંગત જીવન પૂરતો જ હતો એમ ન કહેવાય. આવો આગ્રહ આખાય આશ્રમજીવનમાં ઊતર્યો હતો.

આષાઢી તેમજ કાર્તિકી પૂનમે કે બીજા મંગળ પ્રસંગોએ અમે શિષ્યો આશ્રમમાં એકઠા થઇએ ત્યારે અમે તો સૌ અમારા સ્વભાવ પ્રમાણે થોડાઘણો ગોટાળો કરીએ. ઓરડામાં દૂધ-કૉફી ઢોળીએ, પૂંજો પાડીએ, ગાદલાં-ઓઢડાં રખડાવીએ, પણ અમે ગયા કે તરત જ અમારો ઓરડો ધોવાઇ જાય અને આશ્રમની ચીજો રીતસર પોતપોતાને ઠેકાણે પહોંચી જાય. એમાં ભૂલ નહિ. અમે આશ્રમની બહાર પગ મૂક્યો એટલી જ વાર. એમની આ ચોકસાઈની સાથે જ એમનો સ્વચ્છતાનો આગ્રહ જોવા જેવો હતો. આશ્રમમાં કોઈ જ્યાં ત્યાં થૂકતું નહિ, જ્યાંત્યાં પેશાબ કરતું નહિ, કે જ્યાંત્યાં કચરો ફેંકતું નહિ. આખોય આશ્રમ દરરોજ બરાબર વળાતો અને તે પણ ઘણા જ ઓછા નોકરોથી. મહારાજશ્રી પોતે લગભગ દરરોજ બંને વખત દિશાએ જતાં જતાં આખાય આશ્રમ પર ઝીણી નજર નાખતા અને નાની એવી પણ ગફલતને બાહોશ ઈન્સ્પેકટરની ચાલાકીથી પકડી પાડતા. તેથી જ આશ્રમનું રસોડું અને કોઠાર પણ અમારા માટે સ્વચ્છતાનાં શિક્ષણસ્થાનો હતાં એમ હું કહી શકું. મહારાજશ્રીનાં પોતાનાં અંગત વપરાશનાં વાસણો આરસી જેવાં સ્વચ્છ રહેતાં, એમનાં કપડાં સફેદ, બગલાની પાંખ જેવાં ધોળાં રહેતાં, એમની પથારી એવી જ સ્વચ્છ રહેતી, એમની લાકડાની પાદુકાઓ ઉપર મેં કોઇ દિ' મેલ બાઝ્યો જાણ્યો નથી, એમનો જમવા બેસવાનો પાટલો, એમનું ફાનસ, એમના ઓરડાનાં કમાડ, એમનાં પુસ્તકો, જ્યાં જુઓ ત્યાં તમને મહારાજશ્રીની ચોખ્ખાઈ, ચોક્સાઈ અને વ્યવસ્થાનાં દર્શન થયા વગર રહે જ નહિ.

પણ આવી ચોક્સાઈ અને ચોખ્ખાઈ માત્ર બાહ્ય પદાર્થોમાં મર્યાદિત થઇ ન હતી, એમના પત્રવ્યવહારમાં તેમજ પુસ્તકોના પ્રૂફ વાચનમાં પણ આપણને એ જ દેખાય. એમનાં નાનાંમોટાં પુસ્તકોની બીજી રીતે કિંમત ગમે તેવી હો, પણ એમની છાપશુદ્ધિ અને જોડણીશુદ્ધિ માટેનો મહારાજશ્રીનો આગ્રહ અતિશય હતો અને મોટે ભાગે તો એ કામ એ પોતે જાતે જ કરતા. આશ્રમમાં મહારાજશ્રી પોતે જ પ્રૂફરીડર હતા એમ કહી શકાય. એમના અક્ષરો ઘણા ચોખ્ખા અને વળાંકવાળા હતા. હું એમના પરિચયમાં આવ્યો ત્યાર પછી આશ્રમનો પત્રવ્યવહાર મોટે ભાગે વ્યવસ્થાપક ત્રિભુવનભાઇ જ કરતા; પણ મહારાજશ્રી પોતે નજીકના શિષ્યોને પ્રસાદી રૂપે જે થોડા ઘણા કાગળો લખતા તે કાગળોના મોતીના દાણા જેવા અક્ષરો હજી આજે પણ એવા જ મનોહર હશે.

જેવી મહારાજશ્રીની નિયમિતતા, જેવી એમની વ્યવસ્થા, જેવી એમની સ્વચ્છતા તેવી જ એમની સ્પષ્ટતા નોંધવા જેવી વસ્તુ છે. એમની વાણી બહુ જ સ્પષ્ટ અને ચોક્કસ હતી. તેઓ નોકરને હુકમ કરે અથવા શિષ્યને આજ્ઞા કરે તો નોકર કે શિષ્ય બરાબર સમજે એવી ભાષામાં જ, બનતાં સુધી બે અર્થ ન થાય એવા શબ્દોમાં જ, કરતા. પોતાને જે કહેવાનું હોય એ એમના મનમાં જ એવું સ્પષ્ટ હતું કે પછી ભાષામાં ગોટાળો ઊભો થવા પામતો નહિ. એમનાં પુસ્તકો, એમનાં વ્યાખ્યાનો, એમના પત્રો, એમનો તમામ વાણીવ્યવહાર આ સ્પષ્ટતાની સાક્ષી પૂરતો. વિચારો તેમજ ભાષાની આવી સ્પષ્ટતાને લીધે જ મહારાજશ્રી યોગ વગેરેની મોટીમોટી વાતો પણ પોતાના સાધારણ શિષ્યોને સમજાવી શકતા અને એવી એવી વાતો માટે તેમનામાં રસ ટકાવી શકતા.''

—નાનાભાઈ ભટ્ટ

ઉત્તર ધ્રુવના પ્રદેશોની અજાયબીઓ

(૧) અનુકૂળ પરિસ્થિતિ હોય તો (૬૦થી ૮૦ ડિગ્રી કૃષ્ણતામાન હોય ત્યારે) આ પ્રદેશોમાં અર્ધો એક માઇલ સુધી સાધારણ વાતચિત સંભળાય છે. માણસ પગ પછાડતો હોય તો તેનો અવાજ બે માઈલ દૂર સહેલાઇથી સંભળાય; અને કુતરાના ભસવાનો કે લાકડાં કાપવાનો અવાજ તો ૧૦થી ૧૨ માઇલ દૂર ચોખ્ખો સંભળાય છે!

(૨) આપણે ત્યાં સાધારણરીતે રહેલું ૯૫ ડિગ્રી કૃષ્ણતામાન ઉત્તર ધ્રુવના પ્રદેશોમાં પણ ઉનાળામાં ઘણી જગ્યાએ નોંધાયું છે.

(૩) હવા ઉપર ઠંડીની સીધી અનુભવી શકાય તેવી અસર તે તેને સૂકી બનાવવાની છે. આને લીધે ૩૦થી ૬૦ ડિગ્રી સુધી જુદાજુદા બનાવો બને છે. નદીઓમાંથી સીધાં જ વાદળ બનતાં દેખાય છે! અને કોઇ જંગલમાં ભયાનક આગ લાગી હોય અને ધુમાડાના ગોટેગોટા ઊડતા હોય તેવું દૃશ્ય થાય છે. પ્રાણીઓ જતાંજતાં પોતાની પાછળ ધુમ્મસના લીસોટા fog tails મૂકતા જાય છે, જે ઘણા વખત સુધી એમ ને એમ હવામાં રહે છે. ૬૦ ડિગ્રી કૃષ્ણતામાન હોય ત્યારે તો દોડતા પ્રાણીની પાછળ ઘાટા ધુમ્મસના લીસોટા હવામાં પડી જાય છે અને જાણે 'સ્મોકસ્ક્રીન' કરવામાં આવતો હોય તેમ લાગે છે. પ્રાણી ઊભું હોય તો તેના શરીરની ગરમીને લીધે એટલું બધું ધુમ્મસ તેને ઘેરી વળે કે ૧૦ ફીટ જેટલેથી તો તે દેખાય જ નહિ. વળી, શ્વાસોચ્છ્વાસથી પણ ધુમ્મસ જામી જાય છે અને જાણે વરાળયંત્ર ચાલતું હોય તેવું લાગે છે!

(૪) જલ્દી જામી જતા આ ધુમ્મસની ઉપાધિ ન હોય તો ઠંડા પ્રદેશોમાં ઘણેસુધી દેખી શકાય.(ઓછા)૫૦ ડિગ્રી કૃષ્ણતામાનવાળી હવામાં +(વત્તા) ૫૦ ડિગ્રીવાળી હવા કરતાં વસ્તુ ત્રણ ગણી વધારે મોટી લાગે છે. અને દૂરની પર્વત જેવી વસ્તુઓનો રંગ ભૂખરો-ભૂરો થતો નથી તેમજ તેની રેખાઓ પણ બગડતી નથી. ૨૦ માઇલ દૂરનો પર્વત ૧ માઇલ દૂરની ટેકરી જેવો જ દેખાય છે!

(૫) ઉત્તર ધ્રુવના પ્રદેશોમાં અમુક જગ્યાઓએ ઘણાં જ તોફાનો થયા કરે છે. સાધારણરીતે બધાની માન્યતા પણ એમ હોય છે કે ઉત્તરધ્રુવ એટલે બરફનાં તોફાનો અને ઠંડા સૂસવતા પવનોનો પ્રદેશ પણ આ સમગ્ર વિભાગને ધ્યાનમાં લેતાં દુનિયાના કોઇ પણ તેના જેવડા જ બીજા પ્રદેશ કરતાં ત્યાં ઓછાં તોફાનો થાય છે.

—વિજય પંડ્યા

પૅલેડિયમ-એક નવી ધાતુ

ઉત્તર અને દક્ષિણ અમેરિકામાંથી પ્લૅટીનમ અને સોના ભેગી પૅલૅડિયમ (Palladium) નામની એક નવી ધાતુ મળી આવી છે. આ ધાતુ ચળકાટમાં ચાંદી જેવી અને વજનમાં સીસા જેવી હોય છે. એને ઓગાળવા માટે લોઢાથી થોડીક જ વધુ ગરમી જોઈએ. એ

લગભગ લોઢા જેટલી જ મજબૂત પણ છે. ધાતુ તરીકે મે કીમતી ગણાય છે, કેમકે એના પર તેજાબોની અસર ખૂબ ઓછી થાય છે.

આ ધાતુનો ઉપયોગ ઘડિયાળનાં યંત્રોના ભાગો બનાવવામાં થાય છે; ઉપરાંત દાક્તરોના ઑપરેશનનાં હથિયારો અને રાસાયનિક સાધનો બનાવવામાં પણ થાય છે. એમાં એક ખાસ ગુણ એ છે કે અમુક સંજોગોમાં એ હાઈડ્રોજન વાયુને ચૂસી શકે છે, અને તે લગભગ પોતાના કદથી છસો ગણો! આ ગુણને લીધે રાસાયનિક પદાર્થોની બનાવટમાં એનો ઉપયોગ બહુ થાય છે. આ ધાતુનું નામ 'પૅલૅડિયમ' નામની ગ્રીક લોકોની રક્ષક દેવી ઉપરથી પડયું છે.

—શિવમ્ સુંદરમ્

દુનિયાનું નવું જંગી દુરબીન

દુનિયાનું જંગીમાં જંગી દુરબીન હાલ અમેરિકામાં તૈયાર થઈ રહ્યું છે, જે ૧૯૪૭ના જૂન લગભગ પૂરૂં થશે. કૅલિફૉર્નિયા યુનિવર્સિટી ઑવ ટેકનૉલૉજીએ ઇ. ૧૯૨૮માં તે બનાવવું શરૂ કરેલું, પણ યુદ્ધને લીધે એ કામ અટકેલું તે નવેમ્બર માસમાં ફરી શરૂ થશે. એ જંગી દુરબીન માટે કૅલિફૉર્નિયાના સાન ડાયેગો પરગણાના માઉન્ટ પૅલોમરના શિખર ઉપર ખાસ વેધશાળા બાંધવામાં આવી છે અને ત્યાં ૫,૫૬૦ ફૂટની ઊંચાઇએ એ શિખર ઉપર પહોંચતો નવ માઈલનો પાકો રસ્તો પણ તૈયાર થઈ ગયો છે.

અમેરિકામાં ખનીજ ખૂટ

અમેરિકાના આંતરિક ખાતાના મંત્રીએ નીચેના આંકડા બહાર પાડતાં જણાવ્યું છે કે યુદ્ધનો વિજય દેશને બહુ આકરો પડી ગયો છે. ઈ. ૧૯૪૦ના જાન્યુઆરીથી ૧૯૪૫ના ડિસેમ્બર સુધીનાં પાંચ વરસમાં અમેરિકાએ લડાઇમાં નીચે મુજબ ખનીજ પોતાના દેશમાંથી ખોદીને પૂરૂં પાડયું છે:

૩,૦૬,૧૦,૬૦,૦૦૦	ટન	કોલસો
૧,૦૦,૦૦,૦૦,૦૦૦	,,	પેટ્રોલ
૫૧,૬૧,૫૮,૫૦૦	,,	લોઢું
૬,૮૦,૦૦,૦૦૦	,,	મીઠું
૧,૭૧,૧૮,૦૦૦	,,	ગંધક
૧,૪૧,૬૯,૦૦૦	,,	બૉકસાઈટ
૫૦,૦૦,૦૦૦	,,	ત્રાંબું
૩૬,૪૨,૦૦૦	,,	જસત
૩૧,૫૫,૦૦૦	,,	પોટાસ
૨૨,૭૮,૦૦૦	,,	સીસું
૧,૧૨,૦૦૦	,,	મૉલીડેનમ
૨૦,૭૫૦	,,	ટંગસ્ટન

હવે દેશમાં માત્ર નવ જ ખનીજ એવાં છે કે જેનો જથ્થો ૧૦૦ વરસ ચાલશે. પણ એથીયે હરખાઈ જવાનું નથી; કેમકે તેમાં મિશ્રણ કરવાનાં બીજાં મદદનીશ ખનીજો ખૂટી પડયાં હોવાથી, જે છે તે પણ પાંગળાં થઇ પડે. મૅંગેનીઝ માત્ર બે વરસ ચાલે તેટલું, ટંગસ્ટન ચાર વરસ, વૅનેડિયમ સાત વરસ, ઊંચી જાતનું લોઢું બાવીસ વરસ અને બીજાં ઓગણીસેક ખનીજો પાંત્રીસ વરસ જ ચાલે તેટલાં છે. આ આંકડા આપીને તેણે દેશમાં ન થતાં જરૂરી ખનીજો આયાત કરીને સંઘરવાની, નવાં ક્ષેત્રો શોધવાની, અને ચાલુ માલસામાન કરકસરથી વાપરીને ભંગારનો ઉપયોગ કરવાની દેશને અપીલ કરી છે. (યુસિસ)

શિ. : તમે કયાં જનમ્યા હતા ?

વિ. : હિંદુસ્તાનમાં, સાહેબ.

શિ. : કયો ભાગ ?

વિ. : મારૂં આખું શરીર, સાહેબ.

આ માસ (એપ્રિલ) ઈતિહાસમાં

તા. ૧ બનારસ હિંદુ યુનિવર્સિટીની સ્થાપના, ૧૯૧૬

તા. ૬ અમેરિકન નૌ-અફસર પીઅરીએ ઉત્તરધ્રુવ સર કર્યો, ૧૯૦૯

તા. ૯ જગવિખ્યાત હબસી ગાયક પોલ રોબસનનો જન્મ, ૧૮૯૮

તા. ૧૨ ઇંગ્લંડનો રાષ્ટ્રધ્વજ યૂનિયન જૅક યોજાયો, ૧૬૦૬

તા. ૧૪ અમેરિકાના મહાન પ્રમુખ અબ્રાહમ લિંકનનું ખૂન, ૧૮૬૫

તા. ૧૭ બાજીરાવ પહેલા પેશ્વા તરીકે મહારાષ્ટ્રની ગાદીએ આવ્યો ૧૭૨૦

તા. ૧૯ સ્વાશ્રયે ઊંચે ચડી શ્રીમંત થનાર પહેલા પારસી બૅરોનેટ સર જમશેદજી જીજીભાઇનું અવસાન, ૧૮૫૯.

તા. ૨૧ બાબર પક્ષે વિજય આપનારૂં પાણીપતનું પહેલું યુદ્ધ, ૧૫૨૬

તા. ૨૩ ઈસ્ટઇંડિયા કંપનીના સેનાપતિ ચૅમ્પીઅને બેગુનાહ રોહિલાઓને બરેલી નજીક હરાવી રોહિલખંડ કબજે કર્યો, ૧૭૫૭

તા. ૨૯ હિંદી વિપ્લવદળની વિપ્લવવાદની પહેલી ઘોષણા, ૧૯૦૮

આ માસની વ્યક્તિવિશેષ



લેનિન

ઝારશાહીના જુલ્મી પંજામાંથી રશિયાને મુક્ત કરીને ત્યાં પ્રજા-રાજ્ય સ્થાપનાર અને મૂડીવાદનો નાશ કરીને સમસ્તપ્રજાવર્ગને એક જ જીવન ધોરણ પર મૂકનારી એક અનન્ય પ્રબળ રાજકીય ફિલસૂફીને જગતમાં અવતારનાર, રશિયન ક્રાંતિના સર્જક અને નૂતન રશિયાના આ ભાગ્ય વિધાતાનું ખરૂં નામ તો વ્લાડીમીર ઇલીચ ઉલ્યાનૉવ. લેનિન એ ધારણ કરેલું નામ છે. સિમ્બર્સ્ક ગામમાં ઈલ્યા નિકૉલાઈ વિચ નામના એક શિક્ષક પિતાને ત્યાં, ૧૮૭૦ના એપ્રિલની ૧૦મીએ, છમાંના ત્રીજા સંતાન તરીકે એનો જન્મ થયો. વિદ્યાર્થીકાળમાં જ શાળાના અધિકારીઓ સામેની ઝુંબેશમાં એ અગ્રણી બનેલો. ૧૮૮૭માં શાળામાંથી સુવર્ણ-ચંદ્રક સાથે ઉત્તીર્ણ થઇ કાયદાના અભ્યાસ માટે એ સેઈન્ટ પીટર્સબર્ગ ગયો, જ્યાં ફરી વિદ્યાર્થી ચળવળમાં ભાગ લેવા માટે સાઈબીરિયામાં એક વર્ષની હદપારી મળી. ૧૮૯૨માં અભ્યાસ પૂરો કરી વકીલાત શરૂ કરી, પણ માકર્સવાદના અભ્યાસ ને તેને અમલી બનાવવાના આયોજન તરફ તેનું વલણ વધતું ગયું; એટલે ૧૮૯૪માં વકીલાત છોડી એ કાર્યને જીવન સમર્પણ કર્યું અને ૧૮૯૫માં ગેરકાયદે મજૂરસંઘની સ્થાપના કરી, જેને પરિણામે એક વરસની કેદ અને ત્રણ વરસની હદપારી મળી. ત્યાંથી પાછા આવી એણે પોતાની વફાદાર સાથીદાર ક્રૂપ્સકાયા સાથે લગ્ન કર્યું અને ૧૯૦૦માં સ્વિટ્ઝર્લાંડમાં જઈ 'ઈસ્ક્રા' (ચિનગારી) નામનું પત્ર શરૂ કરી તે દ્વારા ઝારશાહી સામે જેહાદ જગાવી. પરિણામે ૧૯૦૫માં રશિયામાં એક નાની ક્રાંતિ થઈ, પણ તે નિષ્ફળ ગઈ. ફરી તેણે દેશવટો લીધો અને પોતાની ઝુંબેશ ચાલુ રાખી. અંતે ૧૯૧૭માં પહેલું મહાયુદ્ધ પૂરૂં થતાં થતાંમાં આખરી તબક્કો આવી પહોંચ્યો ને પોતાના સાથીદાર ટ્રૉટ્સ્કીની મદદથી, પોતે દેશવટા દરમ્યાન યોજેલા ઉગ્ર બોલ્શવિક પદ્ધતિના લોકરાજ્યની સ્થાપના કરી, અને લોકસભાએ તેને પ્રમુખ ચૂંટયો. તે પછી રશિયાના નૂતન સર્જન માટે એણે જે અથાક પરિશ્રમ ખેડયો તેને લીધે એની તબિયત ભાંગી પડી અને ૧૯૨૪ની ૨૧મી જાન્યુઆરીએ એ અવસાન પામ્યો. લેખક, તત્ત્વજ્ઞ, રાજનીતિજ્ઞ અને મહાન ક્રાંતિયોજક તરીકે દુનિયાભરના સમર્થ પુરુષોમાં એની ગણના થાય છે.

હર્ષ ને શોક, પ્રકાશ ને અંધાર સદ્‌ગુણ દુર્ગુણ, હો સખી !
શ્વેત પટે એમ શ્યામલ માંડી બ્રહ્માંડકેરી કથા આ લખી.

— કવિ નાનાલાલ

ગોવર્ધનરામભાઇને એક વાર ચન્દ્રશંકર પંડયાએ વાતચિતમાં કહ્યું, 'આપના સરસ્વતીચન્દ્ર જેવો ગ્રંથ ગુજરાતી સાહિત્યમાં થયો નથી ને થવાનો પણ નથી.' આ સાંભળીને ગોવર્ધનરામભાઇએ ઠપકાના સ્વરે કહ્યું 'તમે ગુજરાતી સંસ્કૃતિનું અપમાન કરો છો. મારા પુસ્તકથી જ શું ગુજરાતની શક્તિ થંભી જવાની છે? ભવિષ્યમાં મારાથી ઘણા યે ચડિયાતા સાહિત્યકારો પાકશે. મને મારા ગુજરાતમાં પૂરી શ્રદ્ધા છે.'

કહેવતોના અર્થ: 'ઘરકી મુરઘી દાલ બરાબર.'—અતિ પરિચયમાં કે ઘણા નિકટ રહેવાને કારણે માણસ કે સ્થાનનું ગૌરવ ઘટી જાય છે, અને તેમાં ખરૂં મહત્ત્વ હોય તોપણ સાચી કિંમત અંકાતી નથી, એ દર્શાવતી આ કહેવતનો વાચ્યાર્થ એવો છે કે પોતાના ઘરની જ ઉછરેલી મુરઘી હોય તેનું ઘરધણીને કાંઇ મૂલ્ય ન હોય અને ચાહે ત્યારે તેને દાળની માફક ખોરાકના ઉપયોગમાં લઇ લે. એને મળતી બીજી કહેવતો: 'ગામનો જોગી જોગટો, ને પરગામનો સિદ્ધ'; 'ગામની છોકરી, ને પરગામની લાડી'; 'ઘરના પીરને તેલનો મલીદો'; 'આઘેનાને તેડતેડ, પાસેનાને છેડછેડ'; 'અતિ પરિચયાદવજ્ઞા ભવતિ' 'કજીયો કોયડો કોડીમૂલો'; 'ગોલાંને દરબાર; ઢીંચણ સમો' વગેરે.

અનેકાર્થી શબ્દ: **સાખ**=સાહેદી કે સાક્ષી; ઝાડ ઉપરજ પાકેલું ફળ; બારણાના ચોકઠાના ઊભા ટેકા; બારસાખ અથવા આંગણું. **શાખ**=અટક; આબરૂ અથવા વટ; સાક્ષી.

ગણિતગમ્મત: ૨ અને ૩ એ જેમ પાસપાસેની સંખ્યા છે તેમ $૨^{૩}$ અને $૩^{૨}$ એ પણ પાસપાસેની સંખ્યા થાય છે જુઓ: $૨^{૩}=૮$ અને $૩^{૨}=૯$.

—મ. ના. ખત્રી.

ચડઊતર કદના મણકાના કે મોતીની માળાનો દોરો તૂટી જતાં તેને ફરી પરોવવી હોય ત્યારે મોતીનાં કદ તેના યોગ્ય ક્રમમાં કાળજીથી ગોઠવવાં સરળ થાય તે માટે, પૅકિંગમાં આવતાં 'કોરૂગેટેડ પૂઠાં'નો ઉપયોગ સચોટ કામ આપશે. પૂઠાના એ ખાંચાઓમાં મોતીને ગોઠવતા જવાથી રગડી નહિ જાય અને ક્રમવાર ગોઠવવામાં જે હેરફેર કરવી પડે તે એને લીધે સરળ થઈ પડશે.




પાંચમા સદીના અંત (૪૯૦)માં હૂણોનું હિંદમાં આક્રમણ થયું ને ગુપ્ત વંશનો ધીમે-ધીમે અસ્ત થયો ત્યારથી તે ૧૨મી સદીના અંતમાં મુસલમાનોનું ટોળાંબંધ આક્રમણ થયું ત્યાં સુધીનો હિંદનો ઈતિહાસ લગભગ અંધારો છે. ૭૦૦ વર્ષનો એ સંક્રાંતિયુગ જોકે અનેક શક્યતાઓથી ભરેલો હતો, છતાં કાન્યકુબ્જના મહારાજ હર્ષવર્ધનના અપવાદ સિવાય ખાસ પ્રતાપ વિહોણો હતો. આ યુગનો મુખ્ય બનાવ તે રાજપુતોનો ઉદ્‌ભવ. તેમના શરૂના ભાગમાં હૂણો અને સાસાનીદોના સિક્કાઓ જેવા પણ બેડોળ રૂપના સિક્કાઓ તેમણે પાડેલા અને તેનું અત્યંત વિકૃત રૂપ જે 'ગધૈયા' (ગધેડાના માથાંની હોય તેવી છાપવાળા)ના નામે મશહૂર છે, તે તો મોટી સંખ્યામાં રાજપૂતાના અને ગુજરાતમાંથી મળી આવે છે. લગભગ છઠ્ઠીથી તે આઠમી સદી સુધીના લાંબા કાળ લગી સમસ્ત ઉત્તર હિંદમાં પ્રચલિત આ સિક્કાનો નમૂનો ઉપર આપ્યો છે, જેમાં એક બાજુએ રાજાના મુખના વિકૃત આલેખન અને બીજી તરફ યજ્ઞવેદીની આકૃતિના અવશેષો છે.

બારીબારણાંની સુકાઈ ગએલી લાંપી ન ઉખડતી હોય તો કૉસ્ટિક સોડાના મિશ્રણનું પોતું મારવું. એકાદ કલાક બાદ તે નરમ પડી ગએલી જણાશે ને તરત ઊખડી આવશે.

પોતાની જાતને જાણવી એ એક વસ્તુ છે, એને સુધારવી એ તદ્દન જુદી જ પ્રક્રિયા છે. ઘણા માણસો પોતાની નબળાઇ જાણી શકયા છે; પણ એને સુધારનારા હમેશાં વિરલ જ રહ્યા છે.

—ધૂમકેતુ

બે ટંબલર એકબીજામાં ચોંટી ગયા હોય તો બહારનો ટંબલર ગરમ પાણીમાં મૂકવો અને અંદરના ટંબલરમાં ઠંડું પાણી ભરવું. એથી છુટા પડી જશે.




દૃષ્ટિફેરની ગમ્મત: જોડેનું ચિત્ર બે રીતે દેખાશે: એક તો કોઈ ઉઘાડી ચોપડીની પીઠ તમારી તરફ રાખી હોય ને ચોપડીનો ખુલ્લો ભાગ પાછળ હોય; અને બીજું એ રીતે, કે ચોપડી તમારી સન્મુખ ખુલ્લી ઊભી હોય.

પૃથ્વીની સપાટી પર જેટલું પાણી છે તે બધું ભેગું કરીને તેનો એક થાંભલો સૂર્ય સુધી પહોંચે તેવડો (૯ કરોડ ૩૦ લાખ માઈલ લાંબો) રચવામાં આવે તો એ થાંભલો અઢી માઈલના વ્યાસની જાડાઇનો થાય!

આલાસ્કામાં થતી યુલેકોન નામની ખોરાકી માછલીમાં એટલું બધું તેલ હોય છે કે ત્યાંના વતનીઓ તેમાં દીવેટ પેસાડીને મીણબત્તીની પેઠે વાપરી શકે છે!





કુવારો બનાવો: (ચિત્ર ૧) મોટા મોંની એક શીશીમાં ¾ ભાગ પાણી ભરીને તેના બૂચ સોંસરૂં કાણું પાડી, તે સોંસરી કાચની નળી, કે મજબૂત ભૂંગળી પાણીમાં ડુબાડો. પછી બ્લૉટિંગ પેપરનો ઠીકઠીક કદનો ટુકડો પાણીથી ભીંજવી તેના ઉપર શીશી મૂકો. હવે કાચની એક બરણીને દેવતા આગળ ધરીને રહેજસાજ ગરમ કરી પેલી શીશી ઉપર ઊંધી ઢાંકીને બ્લૉટિંગ ઉપર મજબૂત રીતે દબાવી દો (ચિત્ર ૨), એટલે થોડી મિનિટ બાદ (ચિત્ર નં. ૩માં બતાવ્યા મુજબ) નળીમાંથી પાણી ફુવારા માફક ઊડવા લાગશે.





ડાબી બાજુ : ખાંભીના સ્થાપત્યનો એક વિશિષ્ટ નમૂનો સાતપુડાની એકદુર્ગમ ખીણમાં, સુરપાણની દક્ષિણે દસ માઇલ ઉપર, સાતપુડાના ત્રીજ નંબરના શિખર ધામણગાલની છાંયમાં દેવ નદી નામની નદીએ આઠેક ચોરસ માઈલના વિસ્તારનો એક સુરમ્ય પ્રદેશ રચી કાઢ્યો છે. ત્યાં આજથી હજારેક વર્ષ પર એક પાટનગર વસેલું. તેના પર સાતસોએક વર્ષ પર, વિક્રમની ચૌદમી સદીમાં, થએલા આક્રમણમાં ગરાએલા વીરો અને રાજવીઓના સ્મરણમાં જે ખાંભીઓ ઊભી કરવામાં આવેલી તેનો એક નમૂનો આ સામે આપ્યો છે. પાળિયા રૂપે કરવામાં આવતી ખાંભીનો આ પ્રકાર તદ્દન નવો અને વિશિષ્ટ એટલો જ રૂપસુંદર છે. ઘોડેસવાર યોદ્ધાના સ્મરણ-પ્રતીક ઉપરાંત તેનો આકાર, સંયોજન અને કોતરણી, બધું ઉચ્ચ કલાનું દ્યોતક છે. **(અમૃતલાલ વ. પંડ્યા)**





ઉપર: 'ગ્રામજીવન'–ફોટો: હીરાલાલ ભટ્ટ (જુઓ ફોટો હરીફાઈનું પરિણામ) ડાબી બાજુ :ઉપલી બેહાર–આઝાદ હિંદ ફોજની ટિકિટો; નીચલી બે હાર : વિવિધ દેશના તારણહારો : ફ્રાંકલિન, વૉશિંગ્ટન, લિંકન, સુનયાટસેન, લેનિન અને કમાલપાશા.જમણીબાજુ: **કેળવણી કાર્ટૂનઃ** પ્રાથમિક શિક્ષણ ને શિક્ષકોની પરિસ્થિતિ પર વ્યંગ કરતા આ કટાક્ષચિત્રમાં મનમાં અનેક ઉચ્ચ આદર્શો ધરીને અધ્યાપનકાર્ય કરવા ઈચ્છતા શિક્ષકને, હલકાં પગારધોરણોને લીધે જે આર્થિક ચિંતા ભોગવવી પડે છે તેનું એમાં આલેખન છે.